



કુમાર

સંસ્થાપક - સ્વ. હ. મ. રાવળ
વર્ષ ૫૫મું · અંક ૮મો
ઑગસ્ટ ૧૯૭૮
સળંગ અંક
૬૫૬

તંત્રી
બચુભાઈ
રાવત



ઢોરબજાર - કલાકાર: વાસુદેવ સ્માર્ત (જુઓ આ અંકની 'કલાવાર્તા'માં ચિત્રપરિચય) બ્લૉક: માહિતીખાતું, ગુજરાત રાજ્યના સૌજન્યથી



કુમાર

ઑગસ્ટ ૧૯૭૮ • અંક ૬૫૬

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

કાકીડો–સરડો

'કુમાર' ૬૪૯, ૬૫૧, ૬૫૫: 'ફ્રેન્ચ નહિ'–એવું અસન્દિગ્ધ વિધાન મેં નીચેના ગ્રંથોના આધારે કરેલું:

Jaeger, 1947: A Source-Book of Biological Names and Terms.

Encyclopaedia Britannica, 1959, Vol. 5.

Webster's International Dictionary, 1961, Vol. 1.

Oxford English Dictionary, 1933, Vol. II, P.258

આમાં OED એ તો, સને ૧૩૪૦ થી સને ૧૮૯૮ના ગાળામાં Chameleon શબ્દની ભિન્ન ભિન્ન સ્વરૂપે અને વિવિધ પ્રસંગે અંગ્રેજી ભાષામાં થયેલી વપરાશની દોઢ કૉલમ જેટલા વિસ્તારમાં ૧૪૦૦થીય વધારે શબ્દોમાં વિશદ વિચારણા કરી છે, છતાં એમાં કોઈ સ્થળે એ શબ્દ ફ્રેન્ચ ભાષા દ્વારા અંગ્રેજીમાં ઊતરી આવ્યાનો ઈશારો સરખો ય કર્યો નથી; પણ શ્રી ભાયાણી છે શબ્દસ્વામી અને હું રહ્યો નિરક્ષર, એટલે એમનું કથન હું નિઃસંકોચ સ્વીકારું છું.

વળી 'વૈજ્ઞાનિક-શાસ્ત્રીય હકીકતની સાથે લોકપ્રચલિત ભાષાપ્રયોગોને સંબંધ હોય જ...' એવો આગ્રહ પણ મેં રાખ્યો નથી. મારો ઉદ્દેશ તો 'કાકીડો' ને 'સરડો' નામથી ઓળખાતાં પ્રાણીઓ ભિન્નભિન્ન જાતિનાં છે, એટલું દર્શાવવા પૂરતો મર્યાદિત હતો. જો કે મારે જણાવવું જોઈએ કે કોયલ, મેનાં જેવાનાં લિઙ્ગ વિષયમાં જોવામાં આવતા લોકવ્યવહાર પેઠે, કાકીડો ને સરડો પર્યાય ગણાય અને એની પાછળ ઘણી પ્રાચીન ('નિઘણ્ટુનિરુક્ત'માં આ શબ્દો નથી પણ શુક્લ યજુર્વેદ ૨૪. ૪૯માં कृकलास નો ઉલ્લેખ છે અને ઉવટ અને મહીધરના મતે એનો અર્થ 'सरटः' થાય છે) પરંપરાનું અસ્તિત્વ હોય એટલા કારણથી એ માન્યતા 'અભ્રાંત' ગણાય નહિ. પ્રત્યક્ષ પ્રાણિવનસ્પતિપરિચયથી વંચિત સંસ્કૃત કોશકારો અનેક પ્રસંગે લોકમાન્યતા ('વ્યવહાર')ને પ્રમાણ ગણી શબ્દોના ખોટા અને બેહૂદા અર્થો આપે છે તદપિ આવી પરિસ્થિતિથી સભાન એવા કતિપય ટીકાકારો—ક્વચિત્ ગ્રંથકાર સ્વયં—પ્રાણીઓ આદિના યથાર્થ પરિચયાર્થે અન્યત્ર માર્ગદર્શન મેળવી લેવાનું મુક્ત કંઠે સૂચવે છે (યથા ડલ્હણ: लोकादवगन्तव्याः। नानादेशीयलोकतो ज्ञेयाः। મહીધર: येषामारण्यजीववाचिपदानामर्था न ज्ञायन्ते ते...आटविकेभ्यः...लक्षणीयाः। વરાહમિહિર: एवं देशे देशे तद्विद्भ्यः समुपलभ्य नामानि। આદિ.) અને કેવળ દીર્ઘ પરંપરાનો આશ્રય લઈ 'ભ્રાન્ત' માન્યતાનું પ્રામાણ્ય સ્વીકારતા નથી.

કોયલ ને સૂડો (લોકગીત) તેમ જ પોપટ ને સારિકા (કાદમ્બરી) વચ્ચે વિવાહસંબંધની વ્યવહૃત થયેલી માન્યતાનો વિચાર બાજુએ રાખી, પરંપરાગત માન્યતા કેટલી હદે પહોંચે છે એનો એક જ દૃષ્ટાંત આપું. સંસ્કૃત શબ્દ गौधेरक = 'ઘોનું બચ્ચું' લ્યો. અમરકોશ (૨. ૫. ૬) એના ત્રણ પર્યાય આપે છે: ગૌધાર, ગૌધેર, ગૌધેય. ટીકાકાર ભાનુજી દીક્ષિતના મતે આ ત્રણે सर्पाद् गोधायां जातस्य 'चन्दनगोहा' इति ख्यातस्य–અર્થાત્ સાપ ને ઘોના સંયોગથી ઉત્પન્ન થયેલા 'ચંદન ઘો'નામે જાણીતા પ્રાણિવિશેષના વાચક પર્યાયો છે. ટીકાકારનું આ કથન આવી કોઈ માન્યતા ઉપર આધારિત છે: 'कृष्णसर्पेण गोधायां भवेद् यत्तु चतुष्पदः। सर्पो गौधेरको नाम तेन दष्टो न जीवति॥'

–તન્ત્રાન્તરે (ડલ્હણે गौधेरक શબ્દની વ્યાખ્યાના અનુસંધાનમાં ટાંકેલું વચન)

પરંપરાગત આ માન્યતાની વિચિત્રતા તો જુઓ. સાપને પગ હોતા નથી જ્યારે ઘોને ચાર પગ હોય છે, છતા એ બે વિભિન્ન જાતિનાં પ્રાણીઓના અત્યંત અસંભવિત જાતીય સંયોગથી જન્મ પામે છે સાપ: તે પણ ચાર પગવાળો અને ભયંકર વિષધર! નવાઈની વાત એ છે કે લોકવ્યવહારના 'ચંદન ઘો' નામવાળા આ અપૂર્વ પ્રાણીનું અસ્તિત્વ આજે પણ, ઉત્તર ગુજરાતના મારા વતનમાં સર્વત્ર સ્વીકારવામાં આવે છે છતાં કયું પ્રાણી છે, એ કોઈ જાણતું નથી. 'ચંદન ઘો'ની વાતો કરનાર કેટલાય ઘો પકડવામાં નિષ્ણાતોને જીવતી કે મરેલી 'ચંદન ઘો' લાવી આપવાનાં અનેક પ્રલોભનો મેં આપેલાં પણ કોઈ વિરલો એ લેવા નીકળ્યો નથી. એક પ્રસંગે, મને ભોટ ગણીને, એક વાઘરી કાળાશપડતા દેહવાળી 'ચંદન ઘો' લાવેલો, પણ એ તો નીકળ્યું પાટલા ઘોનું અલ્પવયસ્ક બચ્ચું: જે બચ્ચાં ચોમાસામાં ખાબોચિયામાં છૂટથી વિહરતાં નજરે પડે છે.

પરંપરાથી ચાલતી આવેલી લોકમાન્યતા ક્વચિત્ કેવી પોકળ હોય છે, એનું આ નિદર્શન.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

વાડ

'કુમાર' ૬૫૦: આ શબ્દની ચર્ચા અંગે આમ કહેવાયું છે: ''વાડ'ના અર્થમાં वाटी શબ્દ જૂના સંસ્કૃત સાહિત્યમાં નથી મળતો. પ્રાકૃત वाडी ઉપરથી સંસ્કૃત वाटी ઘડી કહાડયો છે...સંસ્કૃત वृ...પરથી બનેલા वार्त्र...નામનું પ્રાચીન પ્રાકૃત સ્વરૂપ वाट, તે પરથી वाड.'

આના અનુસંધાનમાં નીચેનું અવતરણ સહાયક નીવડશે.

વ્યાકરણ–મહાભાષ્ય (નવાહ્નિક)

(નિ. સા. ૧૯૫૧), પૃષ્ઠ ૨૩૪.

'अस्ति वाटपरिक्षेपो वर्तते...।' એના ઉપર उद्योतः–'वाटपरिक्षेपो नाम शालासमुदायरक्षणाय सर्वतो मार्गप्रतिरोधकम् यत्परितः क्षिप्यते तदुच्यते।'

वाट = વાડ? મહાભાષ્ય રચનાકાલ: ઈ. સ. પૂર્વે ૧૫૦.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

સમરાંગણસૂત્ર

અંક ૬૫૩, પૃ. ૧૬૬: પ્રો. રાંકની વાર્તામાં 'સમરાંગણસૂત્રમ્' નામના સંસ્કૃત ગ્રન્થની કાલ્પનિક હસ્તિ દર્શાવી છે. આપને જાણીને નવાઈ લાગશે કે વડોદરાની ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝમાં ભોજપ્રણીત 'સમરાઙ્ગણસૂત્રધાર' નામનો સંસ્કૃત ગ્રંથ પ્રસિદ્ધ થયો છે (હાલ બીજી આવૃત્તિ પણ ઉપલબ્ધ છે), પણ આ ગ્રન્થ વાસ્તુશિલ્પાદિ વિષયનો છે, શસ્ત્રાસ્ત્રની પ્રક્રિયાનો નથી.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

સાગ્બ-લક્ષ્મણા

દ્વારકાથી આઠ કિ. મી. દૂર બરડિયા ગામ પાસે 'સાગ્બ-લક્ષ્મણા'નું મંદિર આવેલું છે. અહીં બે ભગ્ન મંદિરો જોવા મળે છે, પરંતુ આ બે મંદિરોમાંથી કયું સાગ્બનું ને કયું લક્ષ્મણાનું છે એ કોઈ વિદ્વાને દર્શાવ્યું નથી. હાલ જે સ્થાનમાં મંદિરો ઊભાં છે તેનો વિચાર કરતાં તેમાંના એક મંદિરમાં કોઈ જ સ્પષ્ટ અવશેષોની નિશાની જોઈ શકાતી નથી. બીજા મંદિરમાં ત્રણે બાજુ લક્ષ્મી સહિત વિષ્ણુ-પ્રતિમાઓ બિરાજમાન છે. આ ઉપરાંત આ મંદિરના ભદ્રગવાક્ષમાં પણ વિષ્ણુ પ્રતિમાઓ છે. મંદિરના પ્રવેશદ્વારના એક સ્તંભમાં શિલાલેખ છે, પરંતુ એ ઉકેલી શકાતો નથી. અમુક વિદ્વાનો આને શાક્તપીઠ કહે છે. અમુકનો મત છે કે એ વિષ્ણુ મંદિર છે. મંદિરમાં ચારે બાજુ જોવા મળતી વિષ્ણુ-પ્રતિમાઓ પરથી મને એ વિષ્ણુ-મંદિર જ લાગે છે. આ મંદિરનો ઘણો કાટમાળ બાજુના ખૂણામાં પડેલો છે.

પૂર્વ તરફના મંદિરની પીઠિકા જૂની છે જ્યારે તેની ઉપર બંધાએલા મંદિરમાં જૂના અવશેષો ક્યાંક ક્યાંક ચણી લેવાએલા છે. આના પરથી અનુમાન કરી શકાય છે કે આ બંને મંદિરો સમકાલીન છે.

'દ્વારકાથી દોઢ ગાઉ રામલક્ષ્મણનું મંદિર છે, ત્યાં મહાપ્રભુજીની બેઠક છે' (ઐતિહાસિક સંશોધન લે. દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ૧૯૪૧, પૃ. ૬૦૯) આવો ઉલ્લેખ જોવાનો મળે છે, પરંતુ ખરી રીતે આ વિષ્ણુ મંદિર જ લાગે છે. આમાં યે 'મહાપ્રભુજીની બેઠક છે' એમ દર્શાવાયું છે તે ખોટું છે, કારણ કે અહીં મહાપ્રભુજીની બેઠક નહિ પણ ગુંસાઈજીની બેઠક છે.

અનેક વિદ્વાનોએ 'સામ્બ લક્ષ્મણા' મંદિર વિષે લખ્યું છે. છતાં હવે પુરાતત્ત્વવિદો આ તરફ પોતાનું ધ્યાન દોરશે તો વધુ ગમશે.

(દ્વારકા) —કમલેશ વિસાણી

આકાશ-નકશામાં દિશાઓ

૬૫૨મા અંકના પાન ૧૫૨ પર 'આકાશ દર્શન'માં બે આકૃતિઓ આપી છે. તેમાં ડાબી બાજુની આકૃતિમાં દિશાસૂચક ક્રૉસ બતાવ્યો છે. તેમાં ઉપર ઉત્તર અને નીચે દક્ષિણ બતાવ્યું છે તે બરાબર છે, પણ પૂર્વ ડાબી તરફ શા માટે? અને પશ્ચિમ જમણી તરફ શા માટે? ઉપર ઉત્તર હોય, અને નીચે દક્ષિણ હોય તો પશ્ચિમ દિશા ડાબી તરફ બતાવવી જોઇએને?

આ છાપભૂલ છે કે ખગોળશાસ્ત્રની આકૃતિ કોઈ ખાસ અર્થ રહેલો છે? ખુલાસો આપશો તો આનંદ થશે.

(મુંબઇ) —ભૂપત નાનસી

[* આકાશના નકશાઓમાં દિશાસૂચન આ રીતે કરવાનું સકારણ છે. આ નકશા આકાશદર્શન કરતી વેળા માથા પર ધરી રાખીને જોવાનું વધુ અનુકૂળ પડે છે. આપ ઉત્તર દક્ષિણ એ રીતે નકશો ધરીને જોશો તો પૂર્વ-પશ્ચિમ દિશા બરાબર આવી રહેશે.]

∽

મે અંકમાં માધુકરી વિભાગમાં ગાજર વિષેના લેખમાં રહેલી ભૂલ પ્રત્યે આપનું ધ્યાન દોરું છું. ગાજરમાં કેટોરિન નહિ પરંતુ 'કેરોટિન' (carotene) નામનું તત્ત્વ છે જેમાંથી વિટામીન 'એ' બને છે. 'કુમાર'ની હું વર્ષોથી ચાહક છું પરંતુ આ ભૂલથી એક ખટકો લાગ્યો છે. તે છાપભૂલ હોય કે લેખકની ભૂલ, પરંતુ સામાન્ય માણસ તો તેને સાચું જ માનવાનો.

(વડોદરા) —હર્ષિદા

∽

'ઑલિમ્પિક અને ભારત' વિષયક લેખોની જે સ્પર્ધા લાયન્સ કલબ (અંધેરી)ની સ્પેશિયલ પ્રોજેક્ટ કમિટીએ યોજી હતી તેમાં 'કુમારે' આપેલા સહકાર બદલ આભારી છીએ. આ સ્પર્ધા માટે ઠેરવેલાં પારિતોષિકોની રકમમાંથી, આવેલા લેખોના લેખકોને પુરસ્કાર મોકલી અપાયા બાદ બચેલી રકમ (રૂ. ૫૦/–) આપે તૈયાર કરાવેલા લેખના લેખકને અમારા વતી પુરસ્કાર તરીકે આપવા વિનતિ.*

—અરવિંદ એમ. શાહ, ચેરમૅન, સ્પેશિયલ પ્રોજેક્ટ કમિટી, લાયન્સ કલબ, અંધેરી

[* આ રકમ એ તારવણીલેખ તૈયાર કરનાર બિહારીલાલ ટાંકને આપી છે.]

ઉગમણા પહાડોનું આથમણું દર્શન

જયન્ત પાઠક

• શિખરિણી-સૉનેટ •

તમારાથી ઊંચે ચઢતી ક્ષિતિજો પૂર્વભણીની
મને યાદા'વે છે ભરચક ભુરાશો અટવીની;
પલાંઠીએ બેઠા અડગ લઈ માથે ગગનને
ભરેલા વર્ષાના ઘન તણી જટા વ્યસ્ત પવને
તમે પ્હાડો; પૂછું કદી સ્મરણમાં હું દૂકું છું કે?
ભૂરા પ્હાડો, મારી પગલી તમ પીઠે હજી ય કે?
તમે વ્હાલા પ્હાડો ખીણકુહર એકાન્ત ગભીરે
રહ્યા છો કે રાખી મુજ શિશુ તણા બોલ પડઘા?

તમારાં તે ધીંગાં અચલ ચરણોએથી નીકળી
હું તો નાનાશા કો ઝરણ સહ વ્હેતો ક્રમશઃ
વળાંકો લેતો બે તટસ્થિત અરણ્યો ગજવતો
નદી રૂપે પ્હોળે પટ નિજ તરંગે ઊછળતો
પહોંચ્યો છું આવી જલધિતટની સાવ નિકટ;
મહામોજાં સામે – નીરખું તમને પ્હાડ ખડક!

બ્હાનું / દેવજી રા. મોઢા

• પૃથ્વી સૉનેટ •

તને પ્રથમ નીરખી જવ પડોશીને ઓટલે
રમી રહી હતી તું બેનપણી સંગમાં, પાંચીકા
ઉછાળી પડવા દીધા વગર ભોંય પે, મોર શી
પ્રલંબ કરી ડોકને અગર કેડથી ઊપલા
બધા અવયવો છૂટા મૂકી, રતુંબડી હાથની
હથેળી જમીને પછાડી, ઝીલી લેતી તું ખોબલે!

તને નીરખી આજ મેં ફરી પડોશીને ઓટલે,
પરન્તુ રમતી ન'તી; બની હતી હવે પુખ્ત તું;
જરી નીકળી – છોકરીઉં રમી રહે 'તી ત્યાં પાંચીકે
—કદાચ રમનારીઓ મહીં હશે ય તારી સુતા—
અને રસ પડ્યે નિરીક્ષણ કરંતી ઊભી હતી.
ત્યહીં જ સહસા ઊઠી સળવળી તુંમાં કન્યકા
અને તરત પાંચીકા લઈ કરે, કરી તેં દીધું
ફરી રમવું યે શરૂ – શીખવવાનું બ્હાનું મળ્યે!

કાગડો બોલ્યો / મનહર જાની

• ગાન •

સાંવ અવાચક ફળિયાની છાતીમાં વાગી ફાંસ કાગડો બોલ્યો,
વંડી પરથી ઊતરી આવ્યા રણઝણતા અજવાસ કાગડો બોલ્યો.

બારસાખની આંખે થરક્યાં પગલાં રાતાંચોળ કાગડો બોલ્યો,
બળબળતે વગડે વા વાયા સૈયર ટાઢાબોળ કાગડો બોલ્યો.

હે...ય ઢોચકી ફૂટી–તાવડી હસી–પડ્યો ઓબાળ કાગડો બોલ્યો,
સાવ અચિંતી ફરકી ડાબી આંખ કે શુકનિયાળ કાગડો બોલ્યો.

આણાના રંગીન ઢોલિયે ફૂટી ઝમરખ પાંખ કાગડો બોલ્યો,
ઝબકી ઊઠી રામણદીવડે વળી ગએલી ઝાંખ કાગડો બોલ્યો.

છલ્લક છલ્લક શ્વાસે શ્વાસે આષાઢી અવસાદ કાગડો બોલ્યો,
ભરઉનાળે મારામાં વરસાદ અરૂરૂરૂ વરસાદ કાગડો બોલ્યો.

ℂ ઉગમણા પહાડોનું આથમણું દર્શન : કાવ્યનાયકને પહાડો સાથેનો શૈશવ-સંપર્ક યાદ આવી જાય છે, ને એની સાથે રચાઈ આવે છે નાટ્યોક્તિ. પ્રથમ કડીમાં જ પહાડોને પોતાની શિશુપગલીઓ, પડઘા આદિની યાદ આપી રહે છે. કદાચ એ રીતે કાવ્યનાયક પોતે ય એ માણી લે છે! બીજી કડીમાં છે કાવ્યનાયકની પ્રવર્તમાન સ્થિતિનું વર્ણન. પહાડી ઝરણું જેમ સિંધુના મહા મોજાં સામે જઇને ઊભું રહે તેમ કાવ્યનાયક શૈશવમાંથી પાંગરતો–વિકસતો કોઈ વિરાટ સમય-સાગરને તટે આવીને ઊભો રહી જાય છે! શૈશવથી જીવનસંધ્યા સુધીનાં સ્મરણો કહેતું, પ્રકૃતિથી આરંભાઈ ગહનાનુભૂતિમાં વિરમતું સૉનેટ. ℂ બ્હાનું : સૉનેટના પ્રથમ ષટ્કમાં એક પરિચિતા કન્યાનું કૂકા રમતી વેળાનું હૂબહૂ શબ્દચિત્રાંકન થયું છે. પછીના અષ્ટકમાં એ કન્યા વયે વધી છે ત્યારે કોઈ અન્ય કન્યાને કૂકે રમતી જુએ છે અને પોતાનામાં ભૂતકાલીન કન્યકા સળવળી ઊઠે છે તે એટલે સુધી કે એ સ્ત્રી પેલી કન્યાઓને કૂકાની રમત શીખવવાને બહાને રમવા જ બેસી જાય છે! માનવી મનની સહજ ગતિનું આ ચિત્ર એવી જ સહજ બાનીમાં રજૂ કરાયું છે. ℂ કાગડો બોલ્યો : શુકનના આ સંકેતથી કોઈ કન્યાના મનમાં જે ભાવો ઊભરાઈ આવે છે તે નવાનવા સંકેતોથી અહીં પ્રાકટ્ય પામે છે. શુકનનાં વિવિધ પ્રતીકો—રાતાંચોળ પગલાં, રંગીન ઢોલિયો, રામણદીવડો—દ્વારા ગ્રામજીવનનું વાતાવરણ તાદૃશ કરવામાં અને અભિવ્યક્તિના નાવીન્યથી કલા સિદ્ધ કરવામાં કવિને મળેલી સફળતા ભાવકપક્ષે પણ એવો જ રોચક અનુભવ કરાવી રહેશે. 'હે...ય'માં બોલચાલનો લહેકો કે 'છલ્લક છલ્લક શ્વાસે શ્વાસે'માં અભિવ્યક્તિનો લહેકો વૃપ્તિકર લાગ્યા વગર રહેશે નહિ. —ધી. પ.

વિચાર-વિશેષ

અભિમાન

બહાદુરશાહ પંડિત

એ એક મહાન શિલ્પી હતો. એણે ઘડેલી પ્રતિમાઓ હમેશાં જીવંત લાગતી. મૃત્યુનો સમય નજીક આવ્યો એટલે એણે યમના દૂતોને છેતરવાનો નિર્ણય કર્યો. એણે પોતાના જેવી જ સાત મૂર્તિઓ કંડારી ને એમને સુવાડીને બાજુમાં પોતે સૂઈ ગયો. યમના દૂતો શિલ્પીના આત્માને લેવા આવ્યા ત્યારે એકના બદલે એકસરખા આઠ શિલ્પીને જોઈ ભારે વિમાસણમાં પડી ગયા. બહુ ઝીણવટથી નિરીક્ષણ કરવા છતાં સાચો શિલ્પી ઓળખાયો નહિ, એટલે દૂતો યમરાજા પાસે પાછા ગયા અને એમની સમક્ષ પોતાની મૂંઝવણ વ્યક્ત કરી. યમરાજાએ એમને એક યુક્તિ બતાવી. દૂત ખુશ ખુશ થતા પાછા શિલ્પીના ઘેર આવ્યા. આઠે શિલ્પીઓની આસપાસ ફરી ફરીને મુખ્ય દૂતે મોટેથી કહ્યું: 'શિલ્પીએ કારીગરી તો સરસ કરી છે પણ માત્ર એક જ ભૂલ રહી ગઈ છે.'

'ના હોય. મારી ભૂલ હોય કદી? ક્યાં છે, બતાવો!' એમ કહીને શિલ્પી ઊભો થઈ ગયો. દૂતોએ કહ્યું: 'આ જ તારી ભૂલ.' અને એના આત્માને ખેંચીને લઈ ગયા. કોઇએ સાચું જ કહ્યું છે 'અહમ્ રે અહમ્, તું જ મૃત્યુ છે.'

એક સંતને એમના એક શિષ્યે પૂછ્યું: 'મહારાજ, આપણે બધા પૃથ્વીવાસીઓ તો અનાજ, ફળ આદિ ખાઈએ છીએ, પણ ભગવાન શું ખાતા હશે?'

સંતે કહ્યું: 'ભગવાન માણસનું અભિમાન ખાય છે. અભિમાન એ ભગવાનનો ખોરાક છે.' શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ ષડ્‌રિપુઓ ગણવામાં આવ્યા છે, એમાં મદ એટલે અભિમાનને પણ સ્થાન છે. અભિમાન માનવીની આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધ કરનાર ઘણો મોટો દુશ્મન છે.

સંત તુલસીદાસની એક ચોપાઈ છે:

દયા ધરમકો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છોડિયે જબ લગ ઘટમેં પ્રાન.

ધર્મના મૂળમાં દયા છે તો એની સામેના છેડાના કર્મ-પાપના મૂળમાં અભિમાન છે. આમ કહી તુલસીદાસજીએ અભિમાનને ઘણો મોટો દુર્ગુણ કરાવ્યો છે, દયાની વિરોધી વૃત્તિ તરીકે ક્રૂરતાને ગણાવવાને બદલે અભિમાનને ગણાવી તેઓ એમ સૂચવે છે કે અભિમાન ક્રૂરતાથી પણ ચડિયાતો દુર્ગુણ છે.

અહમ્‌થી સ્પર્ધા—હરીફાઇનો ભાવ જાગે છે ને એમાંથી વેરની ખતરનાક વૃત્તિ ઉદ્‌ભવે છે. અભિમાન પર હુમલો થતાં માણસનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠે છે અને એમાંથી કલહનો દાવાગ્નિ સળગી ઊઠે છે. અહમના કારણે લડાએલાં યુદ્ધોના દાખલા ઇતિહાસમાં શોધવા જવા પડે એમ નથી.

રામાયણમાં રામ-રાવણ વચ્ચેનું જે યુદ્ધ આલેખાયું છે, એનું પગેરું શોધવા જઇએ તો અભિમાન એના મૂળમાં જોવા મળે છે. જનક રાજાએ સીતા માટે રચેલા સ્વયંવરમાં જે ધનુષ્ય નીચે રાવણ ચગદાયો એ જ ધનુષ્યને રામે ભાંગી નાખ્યું. એથી રાવણના અભિમાન પર જે ઘા થયો એનું વેર એણે સીતાનું હરણ કરીને લીધું.

ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં રજપૂતોના અહમ્ અને પતનના ઘણા દાખલા જોવા મળે છે. પૃથ્વીરાજ અને જયચંદ વચ્ચેનું વેર અભિમાનનું પરિણામ છે અને પૃથ્વીરાજ શાહબુદ્દીન ઘોરીના હાથે પરાજય પામ્યો એનું કારણ પણ અભિમાન. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો આત્મા અને પરમાત્માના અદ્વૈત વચ્ચે અભિમાનનો ખડક જ અંતરાયરૂપ થઈ પડે છે. અહમ્‌માંથી રાગદ્વેષ ઉદ્‌ભવે છે, મારા-તારાનો ભેદ સર્જાય છે અને માયાનું સર્જન થાય છે. અહમ્‌ના નાશ સાથે માયા નાશ પામે છે એટલે આત્મા બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે.

જ્ઞાની કવિ અખાએ એક જ પંક્તિમાં આ વાત સરસ રીતે સૂચવી દીધી છે:

'મરતાં પહેલાં જાને મરી,
પછી બાકી રહે તે હરિ.'

મરતાં પહેલાં મરી જવું એટલે અભિમાનને ઓગાળી નાખવું, અહમ્‌નો સર્વથા લોપ કરવો.

પણ અહમ્‌નો લોપ કરવો સહેલો નથી. કોઈએ કહ્યું છે કે અહંકારને રાવણ કરતાં ય વધારે માથાં છે. એક કાપો ત્યાં બીજું તૈયાર જ હોય. અહંકારનાં માથાં કાપવાં અઘરાં છે. 'મારામાં તો અભિમાનનો છાંટો ય નથી, એમ કહીને પણ માણસ પોતાનું અહમ્ જ પ્રકટ કરતો હોય છે. શ્રી ઉમાશંકર જોશીએ એમના 'નમ્રતા' નામના કાવ્યમાં આ સૂક્ષ્મ અહંકાર સરસ રીતે ધ્વનિત કર્યો છે:

નમ્ર છું, વિનમ્ર છું,
નમ્રથી ય નમ્ર છું

એમ કહી કાવ્યનાયક પોતાની નમ્રતાનું પણ અભિમાન પ્રદર્શિત કરે છે.

મહાકવિ ડાન્ટેએ 'ઈન્ફર્નો'માં લખ્યું છે: Pride, envy, avarice-these are the sparks that have set on fire the hearts of all men. (અભિમાન, ઈર્ષા ને લોભ એ તણખા છે, જેમણે તમામ માણસોનાં હૈયાંમાં આગ ચાંપી છે.)

અભિમાનને ડામવાનો એક માર્ગ નમ્રતા છે. ગાંધીજીએ એમની આત્મકથાની પ્રસ્તાવનામાં લખ્યું છે: 'ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો સદા જય થાઓ. અલ્પાત્માને માપવા સારુ સત્યનો ગજ કદી ટૂંકો ના બનો.' એમ જે કોઈ સત્યનો સાક્ષાત્કાર કરવા ઇચ્છતો હોય એણે તો અભિમાનને ઓગાળવા માટે નમ્રતાનો આશ્રય લેવો જ રહ્યો.

સર્વશક્તિમાન ઈશ્વરની અલૌકિક તાકાતમાં શ્રદ્ધા રાખનાર પણ નમ્ર બની શકે છે. નરસિંહ મહેતાના એક પદમાં આવે છે એમ—

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.

એમ માનનાર નિરભિમાની કે નિરહંકારી બની શકે છે.

માણસ નમ્ર ના બને ત્યાં સુધી એ જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. એક અંગ્રેજ લેખક કહે છે કે The first step to knowledge is to know that we are ignorant.

નીતિશાસ્ત્રમાં એક વાર્તા છે. એક રાજાના રાજ્યમાં એક હરિજન પાસે આંબાની કેરી નજરમાત્રથી પાડવાની અદ્‌ભુત વિદ્યા હતી. રાજાએ એ વિદ્યા હરિજન પાસેથી શીખવાનો આરંભ કર્યો, પણ રાજાને કેમે કરી વિદ્યા સાધ્ય થાય જ નહિ. આખરે પેલા હરિજન ગુરુએ કહ્યું: 'મહારાજ, આપ ગાદી પર બેસો છો ને મને જમીન પર બેસાડો છો એથી આપને મંત્રો યાદ રહેતા નથી.' રાજાને પોતાની ભૂલ સમજાઈ. બીજા દિવસે એણે હરિજનને ગાદી પર બેસાડયો અને પોતે જમીન પર બેઠો. એને તરત જ મંત્ર યાદ રહી ગયો. આ રૂપકકથા એમ સૂચવે છે કે કોઈ પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે નમ્રતા કેળવવી જોઇએ. અહમ્‌નો બોજો માથે લઇને ફરનાર કદી જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી કે નથી તો સિદ્ધિના ઉન્નત શિખરે પહોંચી શકતો. □

જરૂરિયાત એટલે?

જરૂરનું છે તે જરૂરિયાત. દરેક વસ્તુનો ઉપયોગ કરતાં પહેલાં આપણે આપણી જાતને પૂછીએ કે, શું ખરેખર આ વસ્તુ મારે માટે જરૂરી છે ખરી? એના વિના ચાલી શકે એમ નથી? જવાબ જો 'હા'માં મળે તો સમજવું કે તે સાચી જરૂરિયાત છે. ખરી જરૂરિયાત વધારી કે ઘટાડી શકાતી નથી. એનો માત્ર વિવેકથી જ ઉપયોગ કરવાનો હોય છે.



દૈન્ય, અજ્ઞાન, દુર્ગુણો અને સ્પર્શાસ્પર્શના ખયાલોથી મુક્ત કરીને લોકોને કાર્યપ્રવણ કરવા જેમણે ભેખ ધારી પોતાનાં કીર્તનો અને સ્વાવલંબી કાર્યરતતા વડે આમ પ્રજામાં જાગ્રતિ આણી એ, મહારાષ્ટ્રના નિરહંકાર અપરિગ્રહી

ખરા સમાજવાદી સંત

ગાડગે મહારાજ

લેખક - પ્રા. વસંત જોષી

ગામડામાં પૂંઠા પર કે પાટિયા પર વાંકાચૂંકા અક્ષરોમાં જાહેરાત કરેલી છે. 'આજે રાતે મંદિર આગળના ચોગાનમાં ગાડગે મહારાજ કીર્તન કરશે.' સમાચાર તરત જ બધે ફેલાય છે. ગામડાના નિરક્ષર લોકો એકબીજાને સમાચાર કહેતા જાય છે. આજુબાજુનાં ગામડાંઓમાં સમાચાર પહોંચી જાય છે, અને સાંજ પડવા આવે ત્યાં લોકોનાં ટોળાં ગામમાં દાખલ થતાં જાય છે. પંદરથી પચાસ હજાર માણસ ભેગું થાય છે. અને બધા શ્રોતાઓ સાથે ગાડગે મહારાજ કીર્તનનો આરંભ કરે છે. લોકો શાંતિથી બેઠા હોય છે. એમને સૂચના મળે છે: 'હાથ ઊંચા કરો.' બધાના હાથ ઊંચા થાય છે. બીજી સૂચના મળે છે: હવે બોલો, "ગોપાલા ગોપાલા દેવકીનંદન ગોપાલા." એક-બે મિનિટ આ ધૂન ચાલે છે. લોકોનાં મન એકાગ્ર થયાં છે એમ જોઈ મહારાજ ધૂન બંધ કરે છે અને કીર્તન શરૂ કરે છે. દોઢેક કલાક વાણીનો અસ્ખલિત પ્રવાહ ચાલે છે. મહારાજ પોતે નિરક્ષર છે. એમને ઘણાં ભજનો આવડે છે. તદ્દન નિરક્ષર માણસના પણ હૈયા સોંસરી નીકળી જાય એવી એમની શબ્દયોજના હોય છે. દાખલા આપે છે તે પણ રોજિંદા જીવનમાંથી. દરેકને સમજાય, ગળે ઊતરી જાય એવી વાતો. મહારાષ્ટ્રમાં એમના હજારો અનુયાયીઓ હતા. પોતે સુખી ઘરના હોવા છતાં એ લોકો મહારાજે બતાવેલાં સફાઈ અને લોકકલ્યાણનાં કાર્યો કર્યે જતા હતા. પણ નવાઈની વાત એ હતી કે મહારાજે કોઇને પણ શિષ્ય તરીકે સ્વીકાર્યો ન હતો, એટલું જ નહિ, પણ મારો કોઈ ચેલો નથી, એવું એ વારંવાર જાહેર કરતા.

'મહારાજ' શબ્દ સાથે આપણા મનમાં ઘણા ખયાલ સંકળાએલા હોય છે. એમાંથી એક પણ એમને લાગુ પડે એવો નથી. એમની પાસે કોઈ ઐશ્વર્ય ન હતું. ભીખ માગીને એક રોટલો ખાવો એવું એમનું વ્રત હતું. આમરણ એમણે એ પાળ્યું. કોઈ પણ ગામમાં એ બે દિવસથી વધુ રોકાતા નહિ. કોઇને ઘેર જાય તો ત્યાં કંઈ ખાય-પીએ નહિ. ત્યાં પગરખાં જે ખૂણામાં મુકાતાં હોય એ ખૂણામાં જ બેસે. એમને શેતરંજી-સાદડી કંઈ ફાવે નહિ. રાતના કોઇને ઘેર રહે નહિ. કીર્તન પૂરું થાય કે તરત જ લોકોને ખબર પડે ત્યાર પહેલાં મેદનીમાંથી અલોપ થઈ જાય અને ગામ બહાર કોઈ ઝાડ નીચે નિદ્રાસુખ અનુભવે! સર્વ પ્રકારનો અપરિગ્રહ એ એમના જીવનનો સિદ્ધાંત હતો.

ગાડગે મહારાજને સમાજમાં પ્રતિષ્ઠા મળી ત્યાર બાદ શું થયું હતું એનું આ વર્ણન થયું. પણ કીર્તનકાર તરીકેનું એમનું જીવન બહુ સાદી રીતે શરૂ થયું હતું. ગામમાં ઓલિયા જેવો જણાતો અજાણ્યો માણસ દાખલ થતો. એના હાથમાં ઝાડુ હોય, શરીર પર ફાટેલાં કપડાં હોય. લોકોને વિચિત્રતા એ લાગતી કે એ માણસ માથા પર તૂટેલી માટલી ટોપીની માફક મૂકતો. કાન પર તૂટેલી એકાદ બંગડી લટકાવી રાખતો. ને કોઈની જોડે કશી વાત કર્યા વિના મંદિરનું ચોગાન વાળવાની શરૂઆત કરતો. ગામનાં છોકરાંનાં ટોળાં આ દાઢીવાળા ઓલિયાને જોવા તરત જ ભેગાં થઈ જતાં. ઘણા ય પ્રૌઢ માણસો પણ એમનામાં ભળી જતા. બધા પેલાની મશ્કરી ઉડાવતા ને એમાંથી જ પ્રશ્નોત્તરી ચાલુ થતી.

'કોણ છો બાપા?' 'કોણ જાણે!'

'શા માટે વાળી રહ્યા છો?' 'કેમ ભાઈ, ભગવાન સામે ગંદકી રખાય?'

પછી કોઈ પૂછતું: 'ક્યાંથી આવો છો? કેવા છો?' આનો જવાબ કંઈ મળે નહિ. અસ્વચ્છતા તો એમને કોઈ દિવસ ગમતી નહિ, એટલે એ જ્યાં જાય ત્યાં સફાઈનું કામ ચાલુ જ રાખે. પોતાને વિષે કોઈ પણ જાતની માહિતી આપે નહિ. કોઈ પૂછે: 'આજે અહીં વાળવાનું કારણ શું?' તો જવાબ આપે: 'રાતના કોઈ બાબા કીર્તન કરવાના છે એવું સાંભળ્યું છે.' લોકો એમ પણ બોલતા: 'હમણાં તો વાળે છે; થોડી વાર રહીને ભીખ માગવા નીકળશે.' કોઈને એની દયા આવતી, તો કોઈ એને કહેતું: 'પણે જો, ત્યાં ઘણો કચરો છે. ત્યાં પણ સરખું વાળી લેજે!' સાંજ થતાં ભક્ત મંડળીઓ મૃદંગ, નરઘાં વગેરે વસ્તુઓ લઈ આવી જતી, સાથે ગૅસના દીવા પણ હોય. બધા કીર્તનકારની પ્રતીક્ષા કરતા બેસી જાય. ત્યાં પેલો દાઢીવાળો ઝાડુવાળો ચોગાનમાં આવીને ઊભો રહે! ગુસ્સે થઈ ઘણા લોકો ઊઠીને ચાલવા માંડે. દીવાઓ અદૃશ્ય થઈ જાય! બાબા એકલા જ હાથમાં બે ચપટા પથ્થર લઈ એના તાલ પર ભજન શરૂ કરે. એમનો અવાજ મધુર અને સૂરીલો. ભજનો ગાવાની ટેવ. ભજનના મીઠા સ્વર સાંભળી ચાલ્યા ગએલા લોકો પણ પાછા આવી જાય. બાબા ભજન ગવડાવતા જાય અને લોકો એમને અનુસરતા જાય. અહીં કંઈક અસામાન્ય છે એવો ખયાલ બધાંના મનમાં જાગે. ભજન પૂરું થાય અને લોકો વિખેરાય. સવારે લોકો તપાસ કરે તો બાબા ક્યાં અલોપ થઈ ગયા, કોઈને ખબર પડે નહિ.

ક્યાંય રોકાવું નહિ, કોઈ મોહમાં પડવું નહિ, ક્યાંય આશાપાશ નિર્માણ થવા દેવા નહિ, અને મોહ કે સ્નેહનો પાશ નિર્માણ થઈ શકે એટલો સમય પણ ક્યાંય ગાળવો નહિ. મનને સમજાવતા જાય: 'ઘરમાં

ક્યાં સુખ ઓછું હતું? પત્ની હતી, મા હતી, સંતાન હતાં, પોતાનું નહિ તો મામાનું ઘર ને ખેતીવાડી હતાં જે પોતાના પુરુષાર્થ વડે મામાને પાછાં મેળવી આપ્યાં હતાં. સમાજમાં પ્રતિષ્ઠા હતી. એ બધું ત્યજીને આપણે શું કામ બહાર નીકળ્યા? અંતિમ સત્યની શોધમાં—જીવવું શા માટે એ શોધવા. હવે કોઈ જાતના બંધનમાં પડવાનું નહિ. આકાશની જેમ વ્યાપક અને ઉદાસ થઈ લોકકલ્યાણ માટે ભટકતા રહેવું, ગંગાજળની જેમ વહેતા રહેવું; કારણ કે ગંગા બહતી ભલી, સાધુ ચલતા ભલા.

અને ખરેખર, એમણે ઘર છોડયું ત્યારે દુનિયાની દૃષ્ટિએ એ સુખી હતા. ગાડગે બાબાનો જન્મ ધોબી કોમમાં શેણ ગામમાં જાનોરકર કુટુંબમાં ૨૩મી ફેબ્રુઆરી, ૧૮૭૬ને દિવસે થએલો. મહાશિવરાત્રિનો એ દિવસ હતો. મહારાષ્ટ્રની લગભગ બધી જ જ્ઞાતિઓએ દેશને એકાદ સંતપુરુષ આપ્યો છે. અપવાદ હતો ધોબીઓનો. એ ખોટ પૂરવા જ જાણે ગાડગે બાબા એ કોમમાં જન્મ્યા. એમનું નામ ડેબુજી રાખવામાં આવ્યું. એમના જન્મ પહેલાં કુટુંબની સ્થિતિ સારી હતી. પિતા ઝિંગરાજીને એમના પિતા તથા મોટા કાકાએ બહુ લાડમાં ઉછેર્યા હતા. ઝિંગરાજી નિરક્ષર હતા. યુવાની, પૈસો અને અવિવેક જાણે એકસાથે મળ્યાં અને કુટુંબની દુર્દશાનો આરંભ થયો. અંગ્રેજી શાસન સ્થિર થતાં સમાજમાં દારૂને પ્રતિષ્ઠા મળવા લાગી હતી. મરાઠી અમલ દરમિયાન દારૂને કોઈ દિવસ પ્રતિષ્ઠા મળી ન હતી. મુઘલ અમલમાં પણ દારૂ પીવો એ સભ્યતાનું લક્ષણ ગણાતું ન હતું. અંગ્રેજોના બધા સમારંભોમાં દારૂ તો હોય જ. અને યથા રાજા તથા પ્રજા એ નિયમ પ્રમાણે દારૂને સામાજિક પ્રતિષ્ઠા મળવા માંડી. ઝિંગરાજી પણ એમાંથી મુક્ત રહી શકયા નહિ. એની સાથે ન્યાતના જમણવારમાં અથવા દેવોને સંતુષ્ટ કરવા દારૂ અને બકરાં-મરઘાંના ભોગ બહુ મોટા પ્રમાણમાં અપાતા થયા. દારૂએ ઘરમાં પગપેસારો કર્યો અને થોડા જ દિવસોમાં એણે બધાનો જાણે ભોગ લીધો. ઝિંગરાજીની પત્નીને મજૂરી કરવા જવાનો પ્રસંગ આવ્યો. તોપણ ઝિંગરાજીને દારૂએ છોડયો નહિ. એમનું વ્યસન દિનેદિને વધતું ગયું અને એમાં જ એમનો અંત થયો. જીવનદીપ બુઝાતો હતો તે સમયે પુત્રને પાસે બોલાવી એમણે એને અને પત્નીને કહ્યું: 'તમારું કેમ ચાલશે, મને ખબર નથી; પણ આટલું કરજો. કોઈ દિવસ દારૂ તરફ વળશો નહિ. અને દેવોને મરઘાં-બકરાં વધેરશો નહિ.' પિતાના આ આખરી શબ્દો ગાડગે મહારાજે આજીવન યાદ રાખ્યા.

પિતાના અવસાન પછી ડેબુજી તથા એની માતાને મામા ચંદ્રભાન પોતાને ત્યાં લઈ ગયા. ડેબુજીની ઉંમર એ વખતે છ-સાત વર્ષની હતી. માતા સખૂબાઈ સમજુ હતાં. એમના ધ્યાન પર આવ્યું કે મહેનત કર્યા વગર ખાવાનું નસીબમાં હતું જ નહિ. અને તેમ કરવું હવે પોસાય એવું ન હતું. માણસ વહાલું નથી, એનું કામ વહાલું હોય છે. એટલે સવારથી રાત સુધી એ કામમાં રોકાએલાં રહેતાં. વહેલી સવારે ઊઠી એ દળવા બેસી જાય. દળતાં જાય અને સાથે ભજન ગાતાં જાય. આ બધાં ભજનો રોજ કાને પડતાં તેથી ડેબુજીને પણ મોઢે થઈ ગયાં. કામચોરપણું માને ગમતું નથી એ ડેબુજી જોઈ શકયો. કામ ચોકસ અને સરખી રીતે થવું જોઇએ એ વિષેનો માનો આગ્રહ દીકરામાં ઊતર્યો. ઘણી વાર મામાને ત્યાંના લોકો તરફથી એનું અપમાન થતું ત્યારે ડેબુજીની આંખમાં આંસુ આવી જતાં. ત્યારે મા સમજાવતી: 'માણસે મહેનત કરી લોકોને બતાવવું જોઇએ કે આપણે પણ કામનાં છીએ. મફતનું કંઈ ખાતાં નથી.' ડેબુજીએ મનમાં નક્કી કર્યું: થઈ શકે એટલું કામ આખો વખત કરતા રહેવું અને કામની કસોટીથી પોતાની યોગ્યતા બતાવવી. બીજે જ દિવસે ડેબુજીએ મામાને કહ્યું: 'આવતી કાલથી હું ઢોર ચરાવવા જઈશ. આજ સુધી જે નોકર જતો હતો એને બીજું કામ સોંપો.' અને ખરેખર જ, બીજા દિવસથી મામાનાં ઢોર ચરાવવા ડેબુજી નદી પર ગયો. રંગે ગોરો, રૂપે રૂડો, ભૂરી આંખવાળો અને ઉમરના પ્રમાણમાં મોટો લાગતો એ છોકરો પહેલા દિવસથી જ ગોવાળોનો નાયક બની ગયો. એની વાણીમાં હકૂમત અને ઋજુતા હતાં. એનો અવાજ સ્વચ્છ અને સુરીલો હતો. એનામાં બીજાને મદદ કરવાની વૃત્તિ હતી અને બધું વર્તન વ્યવસ્થિત હતું. ઢોર ચારવા જાય એટલે છોકરાઓને કંઈ કામ ન રહે. મસ્તી કરવા એ નવરા. ડેબુજીએ નદીકિનારે મહાદેવનું એક સ્થાન જોયું. તેની આજુબાજુનું ઘાસ સાફ કરી આખી જગ્યા એણે સાથીઓની મદદથી ચોખ્ખી કરી. પછી તો એ છોકરાઓ મહાદેવને સ્નાન કરાવી, ફૂલ ચડાવી આવડતાં તેવાં ભજનો ગાતા થયા. તાલ માટે પતરાનું ડબલું ને પથ્થર. બપોરે ઢોરોને નદીમાં ઊભાં કરી એમને નવડાવવાનો રિવાજ પણ એણે શરૂ કર્યો. આમ રોજ સ્નાન થવાથી ઢોરોનું નૂર પલટાઈ ગયું. ઘરમાં ડેબુજીનું માન વધ્યું. જોકે કાંટાઓથી બચવા માટે એમની પાસે પગરખાં આવતાં તો કેટલાં યે વર્ષ વીતવાનાં હતાં! ગોવાળ છોકરા જુદી-જુદી કોમના હતા. સમાજમાં કહેવાતા ઊંચા તથા નીચા વર્ણના પણ હતા. પણ ડેબુજીએ એવો નિયમ કર્યો કે બધાએ સાથે બેસીને જ ખાવું અને આ રીતે એણે નાની ઉંમરમાં અસ્પૃશ્યતાનિવારણ પોતાના વર્તનમાં જ દાખલ કર્યું.

ડેબુજી ભજનો સારાં ગાઈ શકે છે એ વાત ગામમાં ફેલાતાં વાર ન લાગી, ને એના કે બાજુના ગામડામાં ભજન હોય ત્યાં એને ગાવા માટે તેડું આવવા માંડયું. ડેબુજીનો આ શૉખ ઘરમાં કોઇને ગમતો નહિ. કારણ દેખીતું હતું. ડેબુજી ઘરમાં ન હોય કે ભજનમાં ગયો હોય તે દિવસે બધાં કામ અટકી પડતાં. સ્વાભાવિક જ મામી ગુસ્સે થાય ને એને થોડું ઘણું સંભળાવે પણ ખરાં. એટલે ડેબુજીએ નક્કી કર્યું કે રાત ભલે ભજનમાં જાય પણ એ કારણસર બીજે દિવસે આરામ કરી શકાય નહિ. રોજનું કામ રોજ વખતસર થવું જોઇએ. એ નિયમ એમણે જીવનભર પાળ્યો.

ડેબુજી બારેક વર્ષનો થયો ત્યારે મામાએ એને ખેતીવાડીનું કામ સોંપવાનું નક્કી કર્યું. ડેબુજીને આનંદ થયો. ખેતરમાં કરવાં પડતાં બધાં કામ એ તરત શીખી ગયા અને એમાં એણે એવું પ્રાવીણ્ય મેળવ્યું કે જાણકાર મુરબ્બી ખેડૂતો પણ એની સલાહ લેવા આવવા લાગ્યા. સમય જતાં ભાણેજને ખભે બધો ભાર મૂકી ચંદ્રભાનમામા ગામમાં લોકોનાં કામ કરવા જાણે નવરા થયા! મુખ્ય કામ એવું હતું કે શાહુકારોને લોકોને પૈસા ધીરવા સમજાવવા. સ્વભાવે ભોળા હતા, એટલે એમને સમજાયું નહિ કે શાહુકારોના પંજામાં પોતે પણ ફસાએલા હતા. ડેબુજી સોળ વર્ષનો થયો હતો. એનાં લગ્ન નક્કી થયાં. પત્નીનું નામ હતું કુન્તા. મહાભારતની કુન્તીએ ભગવાનનું સ્મરણ થાય એ ખાતર આફતો માગી લીધી હતી. આ કુન્તાને માથે આખી જિંદગી દુઃખ પડવાનાં હતાં અને એ જાણે એનાં માબાપ સમજી ગયાં હોય તેમ એમણે દીકરીનું નામ આ રીતે કુન્તા તો નહિ રાખ્યું હોય? લગ્નમાં મામાને ઘણું દેવું થયું હતું. ધામધૂમથી, ઠાઠથી લગ્ન કર્યાં હતાં ને! શાહુકાર બહુ મીઠાબોલો. ખોટા હિસાબ કરે, ચક્રવૃદ્ધિ વ્યાજ લઈ એણે ચંદ્રભાનની બધી જમીન લખાવી લીધી. આ વાત સાંભળી ડેબુજી ક્રોધે ભરાયા અને પૂરી કરકસર કરી દેવું ચૂકવવાનો એમણે નિર્ણય કર્યો. ઘરમાં ઘી-તેલ વાપરવાનું બંધ કર્યું. જમીન ગઈ એ આઘાતથી મામા ગુજરી ગયા. મામાના અવસાન પછી, ડેબુજી બહુ ખિન્ન થયા. એમના વૈરાગ્યની શરૂઆત અહીંથી થઈ. બધા નોકરોને એમણે છૂટા કર્યા અને નવોઢા પત્ની, મા, મામાનો દીકરો બળિરામ અને વૃદ્ધ નાના નાની સૌએ ખેતરમાં કામ કરવું એવું નક્કી કર્યું. હેતુ એક જ; દેવું વહેલું પતી જાય અને બળિરામની જમીન એને પાછી મળે.

પાક સારો થયો. બધું લઈ ડેબુજી શાહુકારને ત્યાં ગયા, બધો પાક

(અનુસંધાન પૃ. ૨૮૯)

ગાલીચો

લેખક - અશ્વિન દેસાઈ

નવનીતરાયના ઘરને જોઈને ઘણી વાર અદેખાઈ થતી. ત્રણ દીકરાઓ, ને તેમનાં દીકરી-દીકરાઓથી ઘર હમેશાં ભરેલું-ભરેલું લાગતું.

નવનીતરાય પોતે સવારે પાંચ વાગ્યે ઊઠી જતા. ઊઠીને, દાતણ-પાણી કરીને, ચાનો એકાદ કપ જાતે જ બનાવીને પી લેતા. સવારની પહેલી ચા વરસોથી નવનીતરાય પોતાના હાથની જ પીતા. પછી એઓ લાકડી લઇને ફરવા નીકળી પડતા. કોઈક વાર, ઘરનું કોઈક ઉત્સાહી બાળક આગલી રાત્રે કજિયો કરીને આવવા તૈયાર થતું, તો નવનીતરાય એને પણ ચા પીવડાવીને સાથે ફરવા લઈ જતા. રસ્તે અલક-મલકની વાતો કરતા. અને કલાક પછી, ફરીને આવ્યા પછી, પરસેવે રેબ-ઝેબ શરીર ઉપર ઠંડા પાણીએ નાહવાની મઝા તો જે નવનીતરાય સાથે માણતું તે જ જાણતું! નાહી-ધોઇને, પૂજાપાઠ કરીને નવનીતરાય ઘરના બીજા સભ્યોને જગાડતા. પહેલો વારો ધર્મપત્નીનો આવતો. નવનીતરાય એમનો ખભો પકડીને ખૂબ ધીમેથી હલાવતા:

'કહું છું, ઊઠો! મળસ્કાના આઠ વાગી ગયા!'

અને નવનીતરાય પત્નીની સામે જોઇને મૂછમાં હસતા. કમળાબેન સફાળાં પથારીમાં બેઠાં થઈ જતાં એટલે નવનીતરાય સહેજ મોટેથી હસતા. 'ખરા છો ને!' કમળાબેન સહેજ ગુસ્સો કરતાં: 'રોજ કહું છું, કે મને પણ તમારી ભેળી જ ઉઠાડી દેવી. તો ય આઠ વાગ્યે ઉઠાડો છો?'

નવનીતરાય વધુ મોટેથી હસતા: 'આઠ વાગ્યે તો જેમતેમ ઊઠો છો! પાંચ વાગ્યે ઉઠાડું તો ત્રણ કલાક ભરપાઈ કેવી રીતે કરવા?'

'જાઓ જાઓ, હવે!' કમળાબેન છણકો કરતાં: 'તમારે સવારના મારી કંપની જોઈતી જ નથી એમ કહો ને!'

'એવું હોય? હવેનાં વરસોમાં તો તારી કંપનીની ખાસ જરૂર. હવે જ તો આપણને એકલવાયું લાગવાનું!' નવનીતરાય સહેજ ગંભીર થઇને કહેતા અને પછી રસોડામાં જતા. ત્રણે દીકરાની વહુઓ રસોડાના કામકાજમાં ગૂંથાઈ ગએલી દેખાતી એટલે નવનીતરાય ધીમેથી પૂછતા: 'પેલાઓ ઊઠ્યા કે?' વહુઓ બોલવાને બદલે સહેજસહેજ મલકાતી એટલે નવનીતરાય દીકરાઓના બેડ-રૂમ તરફ જતા અને બારણે ટકોરા મારતા. દીકરાઓ સફાળા ઊઠીને, દોડીને બાથરૂમ તરફ ભાગતા અને નવનીતરાય મૂછમાં મલકાયા કરતા.

પછી નાસ્તાના ટેબલ ઉપર બધાં ભેગાં થતાં. નવનીતરાય દીકરાઓનાં બાળકોને બ્રેડ ઉપર બટર લગાડીને પોતે ખવડાવતા. દીકરાઓ નવનીતરાયની હાજરીમાં શિસ્તપૂર્વક, અને વહુઓ સહેજ શરમાઇને નાસ્તો કરતી. કમળાબહેન બધાંને આગ્રહ કરતાં. ખૂબ સુંદર દૃશ્ય લાગતું. ખરેખર જે 'લીલીછમ વાડી' કહેવાયું હશે તે કદાચ નવનીતરાયના ઘરને માટે જ હશે એમ થતું.

નવનીતરાયનો પછીનો કાર્યક્રમ ટાબરિયાંઓને ભણાવવાનો રહેતો. એઓ પોતે બધો અભ્યાસ કરીને પછી બધાંને અલગ-અલગ ભણાવતા. દીકરાઓ પેઢી ઉપર જઈને ધંધો સંભાળતા. વહુઓ રસોડાના કામમાં લાગી જતી. ટાબરિયાંઓને ભણાવીને નવનીતરાય બજારમાં આંટો મારી આવતા. નાનીમોટી ખરીદીનું કામ નવનીતરાય પોતે જ કરતા. કંઈ જોઈતું કરતું હોય તો વહુઓ એમને કહી જતી એટલે હાજર થઈ જતું.

બપોરે જમવા ટાણે પાછું આખું ઘર ભેગું થતું. જમતાં જમતાં નવનીતરાય દીકરાઓને ધંધાની બાબતમાં પૂછપરછ કરતા અને સલાહ-સૂચનો આપતા. જમીને સૂઈ જવાની ટેવ કમળાબહેનને હતી તે પણ નવનીતરાયને ખાસ ગમતું નહિ. તેથી વહુઓ તો બપોરના ભાગમાં પણ કંઈ ને કંઈ પ્રવૃત્તિમાં રોકાએલી રહેતી. છોકરાંઓ સ્કૂલે જતાં. સાંજના ભાગમાં નવનીતરાય એકાદ ચક્કર પેઢીએ મારી આવતા. પછી છોકરાંઓને ફરવા લઈ જતા.

રાત્રે ફરીથી આખું ઘર સાથે જમવા બેસતું ત્યારે જાત-જાતની વાતો થતી. આખું ઘર આનંદની પરાકાષ્ઠાએ પહોંચેલું લાગતું.

પણ એક દિવસ, નવનીતરાયના ઘરે, સાંજના જમવાના ટેબલ ઉપર સોપો પડી ગયો! નવનીતરાય હજી તો ટેબલ ઉપર આવીને બેઠા જ હતા, અને જમવાનું પીરસાયું પણ નહોતું, ત્યાં તો મોટા દીકરાએ, જાણે નક્કી જ કરીને આવ્યો હોય તેમ વાતની શરૂઆત કરી: 'બાપુજી! મારે આજે તમને એક અગત્યની વાત કહેવાની છે!'

'હા, હા! બોલો!' નવનીતરાયે વાતને હળવાશથી લીધી.

'વાત જાણે એમ છે, કે...' દીકરો જરા અચકાયો. 'બોલો! બોલો!'

'મને એમ લાગે છે, કે હવે આપણા બંગલામાં સાંકડ પડવા લાગી છે!'

ઘડીભર તો નવનીતરાય સહેજ વિચારમાં પડી ગયા. પછી બોલ્યા: 'કેમ એમ લાગ્યું? માણસો તો આપણે જેટલાં છીએ એટલાં જ છીએ!'

'એ તો બરાબર છે;' દીકરો સહેજ ગૂંચવાયો: 'પણ છોકરાંઓ હવે મોટાં થયાં! હવે એમને પણ અલગ અલગ રૂમની જરૂર લાગે ને?'

'તો એનો પણ રસ્તો થશે! આપણે નવો બંગલો લઈશું જેમાં બધાંને સગવડ મળી રહેશે!'

'પણ મને કંઈક બીજો જ વિચાર આવે છે. આમ પણ બધાં સાથે કેટલાં વરસ રહીશું?'

'એટલે તું કહેવા શું માગે છે?' નવનીતરાયનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયો. દીકરો ચૂપ થઈ ગયો. પછી જમણ પૂરું થયું ત્યાં સુધી કોઈ કંઈ બોલ્યું નહિ. પહેલી જ વાર નવનીતરાયના ઘરમાં સ્મશાનવત્ શાંતિથી સાંજનું જમણ થયું!

બીજા દિવસે સાંજે નવનીતરાય પોતાના ક્રમ પ્રમાણે પેઢીએ ગયા. બેઠા અને થોડી વારમાં વચલા દીકરાએ વાત છેડી: 'બાપુજી! ગઈ કાલે તમે ગુસ્સામાં હતા એટલે હું કંઈ બોલ્યો નહિ; પણ મોટા ભાઈની વાત સાચી છે!' નવનીતરાય સ્તબ્ધ થઈ ગયા: 'તો શું, તારો વિચાર પણ જુદા થવાનો છે?' નવનીતરાય ધ્રૂજતા અવાજે બોલ્યા.

'મારો નહિ, અમારો ત્રણે જણાનો વિચાર એક જ છે, બાપુજી!' નવનીતરાય કંઈ ન બોલ્યા. પછી કહ્યું: 'ઠીક છે, હું વિચાર કરીશ.'

ભારે હૈયે નવનીતરાયે ત્રણ જુદા બંગલાઓનો સોદો કર્યો. દીકરાઓને બંગલાઓ સોંપીને પોતે જૂના બંગલામાં એકલા રહેવાનું નક્કી કર્યું.

થોડા દિવસમાં મોટો દીકરો નવનીતરાયને બંગલે મળવા આવ્યો. નવનીતરાયને થયું, કદાચ દીકરો-વહુ-છોકરાંઓ એકલાં રહીને કંટાળ્યાં હશે, અને કદાચ એમને લેવા પણ આવ્યો હોય! આશાભર્યા નવનીતરાયે દીકરાને આવકાર આપ્યો; 'આવ ભાઈ! કેમ છે બધાં, મઝામાં?'

'હા.' દીકરો બેઠો. કમળાબહેને પોતે પ્રેમથી પાણી લાવીને દીકરાને ધર્યું. થોડી વારે દીકરાએ ધીમેથી વાત મૂકી: 'બાપુજી! ઘરમાં નાની-મોટી વસ્તુઓની ખૂબ જ ખોટ વર્તાયા કરે છે!'

'હેં?' નવનીતરાય સહેજ આંચકો પામી ગયા.

'અમને ભાઇઓને એમ લાગે છે, કે જો તમે તમારી હયાતીમાં મિલ્કત વહેંચી દો તો પછી અમારે પાછળથી કોઈ પ્રશ્ન ન ઊભો થાય!'

'શું જવાબ આપવો તે નવનીતરાયને સમજાયું નહિ એટલે માથે

હાથ દઈને બેઠા. 'અમને ખબર છે, બાપુજી, કે તમને અમારી માગણી ગમવાની નથી, પણ અમને ય નવા ઘરમાં જરૂરિયાત તો હોય જ ને? અને આપણે ઘરે આટલી બધી વસ્તુઓ હોય અને અમે તકલીફ ભોગવ્યા કરીએ એ પણ કંઈ વ્યવહારુ તો નથી જ ને?'

'કાલે પેઢીમાં વાત કરીશું.' કહીને નવનીતરાય આંખો મીચી ગયા.

થોડા દિવસ પછી નવનીતરાયે મિલ્કતની વહેંચણી પણ કરી નાખી. પોતાને માટે થોડું થોડું રાખીને લગભગ બધું દીકરાઓમાં વહેંચી દીધું. કમળાબહેને કહ્યું પણ ખરું; 'બધું જ વહેંચી દો છો, પછી છોકરાઓ તમારો ભાવ પણ પૂછવાના નથી!'

'ભલે. હું એમ ઇચ્છતો પણ નથી કે છોકરાઓ લાલચને વશ થઈને મારી પાછળ પાછળ ફર્યા કરે!' નવનીતરાયે સ્પષ્ટ શબ્દોમાં કહેલું.

એક દિવસ અચાનક નાનો છોકરો બંગલાને દરવાજે દેખાયો. નવનીતરાયને થયું, ગમે તેમ પણ નાનો હજી માબાપને ભૂલ્યો નથી! મળવા તો આવ્યો! નવનીતરાય હરખના માર્યા એને આવકારવા બારણાની બહાર ગયા: 'આવ ભાઈ! ઘણા વખતે દેખાયો! મઝામાં તો છે ને?'

'હા બાપુજી! તમે કેમ છો?' નાનાએ હસીને પૂછ્યું અને ઘરમાં આવી, થોડી વાર બેસી, બા-બાપુજીની ખબરઅંતર પૂછી વાત મૂકી: 'બાપુજી! આપણે ત્યાં દાદાજીના વખતનો પેલો ગાલીચો છે ને?'

'હા, છે ને બેટા!' નવનીતરાયે સહેજ યાદ કરીને કહ્યું.

'તે, મને એમ વિચાર આવ્યો, કે આમ પણ માળિયામાં પડી જ રહ્યો છે તો તમે કહેતા હો તો હું પાથરવા માટે લઈ જાઉં!'

'ભલે. લઈ જજે.' નવનીતરાયે કહ્યું અને આડી-અવળી વાતો કરીને નાનો ગયો. બીજે દિવસે વચલાએ પેઢીમાં નવનીતરાયને સીધો જ પ્રશ્ન કર્યો: 'બાપુજી! તમે ગાલીચો નાનાને આપી દીધો?'

'ના ભાઈ! આપી નથી દીધો! પણ એને એ ગમે છે; અને આમ પણ પડયો જ છે, તો ભલે લઈ જતો!'

'એમ તો એ ગાલીચો મને પણ ગમે છે! અને કદાચ મોટા ભાઈને પણ ગમે! અને અમારે પણ જોઇતો હોય તો?' નવનીતરાય પણ વિચારમાં પડી ગયા. પછી પૂછ્યું: 'ખરેખર તને પણ એમાં રસ છે? કે પછી નાનાને ભાગે જાય એટલા માટે જ તમે આવું કરો છો?'

'એવું કંઇ નથી બાપુજી! આખરે તો એ પણ અમારો ભાઈ જ છે. પણ તમે બીજા બેને પૂછ્યા વિના એકને એક વસ્તુ આપી દો તેમાં ન્યાય ક્યાં રહ્યો?'

'શું તમારા નાના ભાઈ માટે તમે આટલી એક તુચ્છ વસ્તુ પણ જતી ન કરો? તો પછી જો તમારે એકબીજાને માટે બલિદાન આપવાની ઘડી આવે ત્યારે તમે શું કરો?'

'એ વાત જુદી છે, બાપુજી! તમે જ અમને શીખવ્યું છે, કે હિસાબ કોડીનો, બક્ષિશ લાખની!'

'ઠીક છે, તો પછી કાલે સવારે ત્રણે ભાઇઓ બંગલે આવજો, એનો કંઈક નિકાલ કરીશું.' નવનીતરાયે ભારે અવાજે કહ્યું ને વાત સમેટી લીધી.

બીજા દિવસની સવારે ત્રણે ભાઇઓ ગાલીચાનો દાવો લઇને પોતપોતાના કુટુંબ સાથે હાજર થઈ ગયા. નવનીતરાયે થોડી વાર વિચાર કરીને કહ્યું: 'જુઓ આમ પણ ગાલીચો કોઈ પણ એક ભાઇને આપવો પડશે! તમને મંજૂર હોય તો હું ચિઠ્ઠીઓ નાખું. જેનું નામ આવે તેનો ગાલીચો! બરાબર છે?'

બધા તૈયાર થયા એટલે નવનીતરાયે ચિઠ્ઠીઓ નાખી ને કમળાબેને ખેંચી. મોટા છોકરાનું નામ નીકળ્યું! તેની વહુ અને છોકરાંઓ ખૂબ રાજી થયાં. બીજાં બધાં નિરાશ થયાં.

ગાલીચો માળિયામાંથી નીચે આવ્યો. ખૂલ્યો. બધાં જ તેને જોઈ રહ્યાં. મોટા દીકરાનાં બાળકો તો એના ઉપર કૂદવા લાગ્યાં. નવનીતરાય પણ શાંતિથી, કંઈ પણ બોલ્યાચાલ્યા વગર જોઈ જ રહ્યા.

થોડી વારે મોટા દીકરાનો નાનો દીકરો રમતો રમતો એના ભાઇને કહેવા લાગ્યો: 'ભાઈ! આપણે મોટા થઈશું ત્યારે આ ગાલીચાના બે ભાગ કરી લઈશું, હં કે?'

સાંભળીને નવનીતરાયની આંખોમાં પાણી આવી ગયાં. □

અનુસંધાન] દાત્રાણાનાં દેવમંદિરો [પૃ. ૨૭૦થી

કહે છે કે આ ખૂણા ઉપર બહાર નીકળતી નાગદેવતાની દેરી હતી. આજુબાજુના લોકો નાગપૂજા અર્થે હાલ પણ અહીં આવે છે. અમુક તિથિએ નાગ દેખાતો હોવાની માન્યતા છે. લોકો જેને નાગદેવતા તરીકે પૂજે છે તે શેષશાયી ભગવાન વિષ્ણુની સુંદર પ્રતિમા છે. બાજુમાં એક ખંડિત સૂર્યમૂર્તિ અને અન્ય શિલ્પખંડો આવેલા છે. દંતેશ્વર મહાદેવ મંદિરની સમકાલીન આ વાવમાં પણ બળેલા લાલ પથ્થરનું ચણતર છે.

સૂર્યમંદિર

દંતેશ્વર મંદિરથી જરા દૂર હર્ષદ માતાના મંદિર તરીકે ઓળખાતું એક સૂર્યમંદિર છે. ધીંગી મજબૂત પીઠિકા ઉપર લતીન પ્રકારનું શિખર ધરાવતું આ નાનકડું મંદિર અનેક દૃષ્ટિએ અગત્યનું છે. આશરે વીસેક ફૂટની એકંદર ઊંચાઈના આ મંદિરના ઘાટ તથા સ્થાપત્ય નોંધવા જેવાં છે. પીઠિકાથી આમલક સુધી જતી સાદી ઊભી રેખાઓ, મૂર્તિવિહોણા ભદ્રગવાક્ષો, બારશાખ ઉપરના નવ ગ્રહો ને મધ્યમાં ગણેશ-સ્થાને સૂર્ય, તેમ જ નવ ગ્રહની પટ્ટીની ઉપર પાછળથી બંધ કરાએલો ગવાક્ષ—એ રીતનું, કંઈક અંશે આ પ્રદેશના સૈન્ધવ મંદિરનો ઘાટ ધરાવતું લાગતું આ મંદિર ઈ. સ.ની નવમી સદીનું જણાય છે. બારશાખવાળો ભાગ ફરી વાર ચણાયો હોય અને અન્ય મંદિરોના પથ્થરો તેમાં ચણાઈ ગએલા હોય તેમ લાગે છે. ગર્ભગૃહમાં પાછળથી બનેલી હર્ષદમાતા—મહિષમર્દિની—ની મૂર્તિ હાલ પૂજાઅર્ચના પામે છે. બાજુમાં, લોકો જેને 'દંતલ દાતાર' તરીકે ઓળખાવે છે તે નવમી સદીની સુંદર સૂર્યમૂર્તિ છે.

આ પ્રદેશનાં ગામો અનેક પ્રકારની લોકકથા અને પૌરાણિક કથાના તાણાવાણા પોતાની સાથે જોડે છે. પ્રાચીન ઋષિઓ અને મધ્યકાલીન રાજા-મહારાજા તથા દાતારોના નામ સાથે અનેક સ્થળો બતાવાય છે. પ્રસ્તુત ગામના 'દાત્રાણા' એવા નામમાં 'દાતૃ આનક' (દાતાઓનું ગામ) કલ્પી શકાય છે. વેદગંગા, વેદનાથ, આશાપુરા, દંતાશેઠ વગેરેની આજુબાજુ ગૂંથાએલું આ સ્થાન નવા દાત્રાણા અને જૂના દાત્રાણામાં વિભક્ત બનેલું છે. અહીંથી પાંચેક કિ. મિ. દૂર હંસ્થલ (હંસસ્થલ) નામના ગામમાં અદ્યાપિ અપ્રસિદ્ધ એવું એક નવમી સદીનું માતૃ-મંદિર છે. હંસ્થલના પશ્ચિમ પાદરમાં આવેલું આ મંદિર લતીન પ્રકારનું શિખર ધરાવે છે. વિધર્મીઓને હાથે મૂળ શિખર નાશ પામતાં તેનો જીર્ણોદ્ધાર કરવા જતાં મૂળ માપ કરતાં શિખર વિશેષ ઊંચું લેવાઈ ગયું છે અને એ કારણે લતીન શિખરમાં જોવા મળતો મનોહર લચવળાંક અહીં વરવો બની ગએલો છે. ગર્ભગૃહમાં મહિષાસુર-મર્દિનીની મૂર્તિ આશાપુરા તરીકે પૂજાય છે. નાનકડું પણ હંસ્થલ ગામ આજુબાજુની પ્રકૃતિથી સહેજ ઊંચાણમાં આવેલું હોઈ વિશેષ સુંદર અનુભવાય છે.

દાત્રાણાનાં દેવમંદિરોમાં પ્રાપ્ત યક્ષ, સૂર્ય, વિષ્ણુ, શિવ, શક્તિ આદિના અવશેષો ગુજરાતની ધાર્મિક ક્ષિતિજોને વધુ વિશદ કરે છે. આ પ્રદેશમાં આવેલાં કોટાભટગામ, રાણપરડા અને ટંકારિયા જેવાં ગામો 'હડપ્પન સ્થળો' તરીકે જાહેર થએલાં છે. ખીમરાણા અને પિંડારામાં ઈ. સ.ની આઠમી સદીનાં શિવ તથા સૂર્યનાં મૈત્રક મંદિરો છે. હંસ્થલ, રાણ, નંદાણાનાં અદ્યાપિ અપ્રસિદ્ધ સ્થાનો સાથે દાત્રાણાને મૂકતાં આ આખા પ્રદેશનું ઐતિહાસિક ચિત્ર હવે વિશેષ સ્પષ્ટ થાય છે. □

પોરબંદર (૨૮-૧૦-૧૯૭૭)

બારાડી પંથકમાં

દાત્રાણાનાં દેવમંદિરે

લેખક • નરોત્તમ પલાણ



આશાપુરાનું સોળખંભા મંદિર ▷

જામનગર જિલ્લામાં જામખંભાળિયા પાસે બારાડી પંથકમાં આવેલું દાત્રાણા ગામ સ્થાનિક લોકોમાં તીર્થધામ તરીકે જાણીતું છે. લોકમાન્યતા એવી છે કે શંખાસુરના સ્પર્શથી અશુદ્ધ થએલા વેદને શુદ્ધ કરવાની જરૂર હતી. આ માટે ભગવાન વિષ્ણુની પ્રાર્થનાથી દાત્રાણાના પાદરમાં ગંગાજી પ્રકટયાં અને ભગવાન વિષ્ણુએ એમાં વેદને સ્નાન કરાવ્યું ત્યારથી દાત્રાણાના પાદરની નદી 'વેદગંગા' તરીકે મહિમાભર્યું સ્થાન પામી છે. હાલ દર વર્ષે ભાઈબીજને દિવસે વેદગંગામાં સ્નાનાર્થે ભક્તિભાવભર્યો જનસમુદાય ઊમટે છે ને નાનકડા મેળા જેવું બની રહે છે.

'વેદગંગા' નામે ઓળખાતી નદી આમ જુઓ તો એક તળાવના સ્વરૂપમાં છે, પાળની એક બાજુથી જે નાની સરવાણી વહે છે તે જ વેદગંગા છે. ઈતિહાસ, પુરાતત્ત્વ અને ધર્મસંસ્કૃતિની દૃષ્ટિએ આનું બહુ મહત્ત્વ જણાય છે. તળાવ અને સરવાણીવાળી આ વેદગંગાની આજુબાજુ સાતેક પ્રાચીન મંદિરોનો ભંગાર હાલ ઊભો છે. કિનારાની એક ખાઈમાં મૈત્રકકાલીન ઉલૂખલ અને બાજુના ટીંબા ઉપર ક્ષત્રપ ઠીકરીઓ જોવા મળે છે. દાત્રાણા છેલ્લાં દોઢ-બે હજાર વર્ષનું પ્રાચીન સ્થાન છે. વેદગંગાને કિનારે આવેલું વેદનાથ મહાદેવનું મંદિર, બાજુના સ્મશાનમાં આવેલી હનુમાન ડેરી અને ઉજ્જયની નગરીના દંતાશેઠે બંધાવેલાં કહેવાતાં આશાપુરા મંદિર, દંતેશ્વર મહાદેવ તથા દંતેશ્વરી વાવ, ને બાજુમાં આવેલું એક સૂર્યમંદિર આ સ્થાનની પુરાતાત્ત્વિક સમૃદ્ધિ છે.

વેદનાથ મંદિર અને હનુમાન દેરી

વેદગંગાના પશ્ચિમ કિનારે વેદનાથ મહાદેવનું પૂર્વાભિમુખ નાનું મંદિર આવેલું છે. ગર્ભગૃહમાં ઉમા-મહેશ્વરની યુગલ પ્રતિમા છે. મંદિરની દીવાલો અને શિખર ફરી વાર બંધાએલાં છે, જ્યારે પીઠિકા તેના પ્રાચીન અંશોને જાળવી રાખતી નજરે ચડે છે. સમારકામ પામેલા શિખરમાં ચૈત્યો મૂકવાનો જે પ્રયત્ન થએલો છે તેની સાથે પીઠિકાને સરખાવતાં મૂળ સ્થાન આઠમી સદી જેટલું પ્રાચીન હશે એવું અનુમાન થઈ શકે છે.

વેદનાથની બાજુમાં સ્મશાન છે અને સ્મશાનને એક કાંઠે હનુમાનની નાની દેરી આવેલી છે. દેરી હમણાંની બંધાએલી છે ને સારો વરસાદ હોય તો પાણીમાં ડૂબેલી રહે છે. આ દેરીનું સૌથી મોટું રહસ્ય એ છે કે તેની અંદર હનુમાન તરીકે પૂજાતી ધીંગી મોટી મૂર્તિ હનુમાન નથી, પરંતુ યક્ષ છે! દાત્રાણાનાં દેવમંદિરોનો સૌથી પ્રાચીન અવશેષ આ યક્ષમૂર્તિ છે. બેઠેલી છે છતાં ય ઊભેલી લાગે તેવી ઊંચાઈ, જાડાઈ અને મોટા માથાવાળી આ યક્ષપ્રતિમા ગુપ્ત કાળના પ્રારંભની જણાય છે. ભગવાન શ્રીકૃષ્ણ સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે સૌરાષ્ટ્રમાં યક્ષો હતા. 'યક્ષોમાં કુબેર હું છું' કહી શ્રીકૃષ્ણે આ યક્ષોને અપનાવેલા જણાય છે. જૈન ગ્રંથો મુજબ દ્વારકાની પાસે સુરપ્રિય નામના યક્ષનું આયતન હતું. સંભવ છે કે દાત્રાણાની આ યક્ષમૂર્તિ સુરપ્રિય યક્ષ સાથે સંબંધિત હોય. એ તો સ્પષ્ટ છે કે સૌરાષ્ટ્રમાં એક કાળે યક્ષપૂજા હતી. દાત્રાણાની આ યક્ષમૂર્તિ સાથે બરડા ડુંગરના રાણપુર ગામે આવેલી યક્ષમૂર્તિ, જૂનાગઢ જિલ્લાના દિવાસા ગામની બહાર હાલ ચામુંડા તરીકે પૂજાતી યક્ષમૂર્તિ અને મૂળ માધવપુર ટેકરી પરની યક્ષડેરી તથા યક્ષમૂર્તિ ઈ. સ.ની દસમી સદી પહેલાંના યક્ષપૂજાના અવશેષો છે. દિવાળીના તહેવારને યક્ષરાત્રિનો તહેવાર પણ કહેવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં દિવાળીની રાત્રિએ નીકળતાં 'મેરાયાં' યક્ષ સાથે સંબંધિત જણાય છે.

વેદનાથ અને હનુમાન દેરીની વચ્ચે આવેલી નાની દેરીમાં ઓળખી ન શકાય તેવા બે'ક શિલ્પાવશેષો પડેલા છે. આજુબાજુ અગ્નિસંસ્કારની નિશાનીઓ, તૂટેલા ઘડા અને મોરિયા, ઊડતી ખાપણ અને બળેલાં છાણાં-લાકડાં ભગવાન પશુપતિના, નટરાજથી તદ્દન વિરુદ્ધ અઘોરી



△વેદનાથ મહાદેવ અને હનુમાન દે'રી (આ તથા ઉપરનો ફોટો • નરોત્તમ પલાણ)



દંતેશ્વરી વાવ અને પાળિયા (ફોટો • મણિભાઈ વોરા)△







સ્વરૂપને અનુકૂળ પર્યાવરણ રચી રહે છે. દાત્રાણાનું, આજુબાજુ આવેલાં મંદિરોથી આવૃત્ત, નાનકડી વેદગંગાનાં નીરથી સિક્ત થતું સ્મશાન ભારે જીવંત અનુભવાય છે.

આશાપુરા મંદિર

વેદગંગાના સામે કાંઠે 'સોળખંભા મંદિર' તરીકે ઓળખાતું આશાપુરાનું મંદિર છે. આખું મંદિર કુલ સોળ થાંભલા ઉપર આવેલું હોઈ લોકો તેને 'સોળખંભા' તરીકે ઓળખે છે. તદ્દન ભંગાર હાલતનું આ મંદિર જેમતેમ પાણા ચણીને ઊભું રાખવામાં આવ્યું છે. વચ્ચેના ચાર થાંભલાનું ગર્ભગૃહ છે અને તેમાં સિન્દૂર અર્ચિત આશાપુરા માતાજીની મૂર્તિ છે. મૂર્તિ હમણાંનું પ્રાકૃત કામ ધરાવે છે અને સિન્દૂરથી વધારે બેડોળ બનેલી છે, પરંતુ આ મૂર્તિને જે પરિકર વચ્ચે બેસાડેલી છે તે પરિકર કોઈ અન્ય દેવનું (સંભવતઃ વિષ્ણુનું) અને અગિયારમી-બારમી સદીનું શિલ્પકામ છે. આખું મંદિર જૂનાગઢ જિલ્લાના આજોઠા નજીક આવેલા 'વીર વિક્રમના દેરા'નું ઉત્તરકાલીન સામ્ય ધરાવે છે. થાંભલા ઉપરના મજબૂત પાટોડા, કિચકયુક્ત સ્તંભો અને મંદિરની બહાર બાવાજીની ઓરડી પાસે પડેલા વિષ્ણુમૂર્તિના અવશેષો આ સ્થાન પરત્વે ઈ. સ.ની અગિયારમી સદીની આસપાસનો કાળનિર્દેશ કરે છે.

આ સોળખંભા મંદિરનો નોંધવા લાયક અવશેષ તો મંદિરના ભગ્ન મંડપની એક દીવાલમાં ચણાએલી રથારૂઢ સૂર્યમૂર્તિનો છે. લંબચોરસ પાટમાં તક્ષણ પામેલી રથ પર બિરાજમાન સૂર્યની આ મૂર્તિ તદ્દન ઘસાઈ ગએલી છે. નિશ્ચિત કાળનિર્ણય શક્ય નથી, પરંતુ દસમી સદી પૂર્વેનો આ એક મૂલ્યવાન અવશેષ છે.

સ્થાનિક લોકોમાં પ્રચલિત એક કથા એવી છે કે વિક્રમ રાજાના દરબારમાં આગળના આસને બિરાજતો દંતાશેઠ પરિવાર સહિત દ્વારકાની યાત્રાએ નીકળ્યો. રસ્તામાં આ વેદગંગાને કિનારે રાતવાસો કરવા પડાવ નાખ્યો. સ્વપ્નમાં આશાપુરા માતાજી આવ્યાં ને જે જગ્યાએ પડાવ છે તેની નીચે જ સાત હાથ ઉપર માતાની મૂર્તિ હોવાનું જણાવ્યું. દંતાશેઠે તો સવારમાં જ માણસો બોલાવી પડાવની જગ્યાએ ખોદકામ આરંભ્યું અને બરાબર સાત હાથ ખોદતાં જ માતાજીની મૂર્તિ નીકળી. એ મૂર્તિને દંતાશેઠ વાજતે ગાજતે ઉજ્જયની પધરાવી ગયો ને જ્યાંથી મૂર્તિ નીકળી હતી ત્યાં આ 'સોળખંભા'નો મંડપ બંધાવ્યો. માતાજીની કૃપાથી દંતાશેઠ ખૂબ ધનવાન બન્યો અને આ વેદગંગાના કિનારા ઉપર તેની આસ્થા બંધાઈ. પછી તો દર વર્ષે દંતાશેઠ અહીં આવતા અને પોતાના નામ ઉપરથી દંતેશ્વર મહાદેવ, દંતેશ્વરી વાવ તથા દંતલપુરા નગરી અહીં બંધાવ્યાં.

દંતેશ્વર મહાદેવ

આ મંદિરની પ્રથમ વિશિષ્ટતા એ છે કે એના ચણતરમાં બળેલા લાલ પથ્થરનો ઉપયોગ થએલો છે. આગળનો ગૂઢમંડપ નષ્ટ છે. અંતરાલયુક્ત અલંકૃત દ્વારશાખવાળા ગર્ભગૃહમાં શિવજી વિરાજે છે. પાર્વતીજીના સ્થાને સ્થાનિક કલાકારોએ ઘડી કાઢેલી બે માતૃકાઓ અને આજુબાજુ નાનાંમોટાં શિલ્પોનો ભંગાર (મહદંશે તૂટેલા ગૂઢમંડપનો) જે તે દેવના રૂપમાં સિન્દૂર અર્ચી ગોઠવાએલો છે. સૌથી સુંદર અને કંઈક ઠીક હાલતમાં આવેલ છે મંડોવર સહિતનું શિખર. મંદિરની પીઠિકા જમીનમાં દટાએલી છે અને દિક્પાલ તથા અપ્સરાઓ વિનાના મંડોવરમાં ભદ્રગવાક્ષના દેવતાઓ ખંડિત છે. શિખરની રથિકાના ગવાક્ષો પણ દેવશૂન્ય છે. રથિકાની ઉપરથી નીકળતાં ત્રણ ઉરુશૃંગો ને મૂળમંજરી પોતા ઉપર સુંદર આમલક તથા કળશને ધારણ કરે છે. દંતેશ્વર મહાદેવનું આ મંદિર નાગર શૈલીનું ઈ. સ.ની અગિયારમી સદીની શરૂઆતનું એક સુંદર મંદિર છે.

દંતેશ્વરી વાવ


દંતેશ્વર મહાદેવની બાજુમાં જ દંતેશ્વરી વાવ છે. લોકો 'દંતેસરી' અને દંતાવાવ' તરીકે એને ઓળખાવે છે. કાટખૂણે આવેલી આ વાવમાં ઊતરતાં વળાંક ઉપર ડાબે હાથે સ્તંભયુક્ત દેવકુલિકા છે. (અનુ. પૃ. ૨૬૮)



મથાળે અનુક્રમે: દંતેશ્વર મહાદેવ, સૂર્યમંદિર અને હંસસ્થળ માતાનું મંદિર.

◁ દંતેશ્વરનું ગર્ભગૃહ

ચારે ફોટો: નરોત્તમ પલાણ



△આકૃતિ ૪ : ફાઈબર સ્કોપ

શરીરની અંદરના સૂક્ષ્મ ભાગોને પ્રત્યક્ષ કરી બતાવવાથી માંડી દૃશ્ય સંદેશવ્યવહાર પ્રણાલી સુધીનાં અનેક ક્ષેત્રોમાં અવનવા ઉપયોગની નવી જ શક્યતાઓ પ્રકટાવનારી, પ્રકાશના સિદ્ધાંતો સાથે સંકળાએલી વિજ્ઞાનની એક નવી ઉપશાખા

ફાઈબર ઑપ્ટિક્સ


લેખક • ડૉ. સુશ્રુત પટેલ

વાંકી અને પોલી નળીમાં એક છેડેથી પ્રવેશેલો પ્રકાશ નળીની અંદર વારંવાર પરાવર્તિત થઇને બીજા છેડ સુધી પહોંચી જાય છે એ તો ઘણાં વર્ષોથી જાણીતું હતું. જો આવી નળી ચાંદી કે ઍલ્યુમિનિયમની બનેલી અને અંદરથી પૉલિશ કરેલી હોય તો પરિણામ વધુ સારું આવે છે. આજ સુધી આવી નળી ને આવા જ્ઞાનનું બહુ મહત્ત્વ ન હતું, કારણ કે એનો કોઈ વ્યવહારુ ઉપયોગ ન હતો.

આવું કરવામાં વારંવાર પરાવર્તિત થવાના કારણે દરેક વખતે પ્રકાશનાં કિરણોનો થોડોઘણો હ્રાસ પણ થતો રહે છે, જેને 'પરાવર્તન વ્યય' (reflection loss) કહે છે. વળી, જો પાઈપ (નળી કે ભૂંગળી) વધુ લાંબી હોય તો પરાવર્તન-વ્યય પણ એને : અનુલક્ષીને વધતો જાય છે.

આ વ્યય રોકવા માટે એક યુક્તિ કામ લાગી છે. પાણીના ઊડતા ફુવારાને રંગબેરંગી કરવા માટે જે સિદ્ધાંત કામ કરે છે એનો જ વ્યવહારુ ઉપયોગ આમાં કરવામાં આવ્યો છે. પ્રકાશના સિદ્ધાંતો સાથે સંકળાએલી વિજ્ઞાનની આ ઉપશાખાને 'ફાઈબર ઑપ્ટિક્સ' (તંતુ-પ્રકાશિકી) એવું નામ અપાયું છે.

જ્યારે પ્રકાશનું કિરણ સીધું કે કાટખૂણો બનાવ્યા વગર ત્રાંસુ રહીને એક માધ્યમમાંથી બીજા માધ્યમમાં પ્રવેશે છે ત્યારે બંને માધ્યમની સપાટી આગળ એ વળે છે, એટલે કે વક્રીભૂત થાય છે. આનું કારણ એ છે કે પ્રકાશ જુદાજુદા માધ્યમમાં જુદીજુદી ગતિ ધરાવે છે. આને લઇને બંને માધ્યમની સપાટી કે અંત:પૃષ્ઠ (interface) આગળ પ્રકાશની તરંગ લંબાઈ (wave length)માં સહેજ ફેરફાર થાય છે. આકૃતિ ૧માં વક્રીભવનની આ ક્રિયા સમજાવી છે. વક્રીભૂત થયા પહેલાંનું કિરણ તે 'આપાત કિરણ' (incident ray) અને એ પછીનું 'વક્રીભૂત કિરણ' (refracted ray) તરીકે ઓળખાય છે. એક માધ્યમમાંથી બીજા માધ્યમની સપાટી આગળ જે સ્થાને કિરણ આપાત થાય છે, ત્યાં કાટખૂણે દોરેલી લંબરેખા 'લંબ' (normal) તરીકે ઓળખાય છે. આપાત કિરણ લંબ સાથે જે કોણ બનાવે તેને 'આપાત કોણ'(angle of incident) અને વક્રીભૂત કિરણ લંબ સાથે જે કોણ બનાવે તેને વક્રીભૂત કોણ (angle of refraction) કહે છે.



△ આકૃતિ ૧. પાતળા માધ્યમમાંથી (અહીં હવામાંથી) ઘટ્ટ માધ્યમ (અહીં કાચ)માં પ્રવેશતાં પ્રકાશનું કિરણ લંબ તરફ વંકાય છે. એ જ રીતે ઘટ્ટ માધ્યમમાંથી પાતળા માધ્યમમાં જતાં એ લંબથી દૂર તરફ વળે છે. પ્રકાશના વક્રીભવનનો એ સિદ્ધાંત આકૃતિમાં દર્શાવ્યો છે.

જ્યારે પ્રકાશ ભિન્નભિન્ન અપારદર્શકતા ધરાવતા માધ્યમમાંથી પસાર થાય છે, ત્યારે પ્રકાશનાં કિરણો લંબથી દૂર કે એના તરફ વળે છે. પ્રયોગોથી જણાયું છે કે જ્યારે હવા જેવા પાતળા માધ્યમમાંથી પ્રકાશ કાચ જેવા ઘટ્ટ માધ્યમમાં પ્રવેશે છે, ત્યારે એ લંબ તરફ વંકાય છે. વંકાવાની આ ક્રિયા એટલે 'વક્રીભવન'.

કોઈ પણ પારદર્શક માધ્યમનો 'વક્રીભવનાંક' કે 'વર્તનાંક' (refractive index) એટલે હવામાંના પ્રકાશના વેગ ને એ માધ્યમમાંના પ્રકાશના વેગનો ગુણોત્તર. આને કારણે દરેક માધ્યમનો વક્રીભવનાંક જુદોજુદો હોય છે. વળી જેમ માધ્યમનો વક્રીભવનાંક ઊંચો, એમ એમાં પ્રકાશનાં કિરણોનો વેગ ઓછો. આમ, માધ્યમના વક્રીભવનાંકને અને એમાં પ્રવેશેલા પ્રકાશના કિરણના વંકાવાને સંબંધ છે.

આ જુદાજુદા વક્રીભવનાંકને કારણે જ આપણે જુદાંજુદાં માધ્યમોને એકમેકથી અલગ તારવી શકીએ છીએ. ધારો કે કોઈ ઘન પદાર્થ (દા. ત. બરફ)નો વક્રીભવનાંક એને જે પ્રવાહી માધ્યમ (દા. ત. પાણી)માં મૂકીએ એના જેટલો જ હોય તો એ ઘન પદાર્થ એ પ્રવાહીમાં આપણને દૃષ્ટિગોચર થશે નહિ. બરફના કટકાને પાણીમાં મૂકતાં એ બંને માધ્યમોની સપાટી આગળ વક્રીભવન થતું ન હોવાથી જ આપણને બરફ દેખાતો નથી. આ સિદ્ધાંત સાચા અને ખોટા હીરા પારખવા માટે કામ લાગે છે. કાર્બન ડાઈસલ્ફાઈડ (carbon disulfide)ના દ્રાવણમાં કાચના ખોટા હીરા અદૃશ્ય બની જાય છે, જ્યારે અસલ હીરા ઝગમગે છે.

વિજ્ઞાનનું આ સત્ય જ એચ. જી. વેલ્સે પોતાની જગમશહૂર 'ધી ઈનવિઝિબલ મૅન' નામની વૈજ્ઞાનિક કલ્પનાકથામાં ગૂંથી લીધું છે. એમાં પોતાના શરીરના વક્રીભવનાંકનું મૂલ્ય લગભગ એકની પાસે લાવી દેવામાં સફળતા મેળવતા માનવીની સિદ્ધિ આલેખાઈ છે. પરિણામે એના શરીર-

ના અને હવાના વક્રીભવનાંક એકસરખા જ થઈ જતાં એ પોતે અદૃશ્ય થઈ જાય છે! પણ આવી બિનભૂત વૈજ્ઞાનિક કલ્પના કરવામાં વેલ્સ એક અગત્યની ભૂલ કરી બેઠા છે—કદાચ જાણી જોઇને પણ એમણે આ થાપ ખાધી હોય. અદૃશ્ય થતો આવો માનવી આંધળો થવો જ જોઇએ, કારણ કે આ સંજોગોમાં એની આંખોના લેન્સો (દૃગકાચ) પણ રેટાઈના (નેત્રપટલ) ઉપર કોઈ જાતનું પ્રતિબિંબ ઊપસાવી શકે જ નહિ!

આ તો આડવાત થઈ. આકૃતિ ૨ માં કાચ એટલે ઘટ્ટ માધ્યમમાંથી કિરણો હવા એટલે કે પાતળા માધ્યમમાં જતાં દર્શાવ્યાં છે. એમાં દર્શાવ્યા અનુસાર એક, બે અને ત્રણ નંબર આપેલાં કિરણો પૈકી થોડાં પરાવર્તિત થઈ કાચમાં જ રહે છે, ને બાકીનાં મોટા ભાગનાં વક્રીભૂત થઇને હવામાં ચાલ્યાં જાય છે. તમે જોયું હશે કે આપણે જેમ એક નંબરથી આગળ વધતા ગયા, એમ આપાત થતા કિરણ ને લંબ વચ્ચેનો કોણ–આપાત કોણ–પણ વધતો ગયો. પછી ત્રણ નંબર આવ્યો, જે વક્રીભૂત થતાં, કાચની સપાટી સાથે ઘસાઇને જતો દેખાય છે. આમ ત્રણ નંબરનું વક્રીભૂત કિરણ હવામાંના લંબ સાથે ૯૦ અંશ (કાટખૂણો) બનાવીને આગળ વધે છે. આવી ગતિ કરતા (આકૃતિમાં ત્રીજા નંબરના) કિરણને 'ક્રાંતિક કિરણ'(critical ray) અને આપાત થઇને બનાવાતા(કાચની અંદરની સપાટીએ આપાત થતા) આપાત કોણને 'ક્રાંતિક કોણ' (critical angle) કહે છે. આકૃતિ જોવાથી સમજાશે કે જેમ આપાત કોણ વધશે એમ, બલ્કે એનાથી પણ વધુ વક્રીભવન કોણ વધશે, અને વક્રીભૂત થએલું કિરણ કાચની સપાટીની વધુ પાસે જશે.

કોઈ પણ કિરણનો આપાત કોણ, ક્રાંતિક કોણ કરતાં વધુ હોય તો તે કિરણ એ જ માધ્યમની અંદર પૂરેપૂરું પરાવર્તિત થઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂળ માધ્યમમાં જ કેદ થઈ જાય છે, અને અંદર પરાવર્તિત થતાં બહાર નીકળી શકતું નથી. આકૃતિમાં ચાર અને એ પછીનાં બધાં કિરણો આ રીતે વર્તે છે. આ ક્રિયાને 'પૂર્ણ આંતરિક પરાવર્તન' (total internal reflection) કહે છે.


વળી, ક્રાંતિક કોણ બે માધ્યમના વક્રીભવનાંક ઉપર આધાર રાખતો હોવાથી એનું મૂલ્ય જુદુંજુદું હોય છે. જેમ કે કાચ અને હવાની હદનો ક્રાંતિક કોણ ૪૧ અંશ હોય છે, જ્યારે પાણી અને હવાની હદનો આશરે ૪૯ અંશ હોય છે. જે માધ્યમનો વક્રીભવનાંક ઊંચો હોય, એમાં જ આ સંપૂર્ણ પરાવર્તન જોવા મળે છે.

ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે કાચની નક્કર નળીમાં પ્રવેશેલા પ્રકાશને જો અમુક કોણ કરતાં વધુ વાળવામાં આવે તો એ કાચની નળીને છોડીને જઈ શકશે નહિ. આપણે ઉપર જોયું તેમ, કાચ અને હવાના માધ્યમ માટે આ કોણ ૪૧ અંશ છે. આ ક્રાંતિક-કોણથી વધુ કોણ બનાવીને જો પ્રકાશકિરણ આપાત થાય, તો એ કિરણ કાચના સળિયાની અંદર સંપૂર્ણ પરાવર્તન પામશે અને બહાર નીકળી નહિ શકે.


પણ વાત આટલેથી અટકતી નથી, કારણ કે એકલા કાચની જ બનેલી નળી કે પ્લાસ્ટિકનો સળિયો માત્ર પ્રકાશશક્તિ લઈ જવાનું જ કામ કરે છે; એ કાંઈ વસ્તુનું પ્રતિબિંબ ન લઈ જઈ શકે. આવું નહિ થવાનું કારણ પણ આપણે જોઈ લઇએ.

આપણે જ્યારે કોઈ વસ્તુની સામે જોઇએ છીએ ત્યારે ખરેખર તો એ વસ્તુ ઉપર પરાવર્તિત થતાં પ્રકાશનાં કિરણો જ આપણી આંખ જોતી હોય છે. ધારો કે તમે રંગ-રંગીન ટપાલની ટિકિટ સામે જુઓ છો. આ વખતે ટિકિટના અલગ અલગ ભાગ ઉપરથી જુદીજુદી તીવ્રતા (intensity) સાથે પ્રકાશ પરાવર્તિત થતો હોય છે. આમ જે ભાગ કાળો કે ઘેરો હોય ત્યાંથી ઓછો ને જે ઊઘડતો, કે આછો હોય ત્યાંથી વધુ પ્રમાણમાં પ્રકાશ પરાવર્તિત થાય છે. આ બદલાતી જતી તીવ્રતા એક ચોક્કસ પ્રકારની ભાત જન્માવે છે.

આકૃતિ ૨



૧થી૩ = અર્ધ પરાવર્તિત કિરણો. ૪ = સંપૂર્ણ પરાવર્તિત કિરણ



ઘટ્ટ, એટલે કે અહીં કાચના માધ્યમમાંથી (હવા જેવા)પાતળા માધ્યમમાં જતાં કિરણો દર્શાવ્યાં છે. લેખમાં સમજાવ્યા પ્રમાણે ઉપરની આકૃતિ જોતાં જણાશે કે કાચમાંથી આવતું કિરણ લંબથી જેટલું દૂર હોય છે તેમ તેનું વક્રીભવન કાચની સપાટી તરફ વધુ ઢળે છે. આ રીતે કિરણ-૩ વક્રીભૂત થઈ કાચની સપાટીને સ્પર્શી જાય છે જ્યારે કિરણ–૪ એટલું વક્રીભૂત થઈ જાય છે કે એ કાચની બહાર જ નીકળવા પામતું નથી. આ સ્થિતિને 'પૂર્ણ આંતરિક પરાવર્તન' કહે છે. ક્રાંતિક કોણથી મોટો કોણ બનાવતું પ્રત્યેક આપાત કિરણ સંપૂર્ણ પરાવર્તિત થઈ જાય છે. ૪૫°, ૪૫° અને ૯૦°ના ત્રણ કોણવાળા ત્રિપાર્શ્વ કાચમાં પ્રકાશનું સંપૂર્ણ પરાવર્તન થાય છે: એ નીચેની બે આકૃતિમાં દર્શાવ્યું છે.

હવે ધારો કે જો એક કે અર્ધા ઈંચના વ્યાસવાળી આવી પ્રકાશ નળીમાંથી ચિત્રના કોઈ એક ભાગમાંથી પરાવર્તિત થતાં પ્રકાશનાં કિરણોને પસાર થવા દેવામાં આવે તો એ નળીમાં વિવિધ ભાત પેદા કરે છે. આ દરમિયાન ચિત્રના બીજા ભાગમાંથી આવતાં પ્રકાશનાં કિરણો પણ એ જ નળીમાંથી પસાર થતાં વળી જુદી જ ભાત ઊપસાવે છે. આ વિવિધ ભાત જ્યારે પ્રકાશનળીના બીજે છેડે પહોંચે ત્યારે એવી તો પચરંગી ભાત થઈ હોય કે મૂળ ચિત્ર જ ઓળખાય નહિ એવું થઈ જાય!

એટલે જો પ્રતિબિંબ (image) ઠીક ઢંગથી મોકલવું હોય તો આવી ઘણી બધી નળીઓને સમૂહમાં ગોઠવવી જોઈ એ. (જુઓ આકૃતિ ૩–૨.) આમ કરવાથી મૂળ પ્રતિબિંબ નાનાનાના વિભાગોમાં વહેંચાઈ જાય છે. આ દરેક વિભાગ હવે એકએક અલગ-અલગ નળીને ભાગે આવે છે. આમ, દરેક ભાગમાંથી નીકળતું પ્રકાશનું કિરણ (પ્રતિબિંબ) એકએક નળીને સામે છેડે પહોંચે છે.

આવી ગોઠવણ કે જેમાં અનેક તાંતણાઓના સમૂહ ગોઠવાએલા હોય છે અને જેનું કામ પ્રકાશનાં કિરણોને કે પછી પ્રતિબિંબોને એક છેડેથી બીજે છેડે વહન કરી જવાનું છે, એને 'ફાઈબર સ્કોપ' (Fiber scope) કહે છે. 'ફાઈબર ઑપ્ટિક્સ'(Fiber Optics) જેવા વિજ્ઞાનના મૂળમાં આ પ્રકારની ગોઠવણ રહેલી છે.

એક જ ભારીમાં જેમ પુષ્કળ ઘાસ બાંધેલું હોય છે એમ એક નળીમાં આવા અસંખ્ય તાંતણાઓ બાંધેલા હોય છે. સામાન્ય વપરાશમાં



આકૃતિ ૩: (૧) હવા અને કાચની હદ આગળ પ્રકાશ સંપૂર્ણ પરાવર્તિત થાય છે. (૨) એવા સંપૂર્ણ પરાવર્તિત પ્રકાશકિરણોને વહી જતી પ્રકાશ નળીઓનો ભારો ભેગો થઈને 'ફાઈબર સ્કોપ' બનાવે છે. (૩) ફાઈબર સ્કોપને એક આચ્છાદિત ફાઈબર. તેની અંદર પ્રકાશનું સંપૂર્ણ આંતરિક પરાવર્તન થાય છે. આ ફાઈબર બે ભાગનો બનેલો હોય છે: એક પ્રકાશનું વહન કરી જતો અંદરનો ગર્ભરૂપ ભાગ અને બીજો તેના ઉપરનું બહારનું આવરણ બંને પારદર્શક હોય છે. પણ બંનેના વક્રીભવનાંક અલગઅલગ હોય છે.

પ્રયોજાતા ફાઈબર સ્કોપમાં આશરે ૭,૫૦,૦૦૦ જેટલા ફાઈબર હોય છે. આ પ્રત્યેકનો વ્યાસ ૧૦ માઈક્રોન જેટલો હોય છે. (એક માઈક્રોન એટલે એક મિલિમીટરનો હજારમો ભાગ.) ખાસ જાતના ઉપયોગમાં લેવાનારા ફાઈબર સ્કોપમાંના તાંતણાનો વ્યાસ તો વળી પાંચ માઈક્રોન કે એથી પણ ઓછો હોય છે. કાચના આવા તાંતણા આશરે ૦.૦૦૦૫ થી ૦.૦૦૦૬ ઈંચ સુધીના વ્યાસના બનાવવામાં આવે છે. પણ માત્ર આવા આંકડા એની સૂક્ષ્મતાનો ખ્યાલ નહિ આપી શકે. સામાન્યતઃ આપણા વાળનો વ્યાસ ૦.૦૦૨ ઈંચ જેટલો હોય છે. એટલે આ તાંતણા (ફાઈબર) તો વાળથી પણ ક્યાંય વધુ પાતળા હોય છે! આમાં પ્લાસ્ટિકના તંતુઓ અપવાદ છે. એ આનાથી સહેજ જાડા હોય તોપણ ચાલી શકે કારણ કે એ કાચની સરખામણીએ સહેલાઈથી વળી શકે છે.

સહેલાઈથી વળી શકતાં આવાં ફાઈબર સ્કોપ ખૂણેખાંચરે ફરી વળે. એક મજાની વાત એ છે કે એને કાનના પોલાણમાં નાખતાં વ્યક્તિ પોતે જ પોતાના કાનની અંદર ડોકિયું કરી શકે! આવી સરળ વ્યવસ્થા અમલમાં મૂકવાની કલ્પના પ્રકાશશાસ્ત્રના અભ્યાસીઓને છેલ્લાં સો વર્ષ દરમિયાન નહિ આવી હોય એમ માનવાને કારણ નથી, પણ એને વ્યવહારમાં મૂકવામાં પાર વિનાની મુશ્કેલીઓ નડી હશે. જેમ કે આવા ફાઈબર એકમેકના સંસર્ગમાં હોય તો પ્રકાશનું પ્રતિબિંબ એક ફાઈબરમાંથી નીકળીને એની પાસેના બીજા ફાઈબરમાં 'લીક' થાય ને મૂળ પ્રતિબિંબ વિકૃત બની જાય. આ ઉપરાંત, એકબીજાને અડીને રહેલા ફાઈબર એકમેક સાથે સતત ઘસાયા કરે ને એની સપાટી પર ઘસરકા પડે. આવા આંકામાંથી પણ પ્રકાશનાં કિરણો (કે પ્રતિબિંબ) બહાર 'લીક' થઈ જાય.

આ સમસ્યાનો ઉકેલ આવ્યો છેક ૧૯૫૦માં. વૈજ્ઞાનિકોએ આ માટે નળીને બે જુદાંજુદાં માધ્યમોમાં વહેંચી દીધી. અંદરનો ગર્ભ અને એની ફરતે વીંટળાએલું બાહ્ય કવચ. બંને માધ્યમ પારદર્શક, પણ બંનેના વક્રીભવનાંક અલગઅલગ. અંદરના ભાગનો વક્રીભવનાંક વધારે, જ્યારે બહારનાનો ઓછો.

આપણે અગાઉ જોયું તેમ, જેમ માધ્યમનો વક્રીભવનાંક ઊંચો, એમ એમાં પ્રકાશનાં કિરણોનો વેગ ઓછો. આમ આંતરિક પરાવર્તિત થતો પ્રકાશ બે ભિન્ન વક્રીભવનાંક ધરાવતા પદાર્થો વચ્ચે થાય છે (જુઓ આકૃતિ ૩-૩). આને પરિણામે પરાવર્તિત થતી સપાટી સજ્જડ (sealed) બની જાય છે, અને બીજી સપાટીથી નોખી પડી જાય છે. આથી હવે ઘસરકાથી પ્રકાશનો હ્રાસ થતો નથી કે એનો ચુવાક (લીક) થતો નથી. આવા પ્રકારની ગોઠવણ આજકાલ મળતાં બધાં જ ફાઈબર-ઑપ્ટિક્સ ઉપકરણોમાં જોવા મળે છે. સામાન્ય રીતે આવા તંતુઓના જથ્થાને વળી શકે એવા પ્લાસ્ટિક કે ધાતુના આવરણની અંદર રાખવામાં આવે છે.

આવી ફાઈબર સ્કોપ ટ્યૂબ એના ઉપયોગ પ્રમાણે મુખ્યત્વે બે જાતની બનાવવામાં આવે છે. ઘણી વાર વસ્તુનું પ્રતિબિંબ નહિ, પણ માત્ર પ્રકાશ જ મોકલવાનો હોય છે. આવી ટ્યૂબમાં ફાઈબરની ગોઠવણી ગમે તેમ કરેલી હોય છે. એટલે કે એના બંને છેડા તરફના તંતુઓ ગોઠવણમાં એકમેક સાથે મેળ ખાતા નથી હોતા. આવા બંડલ (ભારા)ને પ્રતિબિંબ લઈ જતા બરાબર ચોકસાઈથી ગોઠવેલા બંડલથી જુદું પાડવા એને 'અસંબદ્ધ' કે 'અસંગત' (incoherent) બંડલ કહે છે. આવી ગોઠવણ કરવી સહેલી હોઈ, એ સંબદ્ધ બંડલ જેટલા જ કદના બંડલ કરતાં બનાવવામાં સસ્તાં પડે છે. આવી ટ્યૂબને ફાઈબર સ્કોપ નહિ, પણ સહેલાઈથી વળી શકતું પ્રકાશરજ્જુ–પ્રકાશ આપતું દોરડું (flexible light-guide) કહે છે.

આપણે ઉપર જોયું તેમ, જો મૂળ પ્રતિબિંબ ઉપસાવવું હોય તો એક છેડા તરફનાં ફાઈબરો અને બીજા છેડા તરફના ફાઈબરોની સ્થિતિ એક જ સરખી—સંબદ્ધ (coherent) હોવી જોઈએ. આ ચોકસાઈ એ બે છેડાની વચ્ચે ન હોય તો ચાલે. પરિણામે આવી પાઈપ વચ્ચેથી સહેલાઈથી વળી શકે એમ રહે છે.

ફાઈબર ઑપ્ટિક્સની બનાવટોના સંખ્યાબંધ ઉપયોગો છે. એનો વ્યાપ ટેબલ લૅમ્પ જેવાં ઘરવપરાશનાં સરળ સાધનોથી માંડીને તે છેક સંદેશા-(સંચાર) વ્યવહારના જટિલ માધ્યમ સુધી વિસ્તરેલો છે.

માત્ર પ્રકાશનું જ વહન કરતી 'ફ્લેક્સિબલ લાઈટ ગાઈડ' નાજુક શસ્ત્રક્રિયામાં પ્રકાશ પાથરવાના કામે વપરાય છે. શરીરના પોલાણમાં રહેલા અંધારાને દૂર કરવા પણ એ પ્રયોજાય છે, અને આવી ટ્યૂબની સાથે જ બેસાડેલી પ્રતિબિંબ વહન કરતી (ફાઈબર સ્કોપ) ટ્યૂબ દ્વારા પછી અંદરનું નિરીક્ષણ કરાય છે કે તે ભાગની ફિલ્મ ઊતરાય છે. ઉપયોગ પ્રમાણે આવાં સાધનોને જુદાંજુદાં નામ અપાય છે. જેમ કે ફાયબર ઑપ્ટિક્સ અને સૂક્ષ્મ કૅમેરાના સિદ્ધાંતને વણી લેતું આવું સંયુક્ત ઉપકરણ 'કૅમેરા સ્કોપ' કહેવાય છે.

ગોડાઉન કે ભંડકિયા જેવી જગ્યાઓએ જવું દુષ્કર હોય ત્યાં નાની સરખી આગની લપેટોને પણ એનાથી જોઈ શકાય છે. આમ આગની નાની સરખી શરૂઆતમાં સમયસર ચેતી શકાય છે.

સંબદ્ધ ફાઈબર સ્કોપના તો અનેકવિધ ઉપયોગો છે. જેમ કે હોજરીની અંદરની દીવાલ એનાથી બહુ સારી રીતે નિહાળી શકાય. આવા ઉપકરણને 'સ્ટમક વ્યૂઅર' (stomach viewer) કહે છે. એવી જ રીતે આંતરડાંમાં, મૂત્રાશયમાં, શ્વાસનળીમાં વગેરેમાં અંદરની ત્વચા જોઈને એમાંની ખરાબી પારખી શકાય છે.

સામાન્ય વપરાશમાં આવતી ઈન્જેક્શનની સોય જેવી આવી સૂક્ષ્મ પણ મજબૂત ટ્યૂબો પણ બનાવાઈ છે. આવી ટ્યૂબોને સ્નાયુમાં કે લોહીની નળીમાં પ્રવેશ કરાવીને એમની આંતરિક રચના, એના તંતુઓમાં રહેલી ખરાબી, ત્વચાના ઉતકો (tisses) અને રુધિરમાંના લાલ કોષોનો અભ્યાસ કરી શકાય છે. ભવિષ્યમાં શરીરમાંનાં ભિન્ન-ભિન્ન તંત્રોમાં ચાલતી આંતરિક પ્રક્રિયામાં આનાથી ડોકિયું કરી શકાશે. હૃદયના અંદરના પોલાણમાં પણ એનાથી જોઈ શકવાની આશા રખાય છે.

'ઑપ્ટિકલ ડેન્ટલ પ્રોબ' તરીકે ઓળખાતું ફાઈબર સ્કોપ મોંની અંદર ખૂણેખાંચરે પહોંચી જઈને દુખતા દાંતના સગડ પકડી આપે છે.

આવા દાંતનું વર્ધિત પ્રતિબિંબ પછી ટેલિવિઝનના પડદા પર જોઈ શકાય એવી વ્યવસ્થા પણ એમાં છે! આવી પદ્ધતિ રોગના નિદાનમાં તો ઉપયોગી છે જ, ઉપરાંત વિદ્યાર્થીઓને શીખવવામાં બહુ સુગમતા રહે છે.

ઔદ્યોગિક ક્ષેત્રે પણ એનો વપરાશ વધી રહ્યો છે. અગમ્ય ભાગોમાં નિરીક્ષણ અર્થે યા તો કંટ્રોલ માટે એ વપરાય છે. ફાઈબરસ્કોપથી ટર્બાઈનનાં પાંખિયાંઓ (blades), બૉઈલર ટ્યૂબ અને પરમાણુભઠ્ઠીને અંદરથી તપાસી શકાય છે. આવાં સ્થાનોમાં પાણીનો પ્રચંડ પ્રવાહ હોય, ધકધકતી વરાળ હોય કે પછી ખતરનાક જીવલેણ રેડિયો-ઍક્ટિવ વિકીરણ હોય. આ સર્વની ઊણપ પારખવા માટે એમની કામગીરી થંભાવી દેવી પડે અને એમાંય પરમાણુભઠ્ઠી તો ખતરનાક વિકીરણને હિસાબે બહુ લાંબા સમય સુધી સ્થગિત કરી દેવી પડે. એ પછી જ આવા દુર્ગમ સ્થાનમાં માનવી પ્રવેશી શકે. પણ ફાઈબર સ્કોપની મદદથી ચાલુ હાલતમાં કશી જ ડખલગીરી વગર એમાં પડેલી તિરાડ કે ઈજા કશા પણ જોખમ વગર શોધી કાઢી શકાય. પેટ્રોલનો સંગ્રહ કરતી વિશાળ ટાંકીઓમાં પેટ્રોલની સપાટીને માપતા ઈન્ડીકેટર(સૂચક) રાખેલા હોય છે. પણ દરેક વખતે એને જોવા માટે બહુ મુશ્કેલી પડે છે. ફાઈબરસ્કોપની મદદથી એમાંના ઈન્ડીકેટર પરનું વાચન ટાંકીના ઢાંકણાને ખોલ્યા વગર, બહુ જ સહેલાઈથી કરી શકાય. (જુઓ આકૃતિ-૪)

ઍરોપ્લેનની પાંખોમાંના પોલાણમાં બેદરકાર કારીગરોએ જ્યાં ત્યાં મૂકી દીધેલાં સાધનો ફાઈબરસ્કોપથી અચૂકપણે શોધી શકાય છે.

ફાઈબર સ્કોપના બંડલ (જથ્થા)ને જોડી દઈને એક નક્કર (solid) પ્લેટ જેવું બનાવાય છે એને ફેઈસપ્લેટ (faceplate) કહે છે. આવી રચના ટેલિવિઝનની પિક્ચર ટ્યૂબ (દશ્યનળી)માં અને બીજી કેથોડ ટ્યુબોમાં પણ વપરાય છે. ટી.વી.ની ટ્યૂબની અંદરની તરફ અવદીપ્તિ (luminescence) થવાની ક્ષમતા ધરાવતો ફૉસ્ફોર (Phosphor) નામનો પદાર્થ લગાડેલો હોય છે. ફેઈસપ્લેટ આ ફૉસ્ફોરની સપાટી પર ઊપસેલા પ્રતિબિંબને ટી.વી.ના સ્ક્રીન સુધી વહન કરવાની કામગીરી બજાવે છે. આને કારણે આપણે ટી.વી.ના સ્ક્રીન ઉપર વસ્તુનું પ્રતિબિંબ જોઈ શકીએ છીએ.

દશ્ય સંદેશવ્યવહાર પ્રણાલી (optical communication system)માં પણ એનો ઉપયોગ થાય છે; કારણ કે કોઈ પણ તારમાંથી પસાર થતો વિદ્યુત-સંકેત ઑપ્ટિક ફાઈબરમાંથી પસાર થતા પ્રકાશના સંકેતની બરાબર હોય છે. આમ પણ, સૂચના-સંચારણની ક્ષમતા તરંગની આવૃત્તિ (frequency) ઉપર આધાર રાખતી હોય છે. આવૃત્તિ જેટલી વધારે, સૂચના એટલી જ વધારે લઈ જઈ શકે. સહુથી નાની રેડિયો-તરંગોની આવૃત્તિ કરતાં પણ પ્રકાશની આવૃત્તિ તો ૧૦,૦૦૦ ગણી વધુ છે. આનો અર્થ એ થયો કે પ્રકાશનાં કિરણો દ્વારા રેડિયો-તરંગોની અપેક્ષાએ ૧૦,૦૦૦ ગણી વધુ સૂચનાઓ મોકલી શકાય.

તાર તો એક જ સમયે માત્ર એક જ વિદ્યુત-સંકેત લઈ જઈ શકે, જ્યારે એક જ ફાઈબર એકીસાથે હજારથી પણ વધુ સંદેશા લઈ જઈ શકે. એકીસાથે હજાર ટેલિફોનની વાતચીત થઈ શકે! આમાં મોટો ફાયદો એ છે કે વિદ્યુત ચુંબકીય ક્ષેત્રથી પેદા થતું વ્યતિકરણ (interference) કે વિઘ્ન(તોફાન)આમાં બિલકુલ જ જોવા મળતું નથી. તો મોટો ગેરફાયદો છે કે સો મીટર કે એથી લાંબા અંતરે પ્રકાશનો થોડો હ્રાસ થઈ જાય છે. આ માટે પ્રકાશના સ્રોત તરીકે સૂક્ષ્મ લૅસરનો ઉપયોગ શરૂ થયો છે. આમ લૅસર-કિરણોને રેડિયો-તરંગોની જેમ ઉપયોગમાં લેવાય છે.

ચિત્રો કે દસ્તાવેજોને ગુપ્ત સંકેતચિહ્નોમાં ફેરવવા કે પછી એથી ઊલટી ક્રિયા કરવામાં પણ ફાઈબર સ્કોપનો ઉપયોગ થાય છે. એક વાર પ્રતિબિંબ ઝિલાઈ જાય પછી બીજા છેડા તરફના ફાઈબરની ગોઠવણ બદલી નંખાય છે. એટલે મૂળ લખાણનાં પ્રતિબિંબો એકમેકમાં ભળી જાય છે અને ઓળખવા મુશ્કેલ બની જાય છે. પછી એ જ ફાઈબર બંડલમાંથી જ્યારે પ્રતિબિંબને પસાર કરવામાં આવે છે, ત્યારે મૂળ લખાણ ઊપસી આવે છે. આમ જે કરામત સંકેતચિહ્નો પેદા કરે છે એ જ એને ઉકેલી પણ આપે છે. આનો વ્યવહારુ ઉપયોગ બૅન્કોમાં બનાવટી સહી ઓળખવા માટે થાય છે.

ફાઈબર સ્કોપના વ્યવહારુ ઉપયોગનાં આ તો માત્ર થોડાં ઉદાહરણો જ છે. ભવિષ્યે હજી અનેક ક્ષેત્રે એ ઉપયોગી પુરવાર થશે એ નિઃશંક છે. □

શતરંજ : ૧૬મી રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટ

તાજેતરમાં ખોલાચી (તમિળનાડુ) ખાતે રમાયેલી ૧૬મી રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટમાં ૧૦ પૉઈન્ટ સાથે ૧૦મું સ્થાન પ્રાપ્ત કરીને ૧૧ વાર્ષિક દિવ્યેન્દુ બરુઆએ રાષ્ટ્રીય 'અ'માં રમવાનો હક મેળવ્યો. અત્યાર સુધીમાંના તેઓ નાનામાં નાના ખેલાડી છે. આ વિક્રમને કોઈ જલદી પહોંચ્યું નથી.

ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિજેતા રાજા રવિશેખરને ૧૫મી રાષ્ટ્રીય 'અ'માં પ્રથમ છ સ્થાનમાં પણ સ્થાન ન મળવાથી આ વખતે ફરી રાષ્ટ્રીય 'બ'માં રમવું પડ્યું હતું. શરૂથી આખર સુધી આ ટુર્નામેન્ટ તેઓ જીતશે જ એમાં કોઈ શંકા રહી નહતી. તેમણે ૧૫માંથી ૧૨½ (તેમનાથી નજીકતમ ખેલાડી કરતાં પૂરા બે વધુ) પૉઈન્ટ મેળવી પ્રથમ સ્થાન મેળવ્યું. બીજા એક ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિજેતા નસીરઅલી પણ રાષ્ટ્રીય 'અ'માં રમવા ફરી હકદાર બન્યા, પણ તેમને સાતમું સ્થાન મળ્યું.

રાષ્ટ્રીય 'બ'માં પહેલાં ૧૪ સ્થાન પ્રાપ્ત કરીને રાષ્ટ્રીય 'અ'માં સ્થાન પામનારાઓમાંથી છ ખેલાડી એવા છે જે તે ટુર્નામેન્ટમાં પહેલી જ વખત રમશે. તેમાંથી ત્રણ તો એવા રાજ્યમાંથી આવે છે કે જે રાજ્યનો કોઈ ખેલાડી હજી રાષ્ટ્રીય 'અ'માં રમેલો નથી. તેમાંય હજી બે-ત્રણ વર્ષથી જ રાષ્ટ્રીય 'બ'માં ભાગ લેતા થએલા મણિપુરના મિતભાષી પ્રતિનિધિ એ. બી. મીતેઇએ છઠ્ઠા આવીને પોતાના રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

પહેલાં ૧૪ સ્થાને આવેલા ખેલાડીઓનાં નામ, રાજ્ય, તેમણે મેળવેલાં પૉઈન્ટ અને જરૂર હોય ત્યાં કૌંસમાં મિડિયન સ્કોર નીચે આપેલાં છે.

(૧) રાજા રવિશેખર (તમિળનાડુ) ૧૨ પૉઈન્ટ.
(૨) શમસુલ હસ્સન (મહારાષ્ટ્ર) ૧૦½ (૮૩½).
(૩) એ. કે. સિંહા (બિહાર) ૧૦½ (૭૯).
(૪) અવિનાશ આવતે (મહારાષ્ટ્ર) ૧૦½ (૭૮½).
(૫) અબ્દુલ જબ્બાર (મહારાષ્ટ્ર) ૧૦ (૮૪).
(૬) એ. બી. મીતેઈ (મણિપુર) ૧૦ (૮૩½).
(૭) એસ. નસીર અલી (ઉ. પ્ર.) ૧૦ (૮૧½).
(૮) પી. એમ. મોહાન્તી (ઓરીસ્સા) ૧૦ (૭૮½).
(૯) રવિ હેગડે (મહારાષ્ટ્ર) ૧૦ (૭૮½).
(૧૦) દિવ્યેન્દુ બરુઆ (પ. બંગાળ) ૧૦ (૭૬).
(૧૧) વિજય અધિકારી (મહારાષ્ટ્ર) ૧૦ (૭૫).
(૧૨) આર. કે. ગુપ્તા (દિલ્હી) ૧૦ (૭૪½);
(૧૩) એસ. વિ. નટરાજન્ (તમિળનાડુ) ૧૦ (૭૪).
(૧૪) આર. એસ. ગુપ્તા (મ. પ્રદેશ) ૯½ (૭૯½).

ગુજરાતના ગૌરાંગ મહેતાને કમનસીબે ૧૫મું સ્થાન (૯½ પૉ.–૭૬મિ.) મળતાં તેઓ ફરી રાષ્ટ્રીય 'અ'માં સ્થાન મેળવી શક્યા નથી.

આ ૧૪ ખેલાડી ઉપરાંત, ૧૫મી રાષ્ટ્રીય 'અ'માં પહેલાં છ સ્થાને આવેલા: (૧) રફીકખાન (મ. પ્રદેશ), (૨) રવિકુમાર (તમિળનાડુ), (૩) ટી. એન. પરમેશ્વરન્ (તમિળનાડુ), (૪) મહમ્મદ હસ્સન (આંધ્ર પ્રદેશ), (૫) નસીરૂદ્દીન ગાલીબ (આંધ્ર પ્રદેશ) અને (૬) મેન્યુઅલ ઍરૉન (તમિળનાડુ) આ વર્ષના અંતે ૧૬મી રાષ્ટ્રીય 'અ'માં રમશે.

કલાવાર્તા

હેન્રી મૂર





▷ માતા અને બાળક. આ અંકના પૂઠા ઉપર હેન્રી મૂરના જે એક વિખ્યાત શિલ્પનું ફોટો-ચિત્ર આપ્યું છે એ સમગ્ર કૃતિ બાજુમાં દર્શાવી છે. શિલ્પ માટે જે પદાર્થ વપરાય એ પદાર્થની લાક્ષણિકતા પણ શિલ્પમાં જાળવી રાખવાનો એમનો આગ્રહ આલાબાસ્ટરની આ કૃતિમાં સ્પષ્ટ થતો જોવા મળે છે. શિલ્પાંકનમાંથી ઝીણીઝીણી વિગતો બાદ કરી નાખ્યા છતાં પણ એમણે માનવઆકારો અને ભાવને એટલી જ સફળતાથી કંડાર્યા છે. નીચે : 'આરામ કરતી સ્ત્રી'. જેમાં એમણે તાદશતા દાખવતી વિગતોને તદ્દન ગાળી નાખીને દેહના વળાંક તથા બાકોરાંની ચાતુરીભરી યોજના દ્વારા એમણે સ્ત્રીની છટા અને લહેજાને પોતાની આગવી અભિનવતાથી ઉપસાવી છે. પોતાની આ નવતર શૈલીથી એમણે શિલ્પાંકનની કળાને એક નવી જ દિશાએ વાળી છે. પ્રાકૃતિક પરિસરની વચ્ચે જીવંત વ્યક્તિની પેઠે શિલ્પને સ્થાન આપવાના પણ તેઓ આગ્રહી છે. કુદરતી વાતાવરણની વચ્ચે ખુલ્લામાં 'આરામ કરતી સ્ત્રી' એમના એ આગ્રહની સાર્થકતા દાખવે છે.

ઇંગ્લૅન્ડની શિલ્પકળાની પરંપરામાં નવી કેડી પાડી તેમાં હિંમતભેર આગળ વધનાર અગ્રચારીઓમાંના એક હેન્રી મૂર એમની અભિનવ અને આગવી ચોટદાર લાક્ષણિકતાઓના કારણે દુનિયાભરમાં વિખ્યાત થઈ ગયા છે. ગયા જુલાઈની ૩૦મી તારીખે એમના ૮૦મા જન્મદિવસ નિમિત્તે એમના માનમાં લંડનની ટેઈટ ગૅલેરીએ એક ખાસ ભોજન સમારંભનું આયોજન કરેલું. એ પ્રસંગે એ કલાકાર શિલ્પીએ ભેટ આપેલાં ૩૬ જેટલાં એમનાં શિલ્પોનું પ્રદર્શન પણ યોજ્યુ હતું. કેન્સિંગ્ટન ગાર્ડન્સ અને સર્પેન્ટાઈન ગૅલેરીમાં પણ એમની તાજેતરની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે.


ઈ. ૧૮૯૮ની ૩૦મી જુલાઇએ એમનો જન્મ થએલો. યૉર્કશાયરના એક ખાણિયા પિતાના એ સાતમા પુત્ર. બારમા વર્ષે એમણે શિષ્યવૃત્તિના બળ ઉપર કલાનો અભ્યાસ શરૂ કરેલો, પણ કુટુંબની આર્થિક નબળાઈના કારણે ઉચ્ચ અભ્યાસનાં સ્વપ્નો છોડી દઈ એમને પ્રાથમિક શાળામાં શિક્ષક બનવું પડ્યું હતું.

પહેલા મહાયુદ્ધ વખતે બ્રિટિશ લશ્કરમાં જોડાઇને એમને ફ્રાન્સના મોરચે લડવા જવું પડેલું. યુદ્ધ પૂરું થતાં લશ્કરી ફરજ પણ પૂરી થઈ અને ફરી તેઓ શિક્ષણક્ષેત્રમાં કામે લાગી ગયા. પરંતુ પછી નિવૃત્ત સૈનિક તરીકે અભ્યાસ માટે સરકારી મદદ મળતાં એનો લાભ લઈ તેઓ 'લીડ્સ સ્કૂલ ઑવ આર્ટ'માં શિલ્પકળાની તાલીમ માટે જોડાઈ ગયા. પણ તે કલાશાળામાં જૂના શિલ્પોની નકલો કરવાની રૂઢિગત પ્રથામાં કામ કરવાનું એમને જરા પણ ગમતું કે ફાવતું નહિ, એટલે અંતે લંડનની 'રૉયલ કૉલેજ ઑવ આર્ટ'માં જોડાયા. ત્યાં કંઈક સ્વતંત્રતા મળતાં એમણે આગવા પ્રયોગો કરી કરીને પોતાની કળા ને પ્રતિભાને ઠીકઠીક તાલીમ આપી. ઈ.૧૯૨૫માં શિષ્યવૃત્તિ મળતાં એમણે ફ્રાંસ અને એની આસપાસનાં કલાધામોની યાત્રા કરી. એમાંથી તેઓ પ્રેરણા તો પામ્યા જ, પણ મેક્સિકન અને આફ્રિકન હબસીઓનાં શિલ્પોમાં મુક્તપણે નીતરતી આકારોની આગવી પ્રતિભાની તેમના માનસ પર વધુ ઊંડી છાપ પડી. મિસરનાં શિલ્પોની ભવ્યતાથી તેમ જ પ્રાગૈતિહાસિક માનવજીવનનાં દશ્યોથી તેઓ વધારે પ્રભાવિત થયા હતા.

ચિત્ર વિષયની તાદશ્ય દાખવતી ઝીણીઝીણી વિગતો ગાળી નાખીને માત્ર તેની છટા, લહેજા તથા સંયોજના અને રંગસભરનું નિરૂપણ કરાવતી સેઝાં માતીસ વગેરેએ પ્રકટાવેલી શૈલી પેઠે હેન્રી મૂરે પણ પોતાનાં શિલ્પોમાં વિગતોને અંતિમ બિન્દુ સુધી ગાળી નાખીને ચહેરા તથા શરીરની વળાકારી ગોળાઈ અને બાકોરાંની પરમ સીમાએ પહોંચાડયાં.

પોતાનાં શિલ્પોમાં એમણે અંતર્ગોળ આકારો ને તેની વચ્ચેવચ્ચે ખાલી ગાળા(કાણાં)ઓનો નવતર પ્રયોગ કર્યો. એમને મન એ ખાલી ગાળા પણ ઘન આકાર સમા જ છે. એમના જ શબ્દોમાં કહીએ તો 'એ ગાળા ખાલી નથી, પણ એમાં ખુદ હવા કંડારાઈ હોય છે.'

શિલ્પ માટે જે પદાર્થ વપરાય એ પદાર્થની લાક્ષણિકતા પણ શિલ્પમાં જાળવી રાખવાના



તેઓ હિમાયતી છે. જેમ કે પથ્થર શિલ્પ સ્વરૂપે પણ પથ્થર જ રહેવો જોઈએ. એમાં માંસલ લીસાપણું આપવાના પ્રયત્નને તેઓ વ્યર્થ ગણે છે. કૉંક્રીટ કે આરસપહાણનાં શિલ્પમાં એની ઘનતા ને એનું ખડકાળ સ્વત્વ પણ જળવાઈ રહેવું જોઇએ જ. કાષ્ઠના શિલ્પમાં વૃક્ષ અને ડાળની વિકસતા જવાની શક્તિ પણ વ્યક્ત થવી જોઈએ.

પોતાની આ આગવી કલાદૃષ્ટિ સાથે એમણે સંખ્યાબંધ શિલ્પ કર્યાં છે. 'આરામ કરતી સ્ત્રી'ની પથ્થરમૂર્તિ, આલાબાસ્ટરમાં કંડારેલાં 'માતા અને બાળક', 'આરામરત માનવપાત્ર'નું કાષ્ઠશિલ્પ કે કાંસામાં ઢાળેલું 'કુટુંબ' વગેરે એમની વિખ્યાત કૃતિઓમાં એમની ઉપર્યુક્ત માન્યતા સ્પષ્ટપણે વ્યક્ત થતી જોવા મળે છે. એમના શિલ્પમાં માધ્યમના દળ અને કૃતિના આકાર-લયનો અજબ સુમેળ હોય છે. વિષયના આકારની એકવાક્યતા ને વિકૃતિકરણનો ભાવ બંને એમાં એકબીજા સાથે ભળી ગએલાં લાગે છે. પ્રાકૃતિક આકારોમાંથી નીપજેલી અમૂર્તતા એમાં વ્યક્ત થતી જણાય છે. છેક ઈ. ૧૯૩૦થી એમની આ આગવી પ્રતિભા દેખાવા લાગી હતી. ૧૯૪૬માં અમેરિકામાં એમની કૃતિઓનું પ્રદર્શન ખૂબ પ્રશંસા પામ્યું હતું. ગ્રેઈટ બ્રિટનનું પ્રતિનિધિત્વ રજૂ કરવા મોકલેલાં એમનાં શિલ્પોને ૧૯૪૮માં ઈટાલીની સરકારે યોજેલી આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં પ્રથમ ઈનામ મળ્યું હતું. સ્વીડનથી માંડી ઑસ્ટ્રેલિયા સુધીના કલાસંગ્રહોમાં જ નહિ, પણ દેવળો અને બાગબગીચા કે મહત્ત્વની ઈમારતોનાં પ્રાંગણ જેવાં જાહેર સ્થળોમાં યે એમની કૃતિઓ સ્થાન પામી છે. 'શિલ્પો પણ વ્યક્તિ જેવાં જ છે, અને એટલે એમને પણ યોગ્ય વાતાવરણની વચ્ચે જીવંત વ્યક્તિની જેમ જ સ્થાન આપવું જોઇએ. શિલ્પકૃતિઓને વૃક્ષ-વાટિકાઓની વચ્ચે કે જળાશયોની પાસે ખુલ્લામાં મૂકવી જોઇએ કે જેથી પલટાતા છાયા-પ્રકાશમાં એનું ભિન્નભિન્ન એવું દર્શન પામી શકાય.' આ એમની માન્યતા છે.

આકાર-આકૃતિ પરત્વેની એમની આગવી કલાદૃષ્ટિની અસર શિલ્પના ક્ષેત્રથી પણ આગળ જઈ રોજિંદા ઉપયોગની ચીજવસ્તુઓમાં પણ પ્રસરી છે. શિલ્પમાં ખાલી ગાળાઓની એમની ચાતુરીભરી યોજનાઓ પરથી પ્રેરણા લઇને વેપારી પેઢીઓએ અનેક પ્રકારની ચીજોમાં અવનવા આકારો ઉતાર્યા છે. એમણે પોતે પણ કાપડની વિધવિધ અને આગવી અનેક ભાત ઊપજાવી છે. શિલ્પી હોવા ઉપરાંત તેઓ અચ્છા ચિત્રકાર પણ છે. બીજા મહાયુદ્ધ દરમિયાન હવાઈ હુમલાઓ વખતે ખાઈઓમાં અને ભૂગર્ભમાં આશરો લઈ પડેલાં લોકોનાં ચિત્રોમાં એમણે ભયવ્યાકુલ માનવીની કરુણતાને બહુ જ અસરકારક રીતે આલેખી છે. એ ચિત્રોની આલેખનશૈલી પણ વાસ્તવિક રજૂઆતવાળી ન હોવા છતાં એમાંની ભાવાભિવ્યક્તિ પૂર્ણતઃ સચોટ રહી છે.

શિલ્પમાં વાસ્તવિક તાદૃશતાના હિમાયતીઓને મન એમનાં શિલ્પો 'વહેતા પાણીના પ્રસારાથી કાંણાવાળા અને લીસા ગોળાકારવાળા પથ્થર' જેવાં ભલે લાગે, પણ એમનાં શિલ્પસર્જનનો એક મોટો ચાહક વર્ગ પણ છે જ. અવારનવાર એમની કૃતિઓ પ્રદર્શિત થતી રહી છે અને એની ચર્ચાઓ પણ થતી રહી છે. શિલ્પકળામાં અભિવ્યક્તિને એક આગવો જ વળાંક આપીને એમણે કળાના ઇતિહાસમાં પોતાનું નામ પ્રસ્થાપિત કર્યું જ છે. □


મલમલ-જામદાની

ઢાકાનું મલમલ ઇતિહાસપ્રસિદ્ધ છે. વીંટીમાંથી એનો આખો તાકો પસાર થઈ જાય એવી એની બારીકીની વાત, જો એના પુરાવાઓ ઉપલબ્ધ ન હોય તો કદાચ આપણે માની પણ ન શકીએ, પરંતુ એ હકીકત તદ્દન ખરી છે. સુતરાઉ વસ્ત્રવણાટની કારીગરી ઈસ્વી સન પૂર્વેથી ભારતમાં પ્રચલિત હોવાની પણ અનેક સાબિતીઓ સુલભ છે ને જ્યારે આજના સુવિકસિત દેશોમાં કપાસના છોડને લોકો અચંબાપૂર્વક 'ઊનના છોડ' તરીકે ઓળખતા હતા ત્યારે આ દેશમાં સુતરાઉ વસ્ત્રનો વપરાશ આમ પ્રજા સુધી સામાન્ય હતો એ પણ હકીકત છે. દુનિયાને કપાસનો પરિચય ભારતે જ કરાવ્યો છે. ઈસ્વી સનના આરંભકાળમાં ભારતનું સુતરાઉ કાપડ દરિયાપાર જતું હોવાના પણ અનેક પુરાવા છે. છઠ્ઠી સદીમાં ચીનમાં નવતર ફૂલછોડ તરીકે કપાસના છોડ બગીચાઓમાં ઉગાડતા હતા, ને છેક તેરમી સદી પછી ત્યાં સુતરાઉ કાપડ વણાતું થએલું. ઇજિપ્તમાં પણ ૧૩-૧૪મી સદીથી જ કપાસનું વાવેતર શરૂ થએલું. છેક ૧૯મી સદી સુધી ભારતીય સુતરાઉ કાપડની દરિયાપારના દેશોમાં બોલબાલા રહેલી. લગભગ ૧૫૦ જાતનાં સુતરાઉ કાપડની ભારત ત્યારે નિકાસ કરતું હતું.

આ ભારતીય સુતરાઉ કાપડમાં પોતાની અદ્વિતીય બારીકી, મુલાયમતા ને ચમકને કારણે મલમલનું સ્થાન સર્વોચ્ચ હતું. આકાશ, ઝાકળ ધૂમ્ર, ચાંદની, વહેતાં જળ વગેરે સાથે એની તુલનાના તો સંખ્યાબંધ દૃષ્ટાંતો આપણા પ્રાચીન સાહિત્ય ને ઇતિહાસમાંથી મળે છે.

આ બારીક કાપડ માટે 'મલમલ' નામ કેમ પ્રચલિત થયું તે નિશ્ચિતપણે કહેવું કઠિન છે. પણ અહીં એ કહેવું પ્રસંગોચિત થશે કે સંસ્કૃત ભાષ્યોમાં 'મલમલ્લક' શબ્દ શબને ઓઢાડવાના કાપડના અર્થમાં વપરાયો છે. એક પ્રકારના કૌપિનના અર્થમાં 'મલ્લક' ને ચમકના અર્થમાં 'મલ્મલા' શબ્દ પણ મળે છે. સુલતાનોના સમયના અનેક ગ્રંથોમાં ઝીણા કાપડ માટે 'મલમલ' અને તેના વિવિધ પ્રકારોનાં નામ અપાયાં છે. અંગ્રેજીમાં મલમલ માટે 'મસ્લિન' શબ્દ છે તે ઈરાકના મોસુલ શહેરમાં બનતા કાપડને 'મોસોલિન' કહેતા એ પરથી આવ્યો હોઈ શકે, જ્યારે અરબીમાં 'મોસિલ્લી' શબ્દ મલમલ જેવા બારીક કાપડના અર્થમાં વપરાતો હતો.

એ બધું જે હોય તે, પણ એટલું નિશ્ચિત છે કે ભારતીય સુતરાઉ કાપડ અને તેમાં યે 'મલમલ'ની એક કાળે અજબ લોકપ્રિયતા રહી હતી. સર્પની કાંચળી જેવા પારદર્શક, કેળના મધ્યભાગ સમા કોમળ, ફૂંક મારતાં ઊડી જાય એવા હલકા, કેવળ સ્પર્શથી જ જાણી શકાય એવા પારદર્શી, દૂધની વરાળ જેવા પાતળા એ



◁ ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ઢાકામાં વણાયેલા જામદાની મલમલનો એક ભાતીગળ નમૂનો.

મલમલને આવી અનેક કાવ્યાત્મક ઉપમાઓ અપાઈ છે એ પરથી પણ એની લોકપ્રિયતા ને મહત્તા પુરવાર થઈ શકે છે. ભારતના ભેજયુક્ત ગરમ વાતાવરણમાં એ એટલું લોકપ્રિય હોય તે સ્વાભાવિક પણ છે. અને એટલે જ એની માગ પણ એટલી જ વધુ રહેતી હશે અને એના પરિણામે પેઢીઉતાર એ વણાટકૌશલ પણ એવું જ વિકસ્યું હશે એ સહેજે સમજી શકાશે. દેશમાં તેમ જ વિદેશમાં આ મલમલ એક મોંઘી વિલાસની ચીજ ગણાતું રહ્યું હતું. છેક ઈસ્ટ ઇંડિયા કંપનીના અહેવાલો પરથી પણ જણાય છે કે ભારતથી નિકાસ થતાં વસ્ત્રોમાં મલમલની માગ સર્વાધિક રહેતી હતી. રાજ-વૈભવના પ્રતીક રૂપે સોનારૂપાના તારના વણાટ સાથે રત્નજડિત કાપડ તૈયાર થતું તેમ રાજ-દરબારમાં સુરુચિપૂર્ણ કીમતી સુતરાઉ કાપડમાં મલમલની પણ પ્રતિષ્ઠા હતી. કારીગર વણકરો-ને રાજ્યાશ્રય મળતો એટલું જ નહિ, એમના પરિવારનાં ભરણપોષણ માટે જમીન પણ અપાતી અને અવારનવાર પારિતોષિકોથી પણ તેમને નવાજવામાં આવતા. પરિણામે પૂરી લગનથી તેઓ પોતાના કામમાં ચિત્ત લગાડી શકતા. પાછલી સદીના કેટલાક ઉમદા નમૂના-ઓ આજે સંગ્રહાલયોમાં પણ સદ્ભાગ્યે જોવા મળે છે. બનારસમાં 'ભારત કલા ભવન'ના સંગ્રહમાં એવા થોડા નમૂના છે જે સામાન્યતઃ ૧૬-૧૭ મીટર લાંબા અને ૮૫થી ૯૮ સે મી. પહોળા મોટા તાકા હોવા છતાં એનું વજન માત્ર ૧૭૫થી ૨૩૬ ગ્રામ જેટલું જ થાય છે. ટૅવર્નિયરે એક એવી નોંધ કરી છે કે મોતીથી મઢેલી નારિયેળની કાચલીમાં ૬૦ હાથ લાંબો એક આખો તાકો પાઘડી માટે ઈરાનના બાદ-શાહને અહીંથી ભેટ મોકલાએલો હતો. મલ-મલની બારીકીના તો આવાં બીજાં અનેક દૃષ્ટાંતો ઉપલબ્ધ છે.

કાશી, અલ્લાહાબાદ, લખનૌ, જાયસ, ટાંડા, બિહાર, દક્ષિણમાં મદુરા, ત્રિચિનાપલ્લી, નાગપટ્ટમ, કાંચીપુરમ્, સિકન્દરાબાદ, કોરો-મંડલ અને ગુજરાતમાં ભરુચ, નવસારી એમ લગભગ સમગ્ર દેશમાં મલમલ વણાતું. એની કિંમત પણ ભારે રહેતી. રામદેવને હરાવ્યા પછી મુસ્લિમ સૈનિકોએ દેવગિરિ (દૌલતાબાદ)માં ચલાવેલી લૂંટમાં ત્યાંના કિંમતી મલમલની લૂંટનો પણ ઉલ્લેખ છે. ઈંદોર, સારંગપુર, ઓરછા, દિલ્હી વગેરે સ્થળે પણ મલમલનો ઉમદા વણાટ થતો હતો. અનેક રાજ્યો પોતાના ખાસ વણકરો રાખી એને પોષતાં હતાં.

'એશિયાનાં બાળકો' એ વિષય ઉપર તોકિયોમાં 'એશિયન કલ્ચરલ સેન્ટર ફોર યુનેસ્કો' દ્વારા ગયા જૂન માસમાં એક ફોટો-ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. લગભગ પંદર દેશોમાંથી એ માટે આવેલાં ૬૨૪૫ ચિત્રોમાંથી મુંબાઈના ભાઈ આર. એમ. મોદીના આ ચિત્ર-'ધી બિચિંગ બ્યૂટી'-ને 'એસીસીયુ'નું ૬૦૦૦ યેનનું પારિતોષિક મળ્યું છે.



શ્રી મોદી મુંબાઈમાં 'કૉટન ટૅક્નૉલૉજિક રીસર્ચ લૅબોરેટરી'માં કામ કરે છે. ફોટોગ્રાફી એમનો વ્યાસંગ છે અને ફોટો-પ્રદર્શનોમાં નિયમિત ભાગ લે છે, જેમાં એમણે પારિતોષિકો પણ મેળવ્યાં છે. એમનું આ ચિત્ર 'એસીસીયુ'ના ફરતા પ્રદર્શનમાં અનેક સ્થળે રજૂ થશે અને આવતા વર્ષ-ના એમના કૅલેન્ડરમાં પણ કદાચ ઉપયોગમાં લેવાશે.

અકબરી, અલાબેલી કે અલબેલી, ઔરંગ-ઝેબી, કમીજ, કમકમીજ, ગંગાજલ, જંગલ-ખાસ, જાફરખાની, જહાંગીરી, ઝંબરતલી, ઝિલમિલ, ઝોના કે ઝુના તંજેબ, તનસુખ, દરંદામ, દુદામી, દેવગિરિ, નયનસુખ, પંચતો-લિયા, બદનખાસ, ભરુચ નવસારીનું બાફતા કે ભડોચી, બહાદુરશાહી, બૈરમી, ભૈરવ, મન-સુખા, મહમૂદી, મહમૂદશાહી, મિહિરકુલ, રાધાનગરી, શબનમ, શ્રીવાફ, સરકારઅલી, સાલૂ, સંજરખાની, સરબંદ, સૌગાતી શરબતી એમ સંખ્યાબંધ નામે મલમલની વિવિધ જાતો પ્રચલિત હતી. આ બધાં નામ તેની લાક્ષણિ-કતા, વણાટનાં સ્થાન, કે જે તે પ્રદેશના શાસકો યા તેમની પસંદગી પરથી પડયાં હશે, પણ એના પરથી એની વ્યાપક લોકપ્રિયતા તથા વૈવિધ્યનો અંદાજ આવી શકે છે.

પરંતુ મલમલના આ અને બીજા અનેક પ્ર-કારોમાં ઢાકાનું 'મલમલ ખાસ' યા 'મલમલ શાહી' નામનું સર્વશ્રેષ્ઠ હતું. એના ૧૫૦ થી ૧૬૦ હાથ લાંબા એક તારનું વજન કેવળ એક રતી થતું. જહાંગીરના સમયના પંદર હાથ લાંબા ને એક હાથ પહોળા તાકાનું વજન માત્ર ૯૦૦ ગ્રેઈન થયું હોવાની નોંધ છે.

ઈસ્ટ ઇંડિયા કંપનીના ઈ. ૧૮૩૬ના એક અહેવાલ મુજબ ઢાકા નજીક 'બેરાતી' નામે દેશભરમાં શ્રેષ્ઠ એવો કપાસ પેદા થતો હતો. એના તાર અત્યંત બારીક, ચીકણા ને મુલાયમ તથા મજબૂત થતા. અમુક માછલીના જડબાના હાડકામાંથી બનાવેલા કાંસકા જેવા સાધનથી એ કપાસને હાથ વડે પીંજાતો. એની પૂણીઓ પર ધૂળની રજ ન લાગે એ સારુ એને માછલી-ની મુલાયમ ચામડીમાં લપેટીને રખાતી. એના અતિ બારીક તાર માટે અમુક પ્રમાણમાં ભેજ જરૂરી હોઈ સવારના દસેક વાગ્યા સુધી જ ને સાંજે ચારપાંચ વાગ્યા પછી જ એ કાંતવામાં આવતી. એથી યે ઉમદા પ્રકારના તાર માટે તો સવારે ઘાસ ઉપર ઝાકળ રહે એટલો સમય જ કાંતણ થતું. આમ, એ સમગ્ર કામ છેક આરંભ-થી જ અત્યંત ચીવટ માગી લે તેવું હતું અને બહુધા સ્ત્રીઓ એ કરતી. આ માટેની મજૂરી પણ મોંઘી હતી. એવા બારીક સુતરનો એ જમાનામાં એક અધોળનો ૫૦ રૂપિયા જેવો ભાવ રહેતો. મહિને દા'ડે માંડ અર્ધો તોલો સૂતર તૈયાર થતું. આવી જ ચીવટ વણકરોએ પણ રાખવી પડતી. એથી સાધારણ મલમલ-નો એક તાકો વણતાં બે કારીગરોને દસપંદર દિવસ લાગતા. એથી વધુ સારું મલમલ વણ-વામાં બેએક મહિના અને 'મલમલ ખાસ' કે 'સરકારઅલી' જેવી શ્રેષ્ઠ જાતના મલમલ માટે પાંચછ મહિના વીતી જતા.

આ રીતે તૈયાર થએલા મલમલને પણ અ-મુક ખાસ જાતના પાણીમાં અને અમુક નિશ્ચિત સમયે જ ધોવાતું. અતિ બારીક વણાટ હોઈ ધોવામાં તૂટેલા તારને સાંધવાનું અને ક્યારેક તો આખો તાર જ બદલવાનું કામ મુસલમાન 'રફુગરો' કરતા. એ પછી ફરી એ તાકો ધોવાતો. 'કુંદીગાર' એને કાંજી ચડાવતા ને ઈસ્ત્રી કરતા. 'નૂરદીઠ' એને ગડી કરી સંકેલતા તથા 'બસ્તા-બંધ' એ સંકેલાએલા તાકાને ઉપર નીચે પૂઠાં જેવાં બે પડ વચ્ચે મૂકી બાંધતા. વાંસની ભૂંગળીઓમાં મલમલનો આખો તાકો મૂકીને વેપારીઓ એને પરદેશ લઈ જતા. રાજાને ભેટ આપવાના તાકાને રત્નજડિત અલંકૃત ભૂંગળી-માં મૂકીને અપાતો.

આ મલમલના વણાટમાં જ ભાત ગૂંથી લઈને બનાવાતું બારીક ભાતીગળ કાપડ તે 'જા-મદાની'. જામા બનાવવામાં એ વપરાતું એ પરથી કદાચ એ જામદાની કહેવાયું હશે. જો કે આગળ જતાં સાડી, દુપટ્ટા, પાઘડી, રૂમાલ,

થાલપોશ, મેજપોશ, વગેરે તરીકે પણ તેનો ઉપયોગ થતો. વળી કાળક્રમે તેમાં રંગીન ભાત અને સોનેરી રૂપેરી તાર પણ વપરાવા લાગ્યા હતા, પણ અસલ જામદાની તો સફેદ બારીક પોતમાં સફેદ વણાએલી ભાતવાળું મલમલ જ. મનાય છે કે મલમલમાં આ ભાતીગળ ઉમેરણ મધ્ય એશિયામાંથી આપણે ત્યાં આવ્યું હશે. મુઘલકાળમાં જામદાનીની લોકપ્રિયતા પણ ઘણી હતી. રાજદરબારના વૈભવી ઠાઠ વચ્ચે સાદગીભરી ને ગૌરવયુક્ત જામદાનીનો પ્રભાવ જરૂર અનોખો રહ્યો હશે. મુઘલ લઘુચિત્રો અને સંગ્રહાલયોમાંના એના નમૂનાઓ પરથી પણ એની પ્રતીતિ મળે છે.

આ અલંકૃત મલમલ યા જામદાનીના વણાટ માટે પણ ઢાકા મોખરે હતું. ફૈઝાબાદ જિલ્લાના ટાંડાની, જામદાની સાડીઓ, દુપટ્ટા, રૂમાલ વગેરે વખણાતાં. 'ઈશ્કપેચ', 'જૂહી', ને 'ખડાવેલ' એ ત્યાંની વિખ્યાત જામદાની હતી. અવધના દરબારમાં એને મોટો આશરો હતો.

પણ ઈસ્ટ ઇંડિયા કંપનીના આવ્યા પછી ધીરે ધીરે અંગ્રેજોની વ્યાપારનીતિ, દેશીરાજ્યોભાંગી પડતાં રાજ્યાશ્રયનો અભાવ, પરદેશથી મળતા સસ્તા સૂતરની આયાત, પોતાના વસ્ત્રોદ્યોગના હિતમાં અહીંના વણકરો પ્રત્યેના અંગ્રેજોના દ્વેષભર્યો વર્તાવ, લોકોમાં પ્રસરતા વિદેશી સસ્તા કાપડના મોહ વગેરે અનેક કારણે ભારતનો હાથસાળનો વસ્ત્રોદ્યોગ ભાંગી પડયો. આજીવિકા માટે વણકરો બીજા વ્યવસાય તરફ ઢળવા લાગ્યા, અને નવા યુગમાં ધમધમવા માંડેલી મિલોએ ભારતીય વસ્ત્રવણાટની કળાનો દાટ વાળી દીધો. પણ એક આશ્વાસન ઊભું થયું છે. 'અખિલ ભારતીય હાથસાળ સંસ્થાને' જામદાનીના વણાટને, જાણકારો કારીગરોને ઉત્તેજન આપીને પુનર્જીવિત કરવાની દિશામાં સારી મહેનત લઈ સુંદર નમૂનાઓ નિપજાવવા માંડયા છે.

અગાઉ 'કુમાર' (અંક ૬૪૭)માં 'રંગે એવં છપે વસ્ત્ર' પુસ્તકના અવલોકન રૂપે, એ જ શીર્ષક તળે એક નોંધ પ્રકટ થઈ છે. એ પુસ્તક જેમાંથી પ્રકાશિત થએલું એ 'ઉત્તર ભારતીય વસ્ત્ર : એક અધ્યયન' નામક ડૉ. દેવકી અહિવાસીના શોધનિબંધમાંના બીજા એક પ્રકરણનું 'મલમલ જામદાની' નામે એક બીજું પ્રકાશન પણ પ્રકટ થયું છે. ઉપર આપેલી વાનગીરૂપ નોંધ એમાંથી તારવી છે. સૂચિઓ વગેરે સાથે ૬૨ પાનાં અને ૧૨ પાનાં ભરેલી ચિત્રપ્લેટો સાથેનું એ હિંદી પ્રકાશન વસ્ત્રકળાના એક રસભરપૂર અને ઊંડા માહિતીપ્રદ અભ્યાસનો પરિપાક છે. (પ્રાપ્તિસ્થાન : ભારત કલાભવન, કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી ૫. મૂલ્ય ૩૫/- રૂપિયા, પાકું પૂઠું.) શાળા મહાશાળાના ગ્રંથસંગ્રહ માટે, ગ્રંથાલયો માટે ને વસ્ત્રવણાટમાં રસ ધરાવતા અભ્યાસીઓ માટે આ એક સંગ્રહણીય પ્રકાશન છે. □

આ અંકનું મુખચિત્ર

સંસ્કૃત સાહિત્યમાંથી લીધેલા ચિત્રવિષયોની ભારતીય ઢબે કલાત્મક અને કલ્પનાસભર રજૂઆત કરવા માટે કલાકાર વાસુદેવ સ્માર્તની ચિત્રકલમ 'કુમાર'ના વાચકોને સુપરિચિત છે. આ અંકના મુખચિત્ર 'ઢોરબજારમાં' પણ પોતાની લાક્ષણિક ઢબે જ એ વિષય એમણે આલેખ્યો છે. સમગ્ર ચિત્રવિસ્તારમાં નજરને ફરતી રાખતા એમના આ ચિત્રસંયોજનમાં એમણે ઢોરબજારના જીવંત વાતાવરણને ઉતાર્યું છે. ગામ-કસ્બામાં આજે યે આવું બજાર લોકમેળા જેવું બની રહે છે. પોતાનાં ઢોરનાં સાટાંસોદા માટે લોકો ત્યાં એકઠા થાય ત્યારે એકબીજાને હળવામળવાનું પણ બને, નવા પરિચયો થાય, ગામપરગામના સમાચાર મળે અને પાછા વળતાં હટાણું પણ થતું જાય. કોઈ પર્વ હોય એવો ઉમંગ લોકોમાં વરતાય. કલાકારની દૃષ્ટિને એમાંથી ચિત્રવિષય તો સાંપડી રહે, પણ એને આલેખવામાં પાકી હથોટી જોઈએ. સંખ્યાબંધ પ્રાણીઓ ને માનવપાત્રોને ચિત્રમય રીતે સાંકળવાની સંયોજન-દૃષ્ટિ જોઈએ. આવા ચિત્રવિષયને હાથ ધરવો એ એક સાહસ છે ને તેમાં કલાશક્તિની કસોટી પણ. આ ચિત્રમાં એના સર્જકની એ કલાશક્તિની પ્રતીતિ મળી રહે છે. □

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ. ૨૮૨થી

દુશ્મનના પંજામાંથી ભાગીને નાસતા ફરતા લાલસિંગને દાસી માલતી સાથે રંગરાગ ખેલતો બતાવવામાં કેટલું ઔચિત્ય ગણાય એ કોઈ પણ વાચક સમજી શકે એમ છે. (પૃ. ૨૩૨, પાકું પૂઠું, રૂ. ૧૭-૭૫.)

મધુછંદા : મામાના ઘેર રહી કૉલેજમાં અભ્યાસ કરતો પ્રતીન સુચ્છંદા નામની છોકરીના પ્રેમમાં પડે છે અને થોડી અગવડો પછી એની સાથે પરણે છે. એટલી નાની ઘટનાને છાશમાં પાણી રેડવાની પદ્ધતિથી વિસ્તારીને શ્રી રસિક મહેતાએ રચેલી આ કૃતિ ચીલાચાલુ પ્રેમકથા છે. (પૃ. ૨૭૨, પાકું પૂઠું, રૂ. ૧૨-૫૦.)

લોકપ્રિય પ્રકાશન

સામળદાસ ગાંધી માર્ગ • મુંબાઈ-૨

સમણાં તો હૃદિયાની રાખ : રાજીવ નામના આદર્શઘેલા યુવાનને શિક્ષક બન્યા પછી ભાભીની બીમારી અને આર્થિક તંગીના કારણે વેઠવી પડતી તકલીફોને કેન્દ્રમાં રાખી શ્રી હસમુખ પાઠકે આ નવલકથામાં મહદ અંશે તો આધુનિક શિક્ષણ જગતનાં અનિષ્ટોનું જ આલેખન કર્યું છે. શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી, સેક્રેટરી, હેડમાસ્તર, સુપરવાઈઝર વગેરેની શિક્ષકો પરની જોહુકમી, શ્રીમંત વાલીઓની શાળા પરની પકડ, ટ્યૂશનની બદી વગેરેનું વિવિધ દૃષ્ટિકોણથી આલેખન કરી લેખકે શાળાના વાતાવરણને જીવંત રીતે રજૂ કર્યું છે. શિક્ષકો અને શિક્ષિકાઓના વિવિધ સ્વભાવ, એકબીજા સાથેના સંબંધો અને છૂટછાટ વગેરેનું પણ યોગ્ય ચિત્રણ થયું છે. એકંદરે એક અણખેડાએલા પ્રદેશ પર હેતુલક્ષી પ્રકાશ ફેંકતી આ કૃતિ વાંચવી ગમે એવી છે. (પૃ. ૩૭૬, પાકું, રૂ. ૧૫.)

અલગ માટીના મરદ : 'ચંબલ, ચંબલ', 'જેલના દિવસ : જેલની રાતો' અને 'દોટ' એ ત્રણ લઘુનવલોના આ સંગ્રહમાં પહેલીમાં રઘુવીર ને ચંબલના બહારવટિયા લખનસિંહ વચ્ચેના વેરની કથા ફિલ્મી ઢબે આલેખાઈ છે. બીજી ઉર્દૂ લેખક ઈબ્રાહિમ જલિસના એ જ નામના પાકિસ્તાની પુસ્તકનો અનુવાદ છે, જેમાં એક સાહિત્યકારને સત્ય લખવા માટે થએલી જેલની સજા દરમિયાન ધાડપાડુઓ, ખૂનીઓ અને હત્યારાઓનો જે રોમાંચક પરિચય થાય છે એનું આકર્ષક આલેખન છે. ત્રીજી કૃતિ 'દોટ' ડાકુને પકડવા જતા સંનિષ્ઠ ઈન્સ્પેક્ટર અજયની જવાંમર્દીની કથા છે. શ્રી આબિદ સુરતીની રોમૅન્ટિક શૈલી વાચકોને કથારસ પૂરો પાડી જિજ્ઞાસા પ્રેરે એવી છે. તેમ છતાં લેખક સિનેમાશાઈ દૃશ્યો આલેખવા પર વધારે ધ્યાન આપી પાત્રમાનસના માર્મિક સંવેદનને આલેખવામાં ઊણા ઊતરે છે એ સખેદ નોંધવું રહ્યું. (પૃ. ૩૧૧, પાકું પૂઠું, રૂ. ૧૫.)

ઘટનાચક્ર : ઈ. ૧૯૨૮થી ૧૯૭૩ સુધીના સમયને ધ્યાનમાં લઈ ચાર તબક્કાઓમાં યુવાનોએ કરેલા આંદોલનને આવરી લેતી આ ઘટનાના કેન્દ્રમાં યુવા અને વિરાટનો પ્રણય છે. લેખકે ઘણા મોટા સમયને આવરી લેવાનો અને વિવિધ પ્રકારનાં આંદોલનોની ઘટનાઓ વર્ણવવાનો પ્રયાસ કર્યો છે પરંતુ એથી વસ્તુસંકલના શિથિલ અને પાત્રાલેખન પાંખું બની ગયું છે. પરિણામે શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટની આ કૃતિ એમની અન્ય નવલકથાઓની જેમ છાપાનો હેવાલ આપતી સપાટી પરની કથા બની ગઈ છે. (પૃ. ૩૩૧, પાકું પૂઠું, રૂ. ૧૬.)



ટિકિટસંગ્રહ

જુલાઈ માસમાં ભારતની પાંચ ખાસ ટપાલ-ટિકિટો બહાર પડી. પહેલી ટિકિટ છઠ્ઠી જુલાઈએ સ્વ. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિને એમની સ્મૃતિમાં બહાર પડી, જેના પર એમની છબિ તથા એમના હસ્તાક્ષર આપ્યા છે. તેઓ પ્રકાંડ વિદ્વાન, ઉત્કટ અને દેશભક્ત નિર્ભીક સર આશુતોષ મુખરજીના પુત્ર હતા. ઈ. ૧૯૨૯માં રાજકારણમાં પ્રવેશી તેમણે બંગાળ વિધાન પરિષદના સદસ્ય, હિન્દુ મહાસભાના કાર્યકારી અધ્યક્ષ અને બંગાળના વિત્તમંત્રી તરીકે કાર્ય કરેલું. ભારતની પ્રથમ રાષ્ટ્રીય સરકારમાં પણ ગાંધીજીના આમંત્રણથી તેઓ જોડાએલા, પણ નેહરુ-લિયાકત કરાર અંગે તેઓ સહમત ન હોઈ ૧૯૫૦માં કેન્દ્રીય મંત્રીમંડળમાંથી નીકળી ગએલા. હિન્દુ મહાસભા રાજનીતિમાં ભાગ લે એ એમને જચતું નહોતું એટલે તેનાથી પણ અલગ પડી એમણે ૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના કરી શેષ જીવન એ દળનાં કાર્યોમાં જ વિતાવ્યું.. તેઓ જમ્મુ-કાશ્મીર-ભારત ઐક્યના હિમાયતી હતા. ૧૯૫૩માં શ્રીનગરમાં એમની ધરપકડ થએલી ને એ અવસ્થામાં જ એમનું અવસાન થએલું. દેશના રાજનૈતિક, સાંસ્કૃતિક ને શૈક્ષણિક ક્ષેત્રમાં એમનો પ્રભાવ રહ્યો છે.

બીજી ચાર પૂર્ણરંગી ટિકિટો ૨૭મી જુલાઈએ બહાર પડી. ભારતના સંગ્રહાલયો અંગેની આ ટિકિટોની લાંબા સમયથી રાહ જોવાતી હતી. ભારતમાં પહેલું સંગ્રહસ્થાન ઈ. ૧૮૧૪માં એશિયાટિક સોસાએટી ઑાવ બૅંગાલે સ્થાપેલું. એ પછી ૧૯૦૪માં પ્રાચીન સ્મારક સુરક્ષા અધિનિયમ ઘડાયો અને ફલસ્વરૂપે અનેક સંગ્રહાલયોની સ્થાપના થઈ. આજે દેશમાં ૩૬૦થી અધિક સંગ્રહસ્થાનો છે. દેશના વિવિધ ભાગોના ઐતિહાસિક અને કલાત્મક નમૂનાઓને સમગ્ર દેશ સમક્ષ અને વિદેશોમાં પણ રજૂ કરવાની નેમથી આ ચાર ટિકિટો પરનાં ચિત્રોનું બહુ ઊંડાણથી ચયન કરેલું છે. આમાંની ૨૫ પૈસાની ટિકિટ ઉપર કચ્છી કમાંગરીના એક સુંદર નમૂના રૂપ ઐરાવત હાથીનું ચિત્ર આપ્યું છે. ગુજરાતમાં જૂનામાં જૂના કચ્છ-સંગ્રહાલયમાંથી આ નમૂનો ચૂંટાયો છે. કચ્છ-સંગ્રહસ્થાનને સો વર્ષ થયાં એ નિમિત્તે તથા ૨૫ પૈસાની આ ટિકિટ પણ ત્યાંથી જ બહાર પાડવા નિમિત્તે એક ખાસ સમારંભ યોજાયો હતો. આ ટિકિટ ૫૦ લાખની સંખ્યામાં છપાઈ છે અને ઓછી કિંમતની છે એટલે સ્વાભાવિક જ એનો વધુ વપરાશ થતાં કચ્છના કલાકૌશલની જાણ પણ વધુ વ્યાપક થશે એ કચ્છ-સંગ્રહાલય અને ગુજરાત બંને માટે ગૌરવ બની રહેશે. કમાંગરી, એટલે કે કાષ્ઠ-કોતરણી કરીને તેના પર રંગ ચડાવીને બનાવેલાં કાષ્ઠ-શિલ્પ અને રમકડાં, કચ્છમાં નળિયા-કોઠારાનાં જૈન મંદિરોમાં સૂર્ય, ચંદ્ર, નાગદમન, રાસલીલા વગેરે વિષયોની કમાંગરીના સુંદર નમૂનાઓ આજે પણ જોવા મળે છે. ટિકિટ પરનો ઐરાવત એ ૧૯મી સદીના આરંભકાળની કચ્છી કલાકારીગરીનો એક અત્યંત સુંદર નમૂનો છે.

પચાસ પૈસાની ટિકિટ ઉપર સર્વ કામનાઓને પૂરી કરનાર 'કલ્પદ્રુમ'ના શિલ્પાંકનનું ચિત્ર છે. મધ્ય પ્રદેશમાં બિસનગરના કોઈ સ્તંભનો આ શીર્ષભાગ ઈસ્વી સન પૂર્વે બીજી સદીની શિલ્પકળાનો એક અદ્વિતીય અંશ છે. પ્રખ્યાત પુરાતત્ત્વવિદ્ સર એ. કનિંગહામને એ મળી આવેલો ને હાલ કલકત્તાના ભારતીય સંગ્રહાલયમાં છે. મનાય છે કે ધનપતિ કુબેરના કોઈ મંદિરના સ્તંભ પરનો આ અવશેષ છે.



(પ્રેષક: જગદીશ બિનિવાલે · અમદાવાદ)

એક રૂપિયાની ટિકિટ ઉપર ઈસ્વીસનની પહેલી સદીના અરસાના એક સિક્કાની બે બાજુનું આલેખન છે. નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાંનો આ સોનાનો સિક્કો કુષાણ રાજા કનિષ્કનો છે. સિક્કાની એક બાજુ ઉપર અંગરખું અને શિરસ્ત્રાણ પહેરેલા અને એક હાથમાં અંકુશ તથા બીજામાં માળા લઈ ઊભેલા કનિષ્કનું અંકન છે. તેની આસપાસ 'કુષાણ રાજાધિરાજ કનિષ્ક' એ મતલબનું લખાણ છે. બીજી બાજુ પર કમંડલ, ડમરુ, ત્રિશૂલ અને હરણધારી ચતુર્ભુજ શિવનું અંકન છે.

બે રૂપિયાની ચોથી ટિકિટ ઉપર હૈદરાબાદના સાલારજંગ મ્યૂઝિયમના સંગ્રહમાંથી લીધેલા ૧૭મી સદીના કલાકૌશલયુક્ત કટારી અને છરાની રજૂઆત છે. ચરાબની મૂઠ ઉપર રત્નજડિત સુશોભનની શૈલી પરથી મનાય છે કે આં બહુમૂલ્ય હથિયારો મુઘલ બાદશાહ જહાંગીર અને એની બેગમ નૂરજહાંના છે.

આગામી ખાસ ટિકિટો

• આ ઑગસ્ટ માસમાં ૨૫મી તારીખે—જન્માષ્ટમીના દિવસે 'ભગવદ્ ગીતા' વિષે ૨૫ પૈસાની કિંમતની ખાસ ટિકિટ બહાર પડશે. એના પર 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન' એ ગીતા-પંક્તિ સાથે રથારૂઢ કૃષ્ણનું ચિત્ર હશે. આ સાથે બહાર પડનારા ફર્સ્ટ ડે કવર ઉપર ૧૯મી સદીના આરંભકાળની કાંગડા શૈલીના બહુરંગી ચિત્રમાં પણ અર્જુનને ગીતાબોધ આપતા શ્રીકૃષ્ણનું આલેખન હશે.

• આવતા સપ્ટેમ્બરની ૯મી તારીખે કલકત્તાની બેથમ કૉલેજની શતાબ્દી પ્રસંગે ૨૫ પૈસાની, અને એ જ દિવસે કાઉન્ટ લીઓ ટૉલ્સ્ટૉયની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે એક રૂપિયાની કિંમતની ખાસ ટિકિટ બહાર પડશે. ૧૭મી સપ્ટેમ્બરે ઈ. વી. રામસ્વામીની જન્મશતાબ્દી નિમિત્તે અને ૨૬મી સપ્ટેમ્બરે સુખ્યાત નૃત્ય કલાકાર ઉદયશંકરની પ્રથમ મૃત્યુતિથિએ એમની સ્મૃતિમાં એક ખાસ ટિકિટ બહાર પડશે. આ બંને ટિકિટો ૨૫ પૈસાની કિંમતની હશે.

કૅાલેજના વિદ્યાર્થીઓ માટે ઈનામી નિબંધ હરીફાઈ

ફૅારમ ઑાફ ફ્રી એન્ટર પ્રાઈઝના આશ્રયે યોજાતી ૨૨મી વાર્ષિક ઈનામી નિબંધ હરીફાઈમાં ચાલુ વર્ષે 'ધ રોલ ઑાવ સ્મૉલ ઈન્ડસ્ટ્રીઝ ઈન ઇન્ડિયાઝ ઈકૉનૉમિક ડેવલપમેન્ટ' એ વિષય પર રાખવામાં આવી છે. વધુ વિગતો (ઈનામી હરીફાઇ) એવા ઉલ્લેખ સાથે ફૅારમને પીરૂમલ મૅન્શન, ૨૩૫ ડૉ. ડી. એન. રોડ, પોસ્ટ બૉક્સ ૪૮-એ, મુંબાઈ ૪૦૦ ૦૦૧ એ સરનામે અંગ્રેજીમાં લખીને મંગાવી લેવી. નિબંધ અંગ્રેજીમાં લખવાનો છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : બિછાવવું · ઓછાડ · પછેડો

બિછાવવું, બિછાત, બિછાનું વગેરે આપણે હિન્દીમાંથી લીધા છે. હિન્દી बिछाना, बिछावनના મૂળમાં સંસ્કૃત विच्छादयति, विच्छादन અને તે ઉપરથી થએલા પ્રાકૃત विच्छायइ, विच्छायण વગેરે છે. ઘણી ભારતીય ભાષાઓમાં 'પાથરવું' અને 'પાથરણું' કે 'ઓછાડ' માટેના શબ્દ એ જ સંસ્કૃત મૂળ શબ્દોમાંથી ઊતરી આવ્યા છે.

ગુજરાતી ઓછાડના મૂળમાં પણ સંસ્કૃત ધાતુ छाद् 'ઢાંકવું' રહેલો છે. अवच्छाद ઉપરથી પ્રાકૃતમાં अवच्छाअ થાય અને તેમાં ड પ્રત્યય ઉમેરાઈને ઓછાડ શબ્દ થયો છે. મૈથિલી ओछौना 'ઓછાડ' અને નેપાળી ओछयान 'પાગરણ, બિસ્તર' સંસ્કૃત अवच्छादन માંથી જ આવ્યા છે. આ જ छद् કે छाद् ધાતુ ગુજરાતી पछेडोમાં રહેલો છે. સંસ્કૃત प्रच्छय–पट ઉપરથી પ્રાકૃત पच्छयवड, પછી पछेवड અને पछेडडो–'ઓઢણું'. નેપાળીમાં पछेड એટલે 'માથે બાંધવાનું કપડું.'

મંત્રી ઉદયનના પુત્ર આંબડે (કે આમ્રભટે) કુમારપાલના સમયમાં કોંકણના રાજા મલ્લિકાર્જુનને હરાવી દંડ તરીકે જે પાંચ રત્ન લીધેલાં તેમાં શૃંગારકોટિ સાડી, પાપક્ષય હાર વગેરેની સાથે माणिकउ पछेवडउ એટલે કે 'માણેક જડેલ ઉત્તરીય'નો પણ સમાવેશ થએલો હતો, એવો ચૌદમી શતાબ્દીના પ્રબંધોમાં નિર્દેશ છે.–**હરિવલ્લભ ભાયાણી**

દિવંગત


જગદીશચંદ્ર માથુર

હિંદીના લબ્ધપ્રતિષ્ઠ નાટકકાર શ્રી જગદીશચંદ્ર માથુરનું ૧૪મી મેએ (૧૯૭૮) દિલ્હીમાં અવસાન થયું. ઈ. ૧૯૧૭માં જન્મ. ઉચ્ચ શિક્ષણ પ્રયાગ વિશ્વવિદ્યાલયમાં લીધા બાદ ઇંડિયન સિવિલ સર્વિસની પરીક્ષામાં એમણે ચોથું સ્થાન પ્રાપ્ત કરેલું. આઈ. સી. એસ. અફસર તરીકે વિવિધ હોદ્દે કામ કર્યા પછી ૧૯૫૫થી ૧૯૬૨ સુધી આકાશવાણી (નવી દિલ્હી)ના તેઓ મહા નિર્દેશક (ડાયરેક્ટર) પદે રહેલા. ત્યાર બાદ પણ તેઓ ઘણા ઊંચા ઊંચા પ્રશાસનિક હોદ્દાઓ ઉપર રહ્યા હતા. સરકારી કામોની આવી વ્યસ્તતા હોવા છતાં એમણે હિંદી ભાષાના નાટ્ય સાહિત્યમાં જે વિશિષ્ટ પ્રદાન કર્યું છે તેથી તેઓ ચિરકાલ સુધી સ્મરણીય રહેશે. 'બૃહસ્પતિ'નીસહીથી લખેલાં એમનાં નાટકોના અનુવાદ વર્ષો પહેલાં 'કુમાર'-માં આવી ગયા છે. એમની સાહિત્ય કૃતિઓમાં કોણાર્ક, શારદિયા, પહલા રાજા, ભોર કા તારા, ઓ મેરે સપને વગેરે નાટકો વિશેષ ગણનાપાત્ર છે. તેઓ હિંદી રંગમંચ અને લોક રંગમંચના વિદ્વાન પ્રતિષ્ઠિત તરીકે ઘણાં માન પામી ગયા છે: એકાંકી નાટકની સાથે સાથે એક વિશિષ્ટ વિધાના રૂપમાં રેડિયો-નાટકના વિકાસમાં એમનું પ્રદાન અદ્વિતીય રહ્યું છે. એમના સંસ્મરણાત્મક નિબંધો પણ હિંદી સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. થોડા સમય માટે તેઓ ભારત સરકારના હિંદીના સલાહકાર પણ રહ્યા હતા. —શં. વિ.

પ્રા. સુજીતકુમાર મુખોપાધ્યાય

પ્રાચ્ય-વિદ્યા-વિશારદ તરીકે જાણીતા પ્રા. સુજીતકુમાર મુખોપાધ્યાય ગઈ ૯મી એપ્રિલે શાંતિનિકેતનમાં અક્ષરધામ-વાસી બન્યા. સંસ્કૃતના તલસ્પર્શી જ્ઞાન સાથે ચીની ભાષા અને તિબેટન સાહિત્યના અધ્યેતા ને શોધન-કર્તાના રૂપમાં એમની સાચી પ્રતિષ્ઠા હતી.

તેર વર્ષની ઉમરમાં એમણે શાંતિનિકેતનમાં આવીને ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર પાસે અન્ય વિષયો સાથે અંગ્રેજીનું શિક્ષણ લેવાનું શરૂ કર્યું. પાંચ વર્ષ પછી તેઓ પૂ. ગાંધીજીએ શરૂ કરેલી અસહકારની લડતમાં જોડાઈ ગયા. ત્યાર પછી ગુરુદેવની સલાહથી પૂર્વ બંગાળના પછાત પ્રદેશમાં જઇને પ્રજામાં પ્રવર્તતા સામાજિક કુરિવાજો અને વહેમો વગેરે દૂર કરવાનું કામ કરતા રહ્યા. એમનું ચિત્તતંત્ર સંશોધન માટે અનુકૂળ હતું તેથી ૧૯૩૭માં તેઓ ફરીથી વિશ્વભારતી (શાંતિનિકેતન)માં આવી ગયા અને ચીન-ભવનમાં સંસ્કૃત સાહિત્ય, ચીની ભાષા અને તિબેટન સાહિત્યના અનુશીલન અને શિક્ષણ કાર્યમાં પ્રવૃત્ત થયા. એમણે સંસ્કૃતમાંથી ચીની ભાષા અને તિબેટનમાં અનુવાદ પામેલા અનેક ગ્રંથોનું સંશોધન-સંપાદન કર્યું, કેટલાક પ્રાચીન સંસ્કૃત ગ્રંથો જે હવે મળતા નથી પરંતુ ચીની અને તિબેટન ભાષામાં જેનાં ભાષાન્તરો મળે છે એવા અનેક ગ્રંથોને ફરીથી સંસ્કૃત ભાષામાં અવતારવાનું ભગીરથ કાર્ય એમણે કર્યું છે. બૌદ્ધ સાહિત્યનાં અનુશીલન-અન્વેષણને લીધે એમની જીવનદૃષ્ટિમાં બૌદ્ધધર્મની સારી અસર હતી: એમણે બૌદ્ધ સાહિત્યના પ્રશિષ્ટ ગ્રંથો પૈકી ત્રિસ્વભાવ નિર્દેશ (આચાર્ય વસુબંધુ કૃત) નૈરાત્મ્ય પરિપૃચ્છા, અશોકાવદાન, બોધિચર્યાવતાર, સ્પિરિટ ઑફ મહાયાન બુધિઝમ વગેરે ગ્રન્થોનું સંપાદન કર્યું છે: તેઓ બાહ્ય કર્મકાંડના વિરોધી અને સરલ સાત્ત્વિક જીવનશૈલીના ઉપાસક હતા.—શં. વિ.



સ્વ. માથુર સ્વ. મુખોપાધ્યાય

ડૉ. એફ. આર. લીવિસ

આ શતાબ્દીના અંગ્રેજી સાહિત્યના અન્યતમ વિવેચક ડૉ. ફ્રૅંક રેમંડ લીવિસનું ૧૭મી એપ્રિલે (૧૯૭૮) ૮૨ વર્ષની વયે અવસાન થઈ ગયું. તેમનો જન્મ કેમ્બ્રિજમાં ૧૪ જુલાઈ ૧૮૯૫માં થયો હતો. એમના અવસાન સાથે અંગ્રેજી વિવેચન સાહિત્યના એક યુગનો અંત આવી ગયો. તેઓ એક નૈતિકતાવાદી આલોચક હતા. કલાને તેઓ જીવનથી જુદી રાખીને જોતા નહિ. ખાસ કરીને નવલકથાને તેઓ એક એવું માધ્યમ માનતા હતા કે જેથી તત્કાલીન સમાજના નૈતિક બોધનું પ્રતિપાદન ને પરીક્ષણ શક્ય બને છે. આચારશાસ્ત્ર ઉપર તેઓ બહુ ભાર મૂકતા નહિ. એમનો આગ્રહ હતો નૈતિકતા પ્રત્યે, જે માનવ-માનવ વચ્ચેના વ્યવહારનો માપદંડ હોય છે, અને જે વડે કલાનું મૂલ્યાંકન થવું જોઇએ. આ બાબતમાં તેઓ ખૂબ ચુસ્ત હતા અને કોઇના મતામતની તેઓ પરવા ન કરતા. આધુનિક 'પૉપ સંસ્કૃતિ' પ્રત્યે એમને ઘૃણા હતી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી તેઓ ટી. એસ. ઇલિયટ અને ડી. એચ. લૉરેન્સને મોટા સાહિત્યકાર માનતા હતા. ઈ. ૧૯૩૨માં એમણે 'સ્કૂટિની' નામક સાહિત્યિક સામયિક શરૂ કરીને ત્રીસ વર્ષ સુધી તેના તંત્રી રહ્યા હતા. સાહિત્ય જગતમાં આ સામયિકની ઘણી પ્રતિષ્ઠા હતી. તેઓ સાહિત્યમાં ધીરતા, ગંભીરતાના હિમાયતી હતા. હળવા મનોરંજનને તેઓ હલકી દૃષ્ટિથી જોતા હતા. એમણે સદા પ્રથમ શ્રેણીના સાહિત્યનો વિચાર કર્યો. 'મૉ-

ડર્ન' લેખકો ને યુવાનોને તેઓ ઉપેક્ષાથી જોતા હતા. તેઓ ઉદાત્ત સાહિત્ય પરત્વે અંતઃકરણથી સમર્પિત હતા. એમના અવસાન પછી એવું માનવામાં આવે છે કે હવે અંગ્રેજી સાહિત્ય સમીક્ષા પર કદાચિત અમેરિકન આલોચકોનો અધિકાર થઈ જશે. —પી. પી. મહેતા

નવી નવલ-નવલિકાઓ

અવલોકન: બહાદુરશાહ પંડિત

સોક્રેટીસ: આ ઐતિહાસિક નવલકથા અંગેનો પોતાનો આદર્શ રજૂ કરતાં તેના લેખક શ્રી દર્શકે કહ્યું છે કે 'સોક્રેટીસને આપણા આ કથળેલા સમયમાં આપણી વચ્ચે હરતોફરતો કરવો તે મારો મૂળ હેતુ છે.' એમનો આ હેતુ સર્વાંશે પાર પડયાનો આહ્લાદક અનુભવ આ નવલકથા વાંચ્યા પછી થાય છે.

સત્યવીર સોક્રેટીસના જીવન અને જીવન-સંદેશની ને પેલોપોનીશિયન વિગ્રહની વિગતો તો ઇતિહાસમાં હતી. પરંતુ આ કૃતિનાં ઐતિહાસિક અને અર્ધકલ્પિત પાત્રોના સંદર્ભમાં એ મહાપુરુષના જીવનની અને એ મહાયુદ્ધની ઘટનાઓનો રસપૂર્ણ અનુબંધ કરવામાં શ્રી દર્શકે પોતાની સર્જક પ્રતિભાનો ઉત્તમ વિનિયોગ કર્યો છે. એમાં ધરથી આરંભી દરિયા સુધીના વિવિધ પ્રદેશોના જીવનનું વૈવિધ્ય અને ઍથેન્સ, ગરુડનીક તથા રણભૂમિના જીવનનું અદ્ભુત સંયોજન છે. સોક્રેટીસનીસ ત્યમીતિને કેન્દ્રમાં રાખી લેખકે અહીં આદર, મૈત્રી, પ્રેમ, આસક્તિ, વતનપ્રેમ, હીનતા, કામુકતા, ઈર્ષ્યા, પશુતા, સત્તાકાંક્ષા, વૈરવૃત્તિ આદિ ભાવોને સફળ રીતે આલેખ્યા છે. સોક્રેટીસનાં માનસ સંતાન મીડિયા અને એપોલોડોરસની પ્રણય-કથા સોક્રેટીસની આંતરતસ્વીર પ્રકટ કરે છે, ને એનું જીવનદર્શન વાચકના ચિત્તમાં અંકિત કરે છે. શ્રી દર્શકે આ કથા દ્વારા આપણને પશ્ચિમની સંસ્કૃતિનું પારણું જ્યાં બંધાયું હતું એ ગ્રીસમાં સદેહે ફરતા કરી દીધા છે. (પ્રકા.: સર્વોદય સહકારી પ્રકાશક સંઘ, લોકભારતી સણોસરા (સૌરાષ્ટ્ર); પૃ. ૪૯૮, પાકું પૂઠું કિ. રૂ. ૧૩.)

દીપનિર્વાણ: સિકંદર-મૌર્ય કાળની ઐતિહાસિક વસ્તુસામગ્રીનો ઉપયોગ કરીને લખાએલી આ કથા શ્રી દર્શકની નમૂનેદાર ઐતિહાસિક નવલકથા તરીકે પ્રશંસા પામી ચૂકી છે. એમની સંસ્કારી ભાષા, સુશ્લિષ્ટ લેખનશૈલી, ચિત્રો આલેખવાની અને પાત્રોને સજીવ બનાવવાની ફાવટ આ કૃતિને મનહર ને મનભર બનાવે છે. (પ્ર. ઉપર મુજબ; સુલભ આવૃત્તિ, પૃ. ૩૧૨, રૂ. ૮.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રીમતી ગુલશન યુઇંગ

જન્મ મુંબાઈમાં. અંગ્રેજી સાહિત્ય સાથે બી. એ. અને ઍંગ્લો-સૅક્સન સાથે એમ. એ. કૉલેજકાળ દરમિયાન જ શ્રી ડી. જે. કરાકાના 'માર્ચ'માં સિનેમા એડિટર તરીકે કામ કરતાં. પછી 'કરંટ'માં પણ એ જ કામ કર્યું. ૧૯૫૪માં 'ફિલ્મફેર'માં સબ એડિટર ને પછી 'ફેમિના'માં ઍસિસ્ટંટ એડિટર. ૧૯૬૩માં 'ઈવ્ઝ વીકલી' અને 'સ્ટાર ઍન્ડ સ્ટાઈલ'નું સંપાદન સંભાળ્યું. ફિલ્મ વિવેચક, ભારતીય સ્ત્રીઓના અધિકારનાં આગ્રહી. શિક્ષણક્ષેત્રમાં પણ સક્રિય રસ. 'ઑલ ઇંડિયા ન્યુસપેપર પીરીઑડિકલ્સ એડિટર્સ',નાં સભ્ય અનવર (સિમલા)ની ધ લૉરેન્સ સ્કૂલ બોર્ડ ઑવ ગવર્નર્સનાં સલાહકાર. 'ધી ઑનલુકર'ના માજી તંત્રી શ્રી યૂઈંગનાં પત્ની અને બે સંતાનનાં માતા.

૧ 'ઈવ્ઝ વીકલી' અને 'સ્ટાર ઍન્ડ સ્ટાઈલ'ના સંપાદન પાછળની દૃષ્ટિ અને ઉદ્દેશ કહેશો?

ઉ. 'ઈવ્ઝ વીકલી'માં મનોરંજક લખાણો સાથે ભારતીય નારી આત્મશ્રદ્ધા અને અસ્મિતા કેળવી શકે તથા પોતાની રુચિના ક્ષેત્રમાં માર્ગદર્શન પામીને ઘર, સમાજ અને રાષ્ટ્રમાં પોતાનું આગવું સ્થાન મેળવે અને દીપાવે એવી આકાંક્ષા છે. 'સ્ટાર ઍન્ડ સ્ટાઈલ' સિનેજગતનું પત્ર હોઈ તેમાં આપણાં ચલચિત્રો મનોરંજન આપવા સાથે સમાજને સુમાર્ગે વાળી શકે એ દૃષ્ટિથી તેની છણાવટ તથા ચિત્રજગત વિષેના માહિતીપ્રદ લેખો આપવાની દૃષ્ટિ છે.

૨ દીર્ઘ અનુભવ પછી સફળ તંત્રી થવા માટે આપ કઈ બાબતો જરૂરી સમજો છો?

ઉ. અનુભવે મને લાગ્યું છે કે એ માટે વિદ્વત્તા, ચપળતા, ચોકસાઈ, સમભાવ, ન્યાયલક્ષી પક્કાઈ, કુનેહ વગેરે, ને ખાસ તો તટસ્થતા ને પ્રામાણિકતા જરૂરી છે.

૩ કઈ કઈ નારી પ્રતિભાઓથી આપ પ્રભાવિત થયાં છો?

ઉ. પ્રથમ તો મારાં માતા. મારી આજની પ્રતિષ્ઠા પામવા પાછળ એમની જ પ્રેરણાનું બળ છે. બીજાં ઇંદિરા ગાંધી. વર્તમાન કાળ પર એમણે અજબ અસર પાડી છે, ને ત્રીજાં મધર ટેરેસા. એ તો એક મહાન સંત છે.

૪ આપનાં માનીતાં લેખક અને પુસ્તક કયાં?

ઉ. શેક્સપીઅરની મારા જીવન પર સદાય જુદઈ અસર રહી છે. એની તમામ કૃતિઓ મેં રસપૂર્વક વાંચી વિચારી છે. બાઈબલ પણ મને પ્રિય છે.

૫ દુનિયાનાં કયાં બે સામયિકોએ આપનું સવિશેષ ધ્યાન દોર્યું છે?

ઉ. જો કે સ્ત્રીવર્ગનાં અને સિનેમાને લગતાં પ્રાપ્ય એ બધાં સામયિકો હું રસથી વાંચું છું. છતાં 'ટાઈમ' અને 'ન્યુસ વીક' મને વધુ ગમે છે. દુનિયાના અગત્યના બનાવો એમાં રજૂ થાય છે. 'લાઈફ મૅગેઝિન' પણ મને ગમતું હતું.

૬ આપણા તંત્રીઓમાં આપ કોને મહાન ગણો છો?

ઉ. મને સ્વ. ડોસુ કરાકાની શક્તિ માટે ઘણું માન છે. તેઓ એક તાકાતવાન તંત્રી હતા. તંત્રી તરીકે એમની અભિવ્યક્તિ મને વિશેષ ગમતી.

૭ જીવન પ્રત્યેનું આપનું વલણ કેવા પ્રકારનું છે?

ઉ. નિસ્પૃહી અને ધ્યેયલક્ષી જીવન વિકાસ તરફ ધસ્યે જતાં સાંપડતાં સ્થિતિ-સંજોગનું અર્ધે રસ્તે મિલન એટલે જીવન એમ મને લાગે છે.

૮ સાચી કલા અને સૌંદર્ય આપ કોને કહેશો?

ઉ. એ બંને દેવી તત્ત્વો છે. જ્યાં જ્યાં કલા હોય ત્યાં સૌંદર્ય અને સૌંદર્ય હોય ત્યાં કલા હોય જ.

ગુલશન યુઈંગ

ડૉ. જયંત ખત્રીની કેટલીક વાર્તાઓ

'આધુનિક નવલિકાનું વ્યાખ્યા આપી શકાય એવું સ્વરૂપ નથી. મેં આજથી ત્રીસ વર્ષ પર તે સમયની કોઈ સ્વરૂપોવાળી વ્યાખ્યા સ્વીકારી નહોતી.' વાર્તા વિષે આવો રોમૅન્ટિક અભિપ્રાય ધરાવતા ડૉ. જયંત ખત્રીના 'ફોરાં', 'વહેતાં ઝરણાં' અને 'ખરા બપોર' નામના સંગ્રહોમાંથી ચૂંટી કાઢેલી ૧૩ વાર્તાઓના આ સંગ્રહમાં એમની નવલિકા કલાનાં તમામ લક્ષણો પ્રતીત થાય છે. શ્રી સુરેશ દલાલે પ્રસ્તાવનામાં નોંધ્યું છે એમ ખત્રીની આ બધી વાર્તાઓમાં tragic sense of lifeના ભણકારા વાગ્યા કરે છે. અને એ જ એમની વાર્તાકલાનું સૌથી મોટું આકર્ષક ને આહ્લાદ તત્ત્વ છે. (પ્ર. વોરા ઍન્ડ કંપની, ગાંધીરોડ, અમદાવાદ. પાકું પૂઠું, પૃ. ૨૩૨, રૂ. ૧૨–૫૦)

અશોક પ્રકાશન
મુંબાઈ–૨ · અમદાવાદ–૧

પશ્ચિમ: પોતાની વિશિષ્ટ શૈલી અને નિરૂપણની આગવી હથોટીથી વિખ્યાત બનેલા વાર્તાકાર શ્રી ચંદ્રકાન્ત બક્ષીના આ ૨૫ વાર્તાઓના સંગ્રહમાં કેટલીક યુદ્ધકથાઓ, થોડીક પ્રેમકથાઓ તો મોટા ભાગની માનસશાસ્ત્રીય કથાઓ છે. યુદ્ધકથામાં વાતાવરણનું આલેખન આકર્ષક હોય છે તો પ્રેમકથામાં સંવેદનની સચ્ચાઇનો રણકો સંભળાય છે. વાર્તાઓના આ સંગ્રહમાં લેવાએલો 'ગર્દિશના દિવસો'નો એમનો લેખ ઘણી વાર્તાઓના મૂળમાં રહેલું એમનું માનસ સમજવા માટે ઉપયોગી થઈ પડે એવો છે. આમ છતાં 'દોમાનિકો' જેવી સાવ સામાન્ય (ચમત્કૃતિને લક્ષમાં રાખી લખાએલી) વાર્તા આ સંગ્રહમાં શોભતી નથી એમ સખેદ નોંધવું રહ્યું. (પૃ. ૨૭૮, પાકું, રૂ. ૧૩)

દૂર દૂર આરા: એકબીજાને સાચા પ્રેમથી ચાહતાં કેતન અને પ્રફુલ્લા ગેરસમજનો ભોગ થઈ પડી એકબીજાના જીવનસાથી બની શકતાં નથી એની કરુણ કથા આલેખતી શ્રી દિનકર જોશીની આ કૃતિ જીવનની સપાટી પરના સ્થૂલ પ્રસંગોથી ઊંડા ઊતરી માનવમનની કોઈ અગમ્ય ભાવના કે લાગણીનું આલેખન કરતી નથી, છતાં માત્ર વાતાભોગી વાચકોને આ કૃતિ સતત જકડી રાખી શકે ખરી. (પૃ. ૩૩૬, પાકું પૂઠું રૂ. ૧૬)

સેસફૂલ: આપણા દેશી રાજાઓના મહેલોમાં ચાલેલા વિલાસના રગરાગને આલેખતી શ્રી રસિક મહેતાના કૃતિઓમા આ કૃતિ એક ઉમેરો છે રૂપાલની રાણી સજ્જાદેવીના જીવનની ઘટનાઓ આલેખતી આ કથાના કેન્દ્રમાં રજવાડાનો ભેદી ખજાનો છે. લેખકની ભાષા શૈલી કૃત્રિમતા ધારણ ના કરે તો કૃતિ વધુ રસ જમાવી શકે એવી છે. (પૃ. ૨૨૪, પાકું પૂઠું, રૂ. ૧૦–૫૦.)

ભામા ભૂખ્યો ભૂપ: પતિયાલાના હવસખોર અને જાલિમ રાજા ભૂપિન્દરસિંગે એના દૂરના કાકા લાલસિંગની નવવધૂ દિલવા પર ગુજારેલા સીતમની આ કથામાં શ્રી રસિક મહેતાને આલેખવી ગમતી સ્ત્રીપુરુષના જાતીય સંબંધની ઘટનાઓનું અતિચિત્રણ કરવાની ઠીકઠીક તક મળી ગઈ છે. આમ ના હોય તો

(અનુસંધાન પૃ. ૨૭૭)

આવકાર

ગાંધીજીનો અક્ષરદેહ ભાગ ૪૮ : પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪. પાકું પૂઠું, પૃ. ૫૪૨, રૂ. ૨૦.

ગાંધીજીનો અક્ષરદેહ ભાગ ૪૯ : પ્રકાશક : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૫૨૨, રૂ. ૨૦.

પ્રૌઢ વાચનમાળા (પુ. ૧) : લે. ચન્દ્રકાન્ત ઉપાધ્યાય. પ્રકાશક : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૦, રૂ. ૦–૫૦.

આપણા પ્યારા સરદાર : લે. સુકુલકલાર્થી. પ્રકાશક : સરદાર સ્મારક ટ્રસ્ટ, ગાંધી ઘર, કઠોલી. કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૧.

લોહીનાં વમળ : લે. રશ્મિન પટેલ. પ્રકાશક : નવોદિત લેખક સહકારી પ્રકાશન, રાયપુરચકલા, અમદાવાદ-૧. પાકું, પૃ. ૯૬, રૂ. ૬-૨૫.

હસમો ગ્રહ : લે. જશવંત મહેતા. પ્ર૦ : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૧૬૬, રૂ. ૯.

દાંતના રોગો (પુ. ૪૬૫) : લે. ડૉ. સી.પી. બાધાણી. પ્રકાશક : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ ૪૦૦ ૦૦૨. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૭૫.

રાજ્ય સંચાલિત ઉદ્યોગો (પુ. ૪૬૬) : લે. રાજ કે. નિગમ. પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૭૫.

વીસમી સદીનું ભારત : લે. રામલાલ પરીખ અને રસેશ જમીનદાર. પ્રકાશક : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪. કાચું પૂઠું, પૃ. ૧૭૪, રૂ. ૨૫.

અખંડ ભારતમાં સંસ્કૃતિનો ઉષઃકાલ : લે. હસમુખ સાંકળિયા. પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૬૭, રૂ. ૧૮.

વિજ્ઞાનનો સમાજ ઉપર પ્રભાવ : અનુ. રજની જોષી, પ્રકાશક : ભાષાન્તરનિધિ, બળવંતભવન, ભાવનગર-૧. કાચું પૂઠું, પૃ. ૧૩૭, રૂ. ૬–૫૦.

વાચનક્ષુધા : લે. પ્રા. વ્રજરાય મુકુન્દરાય દેસાઈ. પ્રકાશક : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૨૪૨, રૂ. ૧૦.

રઘુવંશ : અનુ. પ્રજારામ રાવલ. પ્રકાશક : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૫૪૩, રૂ. ૧૮.

આયુર્વેદની પુનઃપ્રતિષ્ઠા : લે. શોભન. પ્ર૦ : આયુ પ્રકાશન, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૧૧૦, રૂ ૪–૫૦.

નવરંગ મેળો : લે. હીરાલાલ ફોફલિયા. પ્ર૦ : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ ૧. કાચું પૂઠું. પૃ. ૨૧૦, રૂ. ૮.

દંતવિજ્ઞાન અને દંતોત્પાટનવિધિ : લે. વૈદ્ય ચિમનલાલ કે. ડાભી. પ્ર૦ : પોતે, શિક્ષક સોસાયટી, વાડિયા રોડ, પોરબંદર. કાચું પૂઠું, પૃ. ૧૩૭, રૂ. ૧૦.

સરળ ધ્યાન પ્રયોગ : લે. દ્વિજેન દેસાઈ. પ્રકાશક : સુધીર પ્રકાશન, ઘાંચીની વાડી, પાનકોર નાકા, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૫૯૬, રૂ. ૧૫.

સાધક સાથી ભાગ ૧ : લે. ડૉ. મુકુન્દ સોનેજી. પ્રકાશક : સતશ્રુત સેવા સાધના કેન્દ્ર, અમદાવાદ. પાકું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૪.

સુક્તસાગર (ગુજરાતી) : સં. મુનિ પ્રદ્યુમ્ન વિજય. પ્રકાશક : જૈન સાહિત્ય વર્ધક સભા, અમદાવાદ. કાચું પૂઠું, પૃ. ૧૬૪, રૂ ૫.

અંકુર : લે. પ્રીતમલાલ કવિ. પ્ર૦ : લોકપ્રિય પ્રકાશન મુંબઈ-૨. પાકું પૂઠું, પૃ. ૩૫૬, રૂ. ૧૮.

આતમ વીંઝે પાંખ (પુનર્મુદ્રણ) : લે. દિલીપ રાણપુરા. પ્ર૦ : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૩૬૮, રૂ. ૧૮–૫૦.

રાધા (પુનર્મુદ્રણ) : લે. લીલા આરબ મહેતા. પ્ર૦ : ઉપર મુજબ. પાકું, પૃ. ૧૯૯, રૂ. ૧૧.

કાળુ ભારને કાંઠે (પુનર્મુદ્રણ) : લે. મનસુખલાલ ઝવેરી. પ્ર૦ : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૧૧–૨૫.

ખજાનાની શોધમાં (પુનર્મુદ્રણ) : અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પ્ર૦ : આર. આર શેઠની કંપની, ગાંધી રોડ, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬.

પાતાળ પ્રવેશ (પુનર્મુદ્રણ) : અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પ્રકાશક : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૬.

સુલભા (પુનર્મુદ્રણ) : લે. વિ. સ. ખાંડેકર. પ્રકાશક : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૩૧૮, રૂ. ૧૭–૫૦.

માયા અપરંપાર (પુનર્મુદ્રણ) : લે. સારંગ બારોટ. પ્રકાશક : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૩૭૫, રૂ. ૧૬–૫૦.

વેણુ વત્સલા (પુનર્મુદ્રણ) : લે. રઘુવીર ચૌધરી. પ્રકાશક : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૨૫૧, રૂ. ૧૧–૫૦.

ઉમાશંકર જોષી

'વિનોદ'ની નજરે
[૨૬]

— લેખક —
વિનોદ ભટ્ટ



શેક્સપીઅરે ભલે કહ્યું કે 'વ્હૉટ ઈઝ ધેર ઈન અ નેઈમ?' પણ નામમાં ઘણું બધું છે; અને ઉમાશંકરે ય આ વાત ઘણી વહેલી જાણેલી. તેમનું મૂળ નામ તો ઉમિયાશંકર. ખુદ એમને જ લાગ્યું કે ઉમિયાશંકર નામ સાથે લખાએલાં કાવ્યો નહિ જામે, એટલે ઉમાશંકર રાખ્યું. નામ જેવી જ તકલીફ તેમને ઉપનામમાં પણ પડી છે. તેમના ઘણા લેખો 'વાસુકિ' ઉપનામથી લખાયા છે. ફૂંફાડાભર્યા તેમના સ્વભાવના સંદર્ભમાં જ તેમણે આ ઉપનામ રાખ્યું હોવું જોઇએ. ક્રોધના તે જ્વાળામુખી હોઈ 'દુર્વાસા' ઉપનામ પણ તે રાખી શક્યા હોત. ગુજરાતી લેખકોમાં તેમના ગુસ્સાનો ભોગ બનેલાઓ કરતાં નહિ બનેલાઓના નામોની યાદી આસાનીથી બનાવી શકાય. કવિ જબરા 'શૉર્ટ ટેમ્પર્ડ' છે. કઈ વાત પર ગુસ્સે થઈ શકે એ કલ્પવું અઘરું પડે. ને એક વાર ગુસ્સે થઈ જાય પછી સામી વ્યક્તિને પાણીથી ય પાતળી કરી નાખે. કોઈ ઢીલીપોચી વ્યક્તિ તો રડી પણ પડે. તેમનું ત્રીજું નેત્ર ખૂલે ત્યારે લાગે કે ગુસ્સાનો ભોગ બનનારને હવે તો ભસ્મ થઈ ગયે જ છૂટકો. કહેવાય છે કે એક વાર પોતાના કોઈ સગા પર 'વિશ્વશાંતિ'ના એ કવિ એટલા બધા ગુસ્સે થઈ ગએલા કે મારવા ઈંટ ઉપાડેલી. પણ જ્યારે ખબર પડી કે આ તો ઈંટ છે ત્યારે દાઝી ગયા હોય તેમ તરત જ છોડી દીધેલી. ઈંટ તો શું, ફૂલ પણ તે કોઈની પર ફેંકી શકે તેમ નથી. હા, કાંટાળા શબ્દોના મારથી ગૂંગળાવી શકે ખરા. એક વખત કવિ હસમુખ પાઠકને તેમના આ પ્રકારના ગુસ્સાનો લાભ મળેલો. વાત એવી બનેલી કે હસમુખની કોઈ કવિતા 'સંસ્કૃતિ'માં પ્રકટ થએલી. જેમાં એક-બે ઠેકાણે મુદ્રણદોષ રહી ગએલા. હસમુખે કવિ પર નારાજ થઇને, થોડા આક્રોશથી પત્ર લખ્યો. કવિએ એ કાવ્ય ભૂલો સુધારીને 'સંસ્કૃતિ'માં પુનઃ પ્રકટ કર્યું તોપણ હસમુખના મનનું સમાધાન થઈ શક્યું નહિ. વાડીલાલ ડગલીના લગ્નમાં બન્ને કવિ ભેગા થઈ ગયા. પેલી કવિતાની વાતના અનુસંધાને ચાર કલાક સુધી કવિએ હસમુખ પર ગાજવીજ કરી. તેમની ગાજવીજને પરિણામે આકાશમાં વાદળ ઘેરાઈ આવ્યાં ને પરિણામે ધોધમાર વરસાદ તૂટી પડ્યો. ભોજન પતાવીને બધા પોતપોતાને ઘેર જવા માંડ્યા. હસમુખ પાસે જઈ કવિ ચિંતાથી બોલ્યા : 'આવાં વરસાદમાં ઘેર કેવી રીતે જશો? તમે તો છેક મણિનગર રહો છો...' પછી સલાહ આપી : 'કોઈ વાહનમાં જ ઘેર જજો, હોં! પૂરતા પૈસા તો છે ને?'

કવિ એક વાર ગુસ્સો કરી નાખે પછી ચંદનલેપ પણ લગાડી આપે. તેમનો ગુસ્સો મા જેવો હોય છે. મા બાળકને ગુસ્સાના આવેશમાં આવી જઇને કયોલું મારી બેસે ને પછી મનમાં હુમાતી પાટાપીંડી કરે એવું જ આપણા કવિનું યે છે. તેમનો ગુસ્સો ઘણીવાર પ્રેમમાંથી જન્મે છે. સામેની વ્યક્તિને તે પોતાની બુદ્ધિકક્ષાની કલ્પી લે છે; ને તેમની વાત સમજતાં વાર લાગે તો તેમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠે છે. એક વાર આ રીતે ગુસ્સામાં તેમણે સ્નેહરશ્મિને કહી દીધેલું : 'તમે ઈન્ટલેક્ચ્યુઅલ છો કે કેમ એની જ મને તો શંકા છે?' તેમના જ હાથ નીચે એમ. એ. થએલા એક (હવે તો સદ્ગત) લેખકને તે કોઈ વાર કહી દેતા : 'તમે એમ. એ. થયા છો એવો અનુભવ ક્યારેક તો કરાવો!'

તેમના કેટલાક આગ્રહોને કારણે ય તેમને ગુસ્સો આવી જાય છે. એક જ પ્રતીક અંગેની મોરારજીભાઈ સાથેની તેમની ટપાટપી તો અખબારોને પાને ય ચમકી ગએલી. સામેનો માણસ હોદ્દામાં જેટલો ઊંચો એટલી એમની ગુસ્સાની માત્રા પણ ઊંચી. આ પળોમાં કોઈકને કદાચ લાગે કે ઉમાભાઈ (સૉરી, ઉમાશંકર; કેમ કે એક વાર પ્રિયકાન્ત મણિયારે તેમને ઉમાભાઈનું સંબોધન કર્યું ત્યારે મોઢું બગાડીને કવિએ કહી નાખેલું : 'મારું નામ ઉમાભાઈ નહિ, ઉમાશંકર છે.') ગુસ્સાની ક્ષણમાં અનબૅલન્સ્ડ થઈ જાય છે. પણ તરતની ક્ષણમાં તે પાછા નૉર્મલ થઇ જાય છે. તેમનું ત્રીજું નેત્ર ખૂલે છે ત્યારે પેલાં બે બંધ થઈ જાય છે. પણ ત્રીજું બંધ થાય ત્યારે પેલાં બે આપોઆપ ખૂલી જાય છે. ને એમાં ક્યારેક પ્રાયશ્ચિત્ત પણ ડોકાય છે. કવિના નામના ઉત્તરાર્ધમાં 'શંકર' ના હોત તો કદાચ આવો ગુસ્સો પણ તેમનામાં ના હોત એવું આ લખનાર માને છે.

પણ આ કવિને ગુસ્સો કરતાં આવડે છે એથી ય અદકી રીતે પ્રેમ કરતાં આવડે છે. 'પ્રેમ' નામના ચલણી સિક્કા પર જ તેમનો વ્યવહાર નભતો હોય છે. પોતાના કોઈ સ્વજનને ત્યાં તે જશે ત્યારે તે સ્વજનની પત્ની ઉપરાંત તમામ બાળકોનાં નામ પોપટની જેમ બોલી જઈ બધાંની ખબર પૂછી લેશે. જો બાળકો પોણો ડઝન હશે તો પોણોયે પોણો ડઝનનાં નામ તેમને મોઢે હશે. તેમની તીવ્ર યાદશક્તિ આદર ઉપજાવે એવી છે. જેને તે પોતીકાં ગણે છે તેની પાસે ખુલ્લાશથી પહોંચી જાય છે. રઘુવીરને નોકરી ના મળે ત્યાં સુધી ચા નહિ પીવાની બાધા શ્રીમતી ચૌધરીએ લીધાનું કવિએ જાણેલું. પછી રઘુવીરને યુનિવર્સિટીમાં નોકરી મળી ત્યારે શ્રીમતી ચૌધરીની બાધા છોડાવવા તે રઘુવીરને ઘેર આવેલા તે વખતે આ લખનાર ત્યાં હાજર હતો.

પણ આવી કે તેવી બાધા છોડાવવામાં પોતે બીજી રીતે ભાગ નહિ ભજવે. મિત્રો-સ્નેહીઓ માટે બધું કરવાને સમર્થ હોવા છતાં તે મિત્રો માટે કશું જ નથી કરતા એવા આક્ષેપ પણ તેમના પર મુકાય છે. રઘુવીરની ભાષામાં કહીએ તો 'પ્રેમ પક્ષપાત બની ન જાય અને અસ્વીકાર પૂર્વગ્રહમાં ન પરિણમે એ અંગે ઉમાશંકર સતત કાળજી રાખતા લાગે. સ્નેહની તીવ્ર લાગણી અનુભવનાર સંબંધ પરત્વે તટસ્થ રહે? ઉમાશંકર રહે છે.' તેમના આ પ્રકારના વલણથી તેમની નિકટના લોકોને કોઈક વાર એવું પણ લાગે કે તેમને અન્યાય થયો છે. (સ્નેહરશ્મિના મનમાં ઊંડે-ઊંડે એવો ખટકો થએલો ખરો કે ઉમાશંકર મિત્ર હોવાને કારણે ઉપકુલપતિ થવામાં મને નડ્યા.) ગાંધીજીના હાથે સરદારને થએલો, એવો અન્યાય કવિના મિત્રોને થવાનો સંભવ ખરો. કદાચ અન્યાય ના પણ થાય, પણ ફાયદો ય ના થાય. તેનાથી ઊલટું તેમની તરફ દુશ્મનાવટભર્યું વર્તન કરનાર જો સમર્થ હોય તો માત્ર વેરભાવને લીધે તેને અન્યાય ના થાય. સુરેશ જોષીએ તેમની વિરુદ્ધ જાહેરમાં સારી પેઠે લખેલું. છતાં 'રીડર'ની જગ્યા માટે સુરેશ તથા 'અનામી' બન્ને ઉમેદવાર હતા, ત્યારે નિર્ણાયક સમિતિના કુલ ચારમાંના બે સભ્યોએ 'અનામી'ને પહેલો ક્રમ

સાહસકથા ....અરુણ એસ. ત્રિવેદી

એક સમયના અમારા વર્ગશિક્ષક શ્રી શશિકાન્તભાઈએ પોતાની આ વાત કહેલી : હું એસ. એસ. સી.માં હતો. પ્રીલિમિનરી પરીક્ષાની તૈયારી ચાલતી હતી. ઘરબહાર ખુરશી નાખીને હું વાંચતો હતો. એવામાં એકાએક અમારી પડોશમાં બૂમાબૂમ થતી સાંભળી હું ત્યાં દોડી ગયો. પડોશની એક નાની છોકરી ખુલ્લા સંડાસમાં બેઠી હતી તે અકસ્માત ડટ્ટણમાં પડી ગઈ હતી!

લોકો તો ઘણાં એકઠાં થઈ ગયાં હતાં, પણ છોકરીને બચાવવા પેલા નર્યા ઝેરી ગૅસના કૂવામાં કોણ પડે? અને જો તુરત કોઈ ન ઊતરે તો છોકરી એ ગંદકીમાં બચી શકે તેમ નહોતી જ. હું તૈયાર થઈ ગયો. બધાંએ મને વાર્યો પણ હું નિશ્ચલ રહ્યો. અંતે કમ્મરે દોરડું બાંધી હું એ ગંદા કૂવામાં ઊતર્યો. લગભગ દોઢેક માથોડા જેટલો મળ ભરેલા એ કૂવામાં માથું ફાટી જાય એટલી દુર્ગંધ ફેલાતી હતી. પગે હડસેલા મારીમારીને અંતે મેં છોકરીને પકડી. પણ ગંદી ચિકાશથી એ હાથમાંથી સરી ગઈ. ફરી પકડી કેડે વળગાડી અને લોકોએ મને દોરડા વડે ઉપર ખેંચી લીધો. છોકરીને મેં એમના હાથમાં પકડાવી દીધી. પછી લટકી રહેલા મને લોકો હાથ પકડીને ખેંચી લે તેટલામાં તો દોરડું તૂટી ગયું ને હું ફરી કૂવામાં ફસડાઈ પડ્યો. મારું આખું શરીર મળમાં રગદોળાઈ ગયું અને બીજું દોરડું આવ્યું ત્યાં સુધી એ ગાળાડૂબ નરક અને ભયંકર દુર્ગંધની વચ્ચે મારે પડ્યા રહેવું પડ્યું. અંતે સૌએ મને બહાર ખેંચી કાઢ્યો ને નવડાવ્યો.

પણ ડટ્ટણ કૂવાની ઝેરીલી ગંદકીથી મારા આખા શરીર ઉપર ફોલ્લા ઊપસી આવ્યા હતા. તુરત મને હૉસ્પિટલમાં લઈ ગયા. દસ દિવસે મને ત્યાંથી રજા મળી. ગુજરાત સરકારે 'શ્રેષ્ઠ સાહસવીર' તરીકે બિરદાવીને એ સાહસ બદલ મને ચંદ્રક પણ આપ્યો. એ વખતે મારી ઉંમર સોળેક વર્ષની હતી. ચંદ્રક મળ્યો એ તો એક અકસ્માત છે. મારું એ એક આંધળુકિયું સાહસ જ હતું. ડટ્ટણમાં પડેલી પેલી નાનકડી છોકરીને બચાવી લેવી જોઇએ એ જ એક આંતરપ્રેરણાથી હું કૂદી પડેલો. એ ગંદકીમાં પડવાથી હજી યે ક્યારેક મારી છાતીમાંથી પરુ નીકળે છે, પણ એનો મને રંજ નથી. પેલી છોકરી બચી ગઈ એ જ મારે માટે મોટું ઈનામ છે. □

આપેલો, ને સુરેશને બીજો. ત્રીજા સભ્યે સુરેશને પહેલો અને અનામીને બીજો ક્રમ આપેલો. જ્યારે આ કવિએ માત્ર સુરેશને જ પહેલો ક્રમ આપેલો. બન્ને ઉમેદવારો વચ્ચે ખાસ્સું લાં...બું અંતર છે એમ ગણીને. દ્વેષમુક્ત રહેવા તે હમેશાં પ્રયત્ન કરે છે.

પણ પોતાના હોદ્દાનો ગેરલાભ ઉમાશંકર લે કે લેવા દે એ વાતમાં માલ નહિ. તે જ્યારે ઉપકુલપતિ બન્યા ત્યારે સાથેસાથે અધ્યાપનનું કાર્ય પણ કરતા. પ્રોફેસરનો પગાર લગભગ રૂપિયા પંદર સો ને ઉપકુલપતિનો લગભગ પાંચસો હતો. કામ તે પ્રોફેસરનું કરતા છતાં પગાર તો તે ઉપકુલપતિના હોદ્દાનો, એટલે કે રૂપિયા પાંચસો જ લેતા. કવિમાં સૂક્ષ્મ વિવેક પણ ઘણો. કહે છે કે તે ઉપકુલપતિના હોદ્દા પર હતા ત્યારે તેમણે એવો આગ્રહ રાખેલો કે પોતે આ હોદ્દા પર હોય ત્યાં સુધી તેમની કોઈ કૃતિ પાઠ્યપુસ્તક તરીકે ના ચાલવી જોઇએ.

'હર્બર્ટ એ. ડિસોઝા વ્યાખ્યાનમાળા' માટે તેમને પ્રવચન આપવાનું આમંત્રણ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ તરફથી મળ્યું. આ પ્રવચનનો પુરસ્કાર પણ લગભગ પાંચસો રૂપિયા જેટલો અપાતો. ઉમાશંકર ઉપકુલપતિ હતા ને ઉપકુલપતિથી કોઈ સંલગ્ન કૉલેજમાંથી પુરસ્કાર ન લઈ શકાય એવો નિયમ; ને આ લોકો પુરસ્કાર આપ્યા વગર છોડે પણ નહિ, એટલે 'ફરી ક્યારેક' કહી પ્રવચન આપવાનું તેમણે ટાળેલું. ગયે વર્ષે ફરી આમંત્રણ આપી તેમને બોલાવ્યા. તેમણે પ્રવચન આપ્યું, પણ પેલો પુરસ્કાર ના લીધો. આ કવિ હાઇટમાં નીચા હોવા છતાં સ્ત્રી ને પૈસાની બાબતમાં ઘણા ઊંચા છે. નામે શંકર છતાં વર્તને વિષ્ણુ છે.

ઉમાશંકરમાં બીજા એક ઉમાશંકર બેઠા છે. એ બીજા ઉમાશંકરની એક આરસની પ્રતિમા આ ઉમાશંકરે ઘડી છે. એ પ્રતિમા ખંડિત થાય એવી કોઈ પણ ચેષ્ટા કવિ સહી શકતા નથી. પોતાના સફેદ સાળુ પર આક્ષેપનો કાળો ડાઘ પડવા ન દે એવી વિધવા બ્રાહ્મણી સાથે કોઇએ તેમને સરખાવ્યા છે. 'શ્લીલ-અશ્લીલ' પુસ્તકનું સંપાદન મેં કરેલું. તેમાં તેમની 'શહી' વાર્તા લેવાનું નક્કી કરી તેમને મળ્યો. બે-ત્રણ વખત મને આંટા ખવડાવ્યા. પછી સંમતિ આપી. પણ સાથે ટકોર કરવાનું ન ચૂક્યા: 'ભાઈ વિનોદ, જે કંઈ કરો તે જાળવીને કરજો. પછી એવું ના બને કે આપણે બધાએ સંતાતા ફરવું પડે.'

કવિ કાજળ-કોટડીમાંથી ઊજળા રહીને બહાર નીકળનાર કીમિયાગર છે. નિષ્કલંક જીવન જિવાય એ માટે તે સદાય જાગ્રત રહે છે. અને એટલે કવિ સસ્તા બનીને કશું કરતા નથી. બાકી પૈસાની જરૂર કોને નથી હોતી? જેની પાસે વધારે હોય છે તેને વધારે હોય છે. કવિને ય હશે. પણ પેલી ઇમેજ! અરીસાને બીજે છેડે ઊભેલા ઉમાશંકર આ ઉમાશંકરને ઠપકો આપે એવું કશું જ તે નહિ કરે. આ ઉમાશંકર પેલા ઉમાશંકરનો ભારે આદર કરે છે. જ્ઞાનપીઠનું રૂપિયા પચાસ હજારનું ઈનામ પોતે ન રાખતાં ટ્રસ્ટ કરી દીધું. કવિ માટે પાંચ આંકડાની આ રકમ નાની ના કહેવાય. વળી, પૈસાનું મૂલ્ય કવિ નથી સમજતા એવું ય નથી. એક વાર મુંબાઈના પરાના સ્ટેશને બુકિંગ ઑફિસવાળા સાથે બે પૈસા માટે તે લડી પડેલા, રિક્ષાવાળા સાથે પણ ચાર-આઠ આના માટે નાનામોટા ઝગડા તેમણે કર્યા છે. એક વખત તો તેમને ત્યાંથી ચીજ-વસ્તુઓ ચોરી જનાર નોકરનું પગેરું શોધતા તે નોકર પાસે પહોંચી ગએલા ને તેને ફોસલાવીને પોતાનો માલસામાન પરત મેળવેલો.

કંજૂસ લાગે એટલી બધી કરકસરથી તે જીવ્યા છે. ઓગણત્રીસ–ઓગણત્રીસ વર્ષથી 'સંસ્કૃતિ' પરના ધડાનો બ્લૉક ઝાંખો પડી ગયો હોવા છતાં તેમણે તે બદલ્યો નથી. નિરંજન ભગતે પહેરેલી ચંપલ ગમી જવાથી એ પ્રકારની એક જોડ ચંપલ લાવી આપવા તેમણે નિરંજનને કહ્યું. નિરંજન ચંપલ લઈ આવ્યા. કિંમત પૂછી. અઠ્ઠાવીસ રૂપિયા... 'અઠ્ઠાવીસ રૂપિયા?! આટલી મોંઘી ચંપલ પહેરાતી હશે?' ને કવિ પોતાની જાત પર ગુસ્સે થઈ ગયા. ગુસ્સામાં ને ગુસ્સામાં નિરંજનને પૈસા આપવાનું ય તે ભૂલી ગયા... તે છ મહિને આપ્યા.

આમ તો તે વૅલ્યૂઝના માણસ છે. કદાચ એટલે જ, ભદ્દાપણાની તેમને ચીડ છે. કદાચ આથી જ, પોતાની ષષ્ઠિપૂર્તિ તેમણે ઊજવવા દીધી નથી. આ પ્રકારનું હાસ્યાસ્પદ કામ તેમણે નથી થવા દીધું. માણસ જન્મે ને જીવે તો સાઠનો થાય. એની વળી ઉજવણી શું?

તેમને સાઠ વર્ષ પૂરાં થતાં'તાં તેની નિરંજન, શિવ પંડ્યા, હસમુખ વગેરે મિત્રોને ખબર એટલે આગલા દિવસે નિરંજને કવિને ફોન કર્યો. 'તમારું થોડું કામ છે; આવતી કાલે આવું?' 'આવો.' પછી બાર-પંદર મિત્રો ઉમાશંકરને ત્યાં ત્રાટક્યા. ઉમાશંકર પરનું કાવ્ય નિરંજને વાંચ્યું.

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૫૫ માટેનું 'જૉન બ્રાઉન'ના લેખક

શ્રી. અશોક હર્ષને મળે છે.

ચા-પાણી વગેરે પત્યાં. બધા ઊઠયા. ઝાંપા સુધી મિત્રોને વળાવવા જતા ઉમાશંકરે નિરંજનને પૂછ્યું: 'તમે અહીં આવ્યા ત્યારે રસ્તામાં સામે લટકમટક ચાલવાળી, નટખટ, નજરમાન, સુંદર સ્ત્રી મળી?'

નિરંજન તો આ સાંભળીને હેબતાઈ ગયા. (સ્ત્રીની વાત આવે છે ત્યારે નિરંજન હેબતાઈ જાય છે.) આ કવિ સાઠ વર્ષ પૂરાં કર્યા પછી ફરી યુવાનીમાં પ્રવેશે છે કે શું?! પ્રકટપણે કોઈ સુંદરીની વાત કરતા હોય એવો આ પહેલો પ્રસંગ હતો. કવિએ આ શું પૂછ્યું?

'ના, નથી જોઈ...' નિરંજન ઉવાચ.

'ખરેખર?' 'એટલે?'

'અરે, હમણાં જ મારા ઘરમાંથી તે વિદાય થયાં. તેમનું નામ "બુદ્ધિદેવી" હતું...' કવિએ ખુલાસો કર્યો.

ઉમાશંકરમાં keen sense of humour છે. તેમની સાથેની નાની વાતમાંથી પણ તેમની હાસ્યવૃત્તિ પ્રકટ થયા કરે. તે ટીખળ 'કરી' શકે છે એમ 'માણી' પણ શકે છે. મારો અંગત અનુભવ છે. વાત ઈડરમાં ભરાએલા જ્ઞાનસત્રની છે. ઈડર પાસેના ભામણા ગામના વતની કોઈ કવિ યજમાન હતા ને અમે મહેમાન. પહેલે દિવસે પૂરી-શાક પીરસાયાં. પૂરી ઘણી જ ચવડ ને શાક પણ ધોરણસરનું નહિ. પીરસાયા પછી કવિ પંગતમાં ફરવા નીકળ્યા—બધાને બરાબર પીરસાયું છે કે નહિ તે જોવા. અમારી પંગતમાંથી તે પાછળની પંગતમાં ગયા. મારી બાજુમાં બેઠેલાં વિનોદ અધ્વર્યુનાં પત્ની સુરંગીબહેને મને પૂછ્યું: 'હેં વિનોદભાઈ! કહેવત તો એવી છે કે રસોઈ તો ઈડરની! તો પછી આમ કેમ?'

'બહેન, ઈડરના રસોઈઆ સાક્ષર થઈ ગયા છે.' હું જરા મોટેથી બોલ્યો; એટલે દૂર રહ્યે રહ્યે ઉમાશંકરે મને કહ્યું: 'નૉટી બૉય, હું સાંભળી ગયો છું.' (જોકે ઉમાશંકર કવિતા જેટલી જ સારી રસોઈ બનાવી શકે છે.)

ઉમાશંકર ઝીણા બહુ. ભારે ચીવટવાળા. 'ગુજરાતની હાસ્યધારા' નામના મારા સંપાદન-સંગ્રહમાં તેમની રચના લેવા માટે તેમની અનુમતિ માગતો પત્ર મેં લખ્યો. પણ સ્વભાવ અધીરિયો એટલે ચાર દિવસ પછી ફોન પર તેમની સંમતિ મેળવી લીધી. પણ પછી તે અવઢવમાં પડી ગયા—મને સંમતિ આપી છે કે નહિ એ બાબત. અને તેમણે પત્રોના જવાબ નહિ આપવાની પોતાની આબરૂના ભોગે ય મને પત્ર દ્વારા અનુમતિ મોકલી આપી. જો કે પત્રનો જવાબ આપવાની કુટેવ તેમણે પહેલેથી જ નથી પાડી. 'સંસ્કૃતિ'માં તેમને મોકલવામાં આવેલી કૃતિ મળ્યાની પહોંચ, સ્વીકાર/અસ્વીકાર વગેરે બાબતના પત્ર લખવાની ઝંઝટમાં તે નથી પડતા. એક લેખિકાએ તેમને કૃતિ સાથે જવાબી પત્ર બીડેલો. જેમાં સ્વીકાર/અસ્વીકાર બધું જ લખેલું. માત્ર 'ટીક' કરીને જ પત્ર પરત કરવાનો હતો. પણ આ અઘરું કામ તે કરી શકેલા નહિ.

આપણા આ કવિ જીવનમાં જેટલા વ્યવસ્થિત છે એટલા જ અવ્યવસ્થિત પણ છે. તેમના ટેબલ પર 'સંસ્કૃતિ' અંગેનું કોઈ મૅટર મુકાયું હોય તો તે શોધતાં કમમાં કમ પિસ્તાળીસ મિનિટ તો લાગે જ. ને પાછા મજાકમાં કહે પણ ખરા કે અહીં કશું ખોવાતું નથી તેમ જલ્દી જડતું પણ નથી. કેટલીક વાર તો ખુદ પોતાનું પુસ્તક પણ ઘરમાંથી તે શોધી શક્તા નથી, એટલે નજીકમાં રહેતા નગીનદાસ પારેખ પાસેથી તે મેળવવું પડે છે. તેમની પ્રસ્તાવના મેળવવાની ઇચ્છાવાળા ઘણા લેખકોનાં પુસ્તકો વર્ષો સુધી છપાઇને પડી રહ્યાના અનેક દાખલા છે; એટલું જ નહિ, ખુદ તેમનું પોતાનું એક પુસ્તક જ પ્રસ્તાવનાની રાહ જોતું લગભગ આઠેક વર્ષ સુધી છપાઇને પડયું રહેલું. આવી કેટલીક ક્ષણોમાં જ તે સાચુકલા કવિ લાગે. બાકીની ક્ષણોમાં વ્યવહારપટુ.

તેમની વાણીમાં ગુસ્સે થવાનું તત્ત્વ છે એટલું પ્રસન્ન કરવાનું ય છે. એક વાર 'સંસ્કૃતિ'નાં પ્રૂફ્સ પ્રેસમાંથી થોડાં મોડાં આવ્યાં. પ્રૂફ લઇને આવનાર માણસ પર ગુરુ ગુસ્સે થઈ ગયા અને પ્રૂફનો જમીન પર ઘા કર્યો. ગુરુના ગુસ્સાથી અજાણ હોઈ એ માણસ જમીન પરથી પ્રૂફ ઉઠાવી તેનો વીંટો કરી ચાલ્યો ગયો. ગુરુએ માન્યું કે એ માણસ હમણાં જ પાછો આવશે. પણ તે પાછો આવ્યો નહિ. એટલે ફોન કરીને તેને બોલાવ્યો. પેલો બીજી વાર આવ્યો ત્યારે ગુરુએ તેને પ્રેમથી બેસાડીને ચા પીવડાવી. પછી કહ્યું: 'તું પ્રેસનો મૅનેજર બનવાને લાયક છે.'

એક વાર કવિ પ્રિયકાન્ત અને તેમનાં પત્ની રંજનબેન ઉમાશંકરને મળવા ગયાં. વાતમાંથી વાત કાઢીને ઉમાશંકરે રંજનબેનને કહ્યું: 'પ્રિયકાન્ત તમારા તો વર-કવિ છે પણ અમારા તો કવિવર છે.' યોસેફ મૅકવાન સપત્ની કવિ પાસે ગયો તો તેની પત્નીને પણ કહ્યું: 'યોસેફ તમારે મન વર-કવિ હશે, પણ અમારા તો કવિવર છે, હોં!'

પિનાકિન્ ઠાકોર તાજેતરમાં આકાશવાણી પરથી નિવૃત્ત થયા. (આ વાંચીને કોઇએ મને અભિનંદન આપવાં નહિ.) પત્ની સાથે તે નાટક જોવા ગએલા ત્યાં ઉમાશંકર મળ્યા. તેમણે શ્રીમતી ઠાકોરને કહ્યું: 'સુનીતબહેન, પિનાકિન્ હવે તમને આખેઆખા આપ્યા.'

તેમના આ પ્રકારના સ્વભાવની વાત કરતાં એક કવિએ મને કહેલું: 'અમે નાના હતા ને શાળામાં ભણતા ત્યારે શાળાએ જતી વેળાએ એક પરડા કાકા અમને બૂમ પાડીને પાસે બોલાવતા ને ખાટી-મીઠી પીપરમીન્ટ આપતા. કોઈને વળી ચૉકલેટ આપતા. ઉમાશંકરને જોઉં છું ત્યારે શાળા સમયના એ કાકા યાદ આવી જાય છે.'

ઉમાશંકરને જોઈને મને પણ બધું યાદ આવી જાય છે. ખાસ તો એ કે આપણી પાસે એક જ ઉમાશંકર છે.—એક અને માત્ર એક જ. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૧

સોજા

સોજાને આયુર્વેદમાં 'શોથ' અને સાંપ્રત વૈદકમાં 'સ્વેલિંગ' કહે છે. આ એક રસવિકૃતિજન્ય રોગ છે.

સોજાનાં બાહ્ય અને આભ્યંતર એમ બે કારણો હોય છે. બાહ્ય કારણોમાં પડવાથી, વાગવાથી, પછડાવાથી, દાઝવાથી, મધમાખી જેવું કરડવાથી, છોલાવાથી વગેરેથી સોજો આવે છે. આભ્યંતર કારણોમાં પાંડુ રોગમાં આંખની નીચે સોજા આવે છે. મૂત્રવહ સ્રોતસ બગડે તો પગે સોજા આવે છે. ઘણી વાર જલોદર જેવા રોગમાં મોઢે થોથર ચડે છે. સોજાના પ્રકાર પણ અલગઅલગ હોય છે. કોઈ સોજા સવારે વધુ હોય અને રાત્રે ઘટી જાય, તો કોઈ સાંજે વધે અને સવારે ઘટે. કેટલાકમાં વધઘટ થાય જ નહિ, તો કેટલાકમાં આંગળી દબાવવાથી ખાડો પડે.

ઉપચાર: ૧) બાહ્ય કારણથી સોજો આવ્યો હોય તો દશાંગ લેપ કે વાતઘ્ન લેપ પાણીમાં કાલવીને લગાવવો અથવા ૨) તેના ઉપર લેપ-ગુટી ઘસીને લગાવવી. ૩) હળદર અને મીઠું પાણીમાં ગરમ કરી લગાવવું. ૪) દુખાવો હોય તો સોજામાં શેક પણ કરી શકાય, અથવા ૫) પંચગુણ તેલનું હળવે હાથે માલિશ કરી શકાય.

આભ્યંતર કારણને લઈને સોજા હોય તો જે તે રોગની સારવાર કરવાથી તે મટી જાય છે. એમાં લોહીની ઓછપ હોય તો 'આરોગ્યવર્ધિની વટી' બે બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવી. જો મૂત્રવિકારને લઈને હોય તો 'પુનર્નવા મંડૂર', 'પુનર્નવાસવ' કે 'પુનર્નવારિષ્ટ'નું સેવન કરવું. જલોદરને કારણે હોય તો 'જલોદરારિ રસ' લેવો.

સોજો હોય ત્યારે દહીં, કેળાં, મીઠાઈ, ખટાશ ન ખાવાં.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

અનુસંધાન] ગાડગે મહારાજ [પૃ. ૨૬૬થી

જમે કરાવ્યો અને બોલ્યા: 'આ માલ મળ્યો એની પહોંચ આપો.' આજ સુધી શાહુકાર પાસે કોઈ આ રીતે બોલ્યું ન હતું. કોઇએ પહોંચ માગી ન હતી. શાહુકાર ગુસ્સે થઇને બોલ્યા: 'પહોંચ શાની માગે છે? મારા પર વિશ્વાસ નથી?' ડેબુજીએ વિનયથી પણ મક્કમતાપૂર્વક કહ્યું: 'સાહેબ, આમાં વિશ્વાસનો સવાલ જ નથી. મારા મામાના અંગૂઠાની નિશાની તમે નહોતી લીધી?' શાહુકાર ચમક્યો. એણે પોતાના મુનીમને કહ્યું: 'આ ભાઇને પહોંચ આપજો.' દર વખતે એમ થવા માંડયું. પહોંચ મળે જ નહિ. વાયદાઓ દર વખતે મળતા જાય! પછીને વર્ષે ડેબુજીએ પહોંચ વગર કંઈ પણ આપવાની ના પાડી. શાહુકાર ડેબુજીને નમાવવાનો રસ્તો શોધી રહ્યા હતા. નદીકિનારે મામાનું ખેતર હતું પણ એ મામાને નામે હજી ચડેલું ન હતું, શાહુકારને નામે ચાલતું હતું. એટલે શાહુકારે એક દિવસ કહ્યું: 'ખેતર તો મારા નામ પર છે, એટલે એનો કબજો હું રીતસર લેવાનો છું. તું બહુ કાયદાવાળો ખરો ને? તારે પહોંચ જોઇએ છે!'

ડેબુજીએ શાહુકારને લડત આપવાનું નક્કી કર્યું. પણ ઘરના લોકોને એ ગમ્યું નહિ. એ ડેબુજીને કહે: 'શાહુકાર એટલે મોટો માણસ. પૈસાવાળો. સરકારમાં એની લાગવગ મોટી. તું એને શી રીતે પહોંચી વળીશ? અને આખરે, એ ખેતર પણ ક્યાં તારું છે?' આ સાંભળી ડેબુજી ઘણો ખિન્ન થયો ને એ આખી રાત એના પ્રિય મહાદેવના સ્થાન પર બેસી ગાળી. મન શાંત થયું. પોતાનો પક્ષ ન્યાયનો છે, સત્યનો છે. ખેતર ભલે મામાનું હોય, પણ મામાએ આશરો આપ્યો, ખેતીકામ શીખવાડયું મોટો કર્યો, પરણાવ્યો અને ભાણા પર વિશ્વાસ મૂકીને એ મરી ગયા. મન ઉદાસ થયું, વિરક્તિ વધી; પણ અન્યાય સામે ઝઝૂમવાનો નિશ્ચય પાકો થયો.

જે દિવસે શાહુકારના માણસો ખેતરનો કબજો લેવા આવવાના હતા તે દિવસે વહેલી સવારે બળદ જોડી ડેબુજી શાંતિથી ખેતરે ગયા. ગામના લોક ભેગા થયા. આજે ધોબીનું લોહી રેડાયા વગર રહેવાનું નથી એની એમને મન ખાતરી હતી. અને દૂરથી શાહુકાર પોતાના માણસો સાથે આવતા દેખાયા. તિડકે શાહુકાર ઘોડા પર બેઠા હતા. એમની સાથે માથા સુધી પહોંચે એવી લાઠીઓ ધારી ચાર દાદાઓ હતા. સાથે હળ, બળદ અને મજૂરો હતા. એક દાદાએ બરાડ પાડી: 'એ રે ડેબુજી! એ ધોબી!' એટલે ડેબુજીએ જવાબ આપ્યો: 'તારી પત્નીની વિદાય લઈ આવ્યો છે? હું તો મારી ઘરવાળીનો ચાંલ્લો ભૂંસીને આવ્યો છું. તું તારો વિચાર કર.' એ થંભી ગયો. એટલે શાહુકાર ગર્જ્યો: 'બે જણા એને એક બાજુ પર ધકેલી દો.' બીજા બે તગડાઓ આગળ દોડયા, અને એમણે બે બાજુથી ડેબુજીને પકડી લીધો. સખૂબાઈ રડી પણ ન શકી. લોકો જોઈ રહ્યા હતા. કોઈ મદદ કરવા આવ્યું નહિ. ડેબુજીએ એક જ ક્ષણમાં એ બેને જમીનદોસ્ત કર્યા અને નીચે પડેલી એમની લાઠી લઈ વાવાઝોડાની માફક એ શાહુકાર તરફ ધસ્યો. આશ્ચર્યચકિત થઈ શાહુકાર બધું જોતો હતો. ચતુર હતો. એટલે 'શિર સલામત તો પઘડિયાં બહોત' એમ વિચારી એણે ઘોડાને બીજી દિશામાં વાળ્યો. એટલામાં ડેબુજીએ ઘોડાને એવી તો લાઠી મારી કે ઘોડો નાઠો. શાહુકારની આ દશા જોઈ એના મદદનીશો પણ ભાગી ગયા. આટલું પરાક્રમ કર્યા પછી ઘરમાંથી જે માયાની આશા હતી તેને બદલે બધા તરફથી એને ક્રોધ જ મળ્યો. તિડકે શાહુકાર હવે ડેબુજીને જેલ ભેગો કર્યા વિના જંપશે નહિ એની ચિંતા બધાંના મનમાં હતી. આખરે શાહુકારે મહેરબાની કરી ખેતર પાછું આપ્યું.

જમીન પાછી મળી. ઘરમાં દીકરીનો જન્મ થયો. એટલે ન્યાતના રિવાજ પ્રમાણે બકરાં કાપી અને દારૂ પાઇને જમણવાર કરવાની જરૂર ઊભી થઈ. હવે ડેબુજી તરફ લોકો આદરભાવથી જોતા. ભજન માટે એને દૂરનાં ગામોમાંથી પણ તેડાં આવતાં. આમ બહાર માન હતું છતાં ઘરમાં વિરોધનું વાતાવરણ જ હતું. એમણે જાહેર કર્યું: 'મારી દીકરીના જન્મની ખુશાલીમાં જમણવાર તો કરીશ, પણ એમાં બકરાં કપાશે નહિ અને દારૂનું એક ટીપું પણ આ ઘરમાં આવશે નહિ.' ઘરના લોકોને આ ગમ્યું નહિ. પણ ડેબુજીએ પોતાનુંધાર્યું કર્યું અને જમણમાં લાડુ રાખવાનું નક્કી કર્યું. બહુ ઉગ્ર ચર્ચા બાદ એમના મુરબ્બીઓ બોલ્યા: 'બીજી ન્યાતોમાં શું થાય છે એની સાથે અમારે કંઈ નિસ્બત નથી. આપણે ન્યાતે ધોબી છીએ. આપણા એક પરાક્રમી પૂર્વજે રામ જેવા રામને પત્નીનો— એટલે સીતાજીનો ત્યાગ કરવાની ફરજ પાડી હતી. એટલે ન્યાતના નિયમોનો ભંગ તારાથી ન થઈ શકે.' ડેબુજી મક્કમ રહ્યા. બોલ્યા: 'જમશો તો આનંદ થશે, નહિ જમો તો આપની મરજી.' થોડા લોકો જમ્યા; ઘણા એમ ને એમ ચાલ્યા ગયા. ઘરનો અસંતોષ વધતો ગયો.

ડેબુજીને ત્યાં ત્રણ સંતાન અવતર્યાં. છેલ્લો પુત્ર હતો. કોઈ તાવ આવ્યો અને દીકરો ગુજરી ગયો. લોકો કહેવા લાગ્યા: 'દીકરો જન્મ્યો ત્યારે દેવીનો બકરો વધેર્યો નહિ તેથી આમ થયું.' સમાજને કેવી રીતે સમજાવવો એની મૂંઝવણ એમના મનમાં વધી અને વિરક્તિ વધતી ગઈ. ઈ. ૧૯૦૧માં એમને એક મહાત્મા મળ્યો, અને તે દિવસથી એમનું આખું જીવન જાણે પલટાઈ ગયું. એક આખો દિવસ એની સાથે રહી એ ઘેર આવ્યા અને સાંજે એમને કંઈ કામ માટે બીજે ગામ જવાનું થયું. એ પાછા આવ્યા ત્યારે એમને ખબર પડી કે કોઈ સાધુ 'દેવીદાસ, દેવીદાસ' એમ પોકારતો ગામમાં ફરતો હતો. એનું વર્ણન સાંભળી ડેબુજીએ જાણ્યું કે એ પેલો મહાત્મા હતો. એની શોધમાં એ બધે ફરી વળ્યા, પણ પેલો મળ્યો નહિ. ગુરુ પોતાને શોધતા આવ્યા ત્યારે પોતે ઘરમાં હતા નહિ એનું એમને ઘણું દુ:ખ લાગ્યું. અને તે શત્તે જ જૂનાં ફાટેલાં વસ્ત્રો પહેરી લઈ, એક હાથમાં લાકડી અને બીજા હાથમાં માટલું (ગાડગે) લઈ તે નીકળી પડયા. કર્તવ્યદક્ષ, સિદ્ધાંતનિષ્ઠ ડેબુજીનો અસ્ત થયો અને 'ગાડગે' મહારાજનો આવી રીતે ઉદય થયો. (ચાલુ)

લઘુકથા

સવળાં પગલાં

પી. જી. કડીવાર

અરજણ હતાશ થઈ ઓટલા પર બેસી ગયો. ઘણાં ઠેકાણે ફર્યો, પણ ક્યાંય કામ મળ્યું નહિ. એક-બે જગ્યાએ અઠવાડિયા પછી આવવાનું કહ્યું, પણ અઠવાડિયું તો...સમજુ ત્રણચાર દિ' થયાં કીધા કરતી'તી કે, 'ટાણે ધાંધા-વાંધા થાવું ના પડે એટલે કઉ છુ કે, વેતમાં રે'જો.'

—અને એક વાર ટાણે ધાંધા-વાંધા થયાના કડવા અનુભવની યાદથી એનો હતાશ ચહેરો વધુ તંગ બની ગયો. આંગળાંઓનાં ટેરવાં એક પ્રકારના કંપથી કંપી ઊઠયાં. બસ સ્ટૅન્ડની ભીડમાં ભળી જવાના રોકી રાખેલા વિચારે ફરી આક્રમણ કર્યું, અને.........

—અને થોડી વાર પછી એ ભીડમાંથી બહાર નીકળ્યો ત્યારે એના વ્યગ્ર ચહેરા પર થોડી હળવાશ હતી. આડીઅવળી ગલીઓ વટાવી ઘર તરફ પગલાં માંડી રહ્યો ત્યારે એનું હળવું બનેલું મન અજાણપણે ધીમે-ધીમે ભૂતકાળના પડને ઉખેળી રહ્યું...રસ્તા પર પડતા એક એક ડગમાં એને સમજુનો અવાજ સંભળાઈ રહ્યો: 'હું હાવ હાચું કવ છું કે, તું આવા ગોરખધંધા મૂકી દે! આ હારું નથી. તું માન ના માન પણ મને વે'મ છે કે આવા કારા કામના પરતાપે જ મારી કૂખે છોકરાં ઊઝરતાં નથી. ભગવાન લાકડી લઇને થોડો મારવા આવે છે?'

...અરજણના પગની ગતિ મંદ પડવા લાગી. ભીતરની લડાઈ વધુ ઉગ્ર બનતી ગઈ, અને એ હજુ આગળ કંઈ વિચારે એ પહેલાં જ એના પગે ગતિ બદલી નાખી. □

પચ્ચીસ વર્ષ પહેલાં

ઑગસ્ટ ૧૯૫૩·સળંગઅંક ૩૫૬

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી એક અમીર દિલના ગરીબની શ્રી અમૃતલાલ વેગડે કહેલી સાચી બનેલી વાત :

કોઈ વાર એવું નથી બનતું કે તમે કોઈ સાવ ગરીબ માણસને મળો, ને છતાં તમને લાગે કે આના જેવા અમીર આજ સુધી ક્યાં ય નથી જોયો? થોડા દિવસોના સહવાસમાં એ એવું સંભારણું નથી મૂકી જતો, કે જે જિંદગી સુધી કદી ઝાંખું નથી પડતું?

બિજરાઓગઢના મંદિરનો પૂજારી ને એની સ્ત્રી એવાં જ માણસો હતાં. મંદિર ગામથી દૂર નાની ટેકરી પર એકાંતમાં આવેલું હતું. અઢીસો વરસ જૂના મંદિરમાં સરસ ભીંતચિત્રો કરેલાં હતાં. એ જોવા અને થોડાંની નકલ કરવા હું ત્યાં ગએલો. સાથે મારો નાનો ભાઈ હતો. પૂજારીની રજા લઈ ત્યાં જ રહેવાનું રાખ્યું. વહેલી સવારે ઊઠી પાસેના ઝરણામાં નહાઈ આવતા. નાનો ભાઈ રાંધવાની તરખડમાં પડતો; હું ચિત્રોની નકલ કરતો.

પહેલે જ દિવસે એ પતિ-પત્નીએ અમને પારકું ન જણાવા દીધું. કહેવા લાગ્યાં : 'ભાઈ, ઘર છોડી સૌને બહાર જવું પડે. કશો સંકોચ ન કરતા. આને તમારું જ ઘર સમજજો.'

ઘેરથી સીધું ને વાસણ લઈને જ નીકળેલા, પણ થાળી ખૂટતી હતી. તરત ઘરની સારામાં સારી થાળી કાઢી આપી. જમતી વેળા અથાણું અને ડૂંગળી લાવી આપ્યાં. કૂવો ટેકરીની છેક નીચે હતો, ને ઉનાળાના દિવસ એટલે પાણી ખૂબ ઊંડે ગએલું. ત્યાંથી પાણી લાવવું સહેલું ન હતું. પણ જ્યારે જોઈએ ત્યારે ઠંડા પાણીનો મોટો સ્વચ્છ લોટો લઈને એમની નાની દીકરી ઊભી જ હોય! વળી, ભલી બાઈ વચ્ચેવચ્ચે એની મીઠી બુંદેલખંડી બોલીમાં કહી જાય : 'કશો સંકોચ ન કરતા. તમારું જ ઘર સમજજો. જે જોઈએ તે લઈ લેજો.' હેતથી અમને 'બડે' ને 'છોટે' કહીને બોલાવતી, ને છોકરાં પર જ ભરોસો ન રાખતાં જાતે આવીને અમારા ખબર-અંતર પૂછી જતી.

એક દિવસ વરસાદ આવ્યો એટલે બળતણ ભીંજાઈ ગયું. ચૂલો સળગે નહિ. ધુમાડાથી આંખો બળવા લાગી. પણ લાકડાં સળગે ત્યારે રસોઈ થાયને? બળતણ અમારી વધુ ફજેતી કરે તે પહેલાં તો બાઈ સૂકાં છાણાં લઈ આવી. ને પછી તો સૂકાં ભેગું લીલું પણ બળ્યું.

એમની શીળી છાયા તળે પાંચ દિવસો નીકળી ગયા. છઠ્ઠે દિવસે સવારે મેં કહ્યું : 'મારું કામ હવે પૂરું થવા આવ્યું. આજ સાંજે અમે નીકળીશું.' રોકાવાનો ઘણો આગ્રહ કર્યો, પણ નીકળવું જરૂરી હતું. થોડી વારમાં શીરો અને પૂરી લઈને એમની નાની દીકરી આવી. સામે જ પૂજારી પૂજા કરતા હતા. મેં કહ્યું : 'ભાઈ, નાહકની તકલીફ લીધી.'

અમારી સામે જોઈ કહે : 'લ્યો, ઘરમાં શું બની રહ્યું છે એની મને તો કંઈ ખબર જ નથી! આજ તમારે કારણે આ બ્રાહ્મણને પણ થોડો શીરો આરોગવા મળશે ખરો! લો, હવે મોડું ન કરો, નહિ તો ઠંડો થઈ જશે. તુલસીદાસજીએ કહ્યું છે : "ભૂખે ભજન ન હોય ગુંસાઈ." માટે હવે શુભસ્ય શીઘ્રમ્!'

પંડિતજીનો આવો મીઠો વિવેક અને પત્ની પ્રત્યે છાનો પ્રેમ જોઈ મારું મન પ્રસન્ન થઈ ગયું. કશી ઓળખાણ કે સ્વાર્થ વિના અતિથિનો આવો સત્કાર ક્યારેક જ જોવા મળે.

બપોરે હું મંદિરમાં નકલ કરતો હતો. નાનો ભાઈ બહાર છેલ્લી વારની રસોઈ કરતો હતો. કણક બાંધતી વેળા અટામણ રાખી લેવાનું ભૂલી ગયો. રોટલી વણતી વખતે એની જરૂર જણાઈ એટલે નાની છોકરીને થોડો લોટ લઈ આવવા કહ્યું. થોડો વખત ગયો પણ છોકરી આવી નહિ. 'છોટે'ને થયું કે નાનું છોકરું છે, રમતમાં પડી ગઈ હશે, એટલે યાદ નહિ રહ્યું હોય. રોટલી વણી લીધી. ચૂલો ઠારી બન્નેનું પીરસતો હશે ત્યાં બાઈ થાળી ભરીને લોટ લઈ આવી. ભાઈએ કહ્યું : 'આ શું? મેં તો મૂઠી લોટ મંગાવ્યો હતો ને તમે તો થાળી ભરીને લાવ્યાં! કોરો લોટ રાખી લેવાનું ભૂલી ગયો હતો પણ હવે તો રોટલી વણાઈ ગઈ. હવે કશી જરૂર નથી.'

બાઈએ રોટલી તરફ જોઈ ઉદાસ થઈને કહ્યું : 'અરે રે, બહુ વાર થઈ ગઈ. પણ મને એમ કે તમારો લોટ થઈ રહ્યો છે, પણ શરમને લઈ વધુ મંગાવતા નથી. ઘરમાં જે લોટ હતો એ તો ઘઉં, ચણા, તિવડા વગેરેનો ભેળસેળ હતો; ચોખ્ખા ઘઉંનો નહિ. એવો લોટ તમને કેમ અપાય? એટલે શેર ઘઉં લઈ હું તરત ઘંટીએ બેઠી. છોટે તું શરમાતો નહિ. એટલી રોટલી પૂરી નહિ થાય. આ લોટ લઈ લે અને બીજી રોટલી વણ!'

અંદર મંદિરમાં અવાક્ થઈ હું આ સાંભળી રહ્યો હતો. મંદિરના ઘુમ્મટમાં એની વાણી ગુંજી ઊઠી. મારા હૃદયના ઘુમ્મટમાં એ સદા ગુંજતી રહેશે.

આને 'આ તમે જાણતા હતા?' માળાનો એક વધુ રસમય મણકો : 'વીજ'.

ચોમાસામાં ગાજવીજ થાય છે ત્યારે જ આપણને આકાશમાં વીજળીના લિસોટા નજરે પડે છે, પરંતુ આપણી પૃથ્વી પર વીજળીના



બિજરાઓગઢ (વિજયરાઘવ ગઢ) મધ્ય પ્રદેશની ઓતરાદી સીમા પર, કટનીથી ૨૦ માઈલ દૂર આવેલું ઐતિહાસિક ગામ છે. ત્યાંના અઢીસો વર્ષ જૂના એક મંદિરમાં જે અનેક સુંદર ભીંતચિત્રો છે એમાંના ત્રીજા ભાગની આ નકલ છે. એમાં વચ્ચે મથાળે કૃષ્ણ છે ને ચોમેર ગોપીઓ છે. સમયના અભાવે મેં માત્ર ડાબી બાજુના ભાગની નકલ કરેલી તે આ છે. મૂળ ચિત્રનું કદ ૧૨॥×૨૬ ઇંચ હતું જેમાંથી ૧૨×૮ ઇંચનું મેં આ ઉતાર્યું. મંદિરમાં થોડાં શુદ્ધ નિસર્ગદૃશ્યોની તકતીઓ છે તે અત્યંત સુંદર હોઈ બીજે બહુ ઓછી મળે છે. ચિત્રો ઉપર રક્ષણ માટે વાર્નિશ કર્યું હોય એમ જણાય છે.

ઝબકારા પ્રતિપળ ચાલુ જ હોય છે એ તમે નહિ જાણતા હો. આકાશમાં તો દર સેકંડે ૬૦૦૦ જેટલા વીજળીના ઝબકારા થતા રહે છે, પરંતુ આપણી પૃથ્વી પર તેનું અતિ અલ્પ પ્રમાણ જ ઊતરવા પામે છે—સેકંડે ૫૦ જેટલું. બીજા કોઈ ગ્રહ પરથી જો આપણી પૃથ્વીનું નિરીક્ષણ કરવામાં આવે તો તે આખી વીજળીના ઝબકારાઓથી જ ઘેરાએલી લાગે.

વીજળીનો એક જ ઝબાકો પાંચ માઈલ જેટલો લાંબો હોઈ શકે છે, જોકે એની શક્તિ વડે આપણો કૃત્રિમ વીજળીનો એક દીવો પણ કદાચ ન સળગાવી શકાય; અને તેમ છતાં, એ જ્યારે પૃથ્વી પર પડે છે ત્યારે ગમે તેવા મજબૂત મકાન સુધ્ધાંને જમીનદોસ્ત કરી નાખે છે. આનું કારણ શું? એ કારણ એમાં રહેલું એક અબજ વોલ્ટ જેટલું દબાણ છે. બંદૂકની ગોળી કદમાં તેમ જ વજનમાં મામૂલી હોવા છતાં તેના વેગના દબાણને કારણે કેવી પ્રાણઘાતક નીવડે છે! એવું જ વીજળીનું છે. ઊંચાં મકાન કે ઝાડ પર એ પડવાનો સંભવ વધુ હોય છે. અમેરિકાનું 'એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ' એ દુનિયાનું ઊંચામાં ઊંચું મકાન હોઇને બીજા કોઈ પણ મકાનો કરતાં એ પર વીજળી વધુ વાર પડે છે,—ત્રણ વરસમાં ત્રેસઠ વાર એના પર વીજળી પડવાનો આંક નોંધાએલો છે.

વેનેઝુએલામાં એક નદીના મુખ આગળ દર થોડીથોડી મિનિટને આંતરે તેના ઝબકારા થયા જ કરે છે, જે ૨૦૦ માઈલ દૂરથી દેખાય છે! કોઈ દીવાદાંડી પેઠે તે સતત ઝબકયા જ કરે છે. વૈજ્ઞાનિકો આનું કારણ શોધી શકયા નથી.

બેન્જામિન ફ્રાન્કલિને આકાશી વીજળીનું પહેલવહેલું વાહક (કન્ડકટર) બનાવ્યું ત્યારે અજ્ઞાની લોકોએ તેના ઉપર પ્રભુના કાર્યમાં ડખલ કરવાનો આક્ષેપ મૂકયો. પરંતુ આજે તો એ વીજળીનાં ગુણધર્મ ને પ્રમાણ જાણવા માટે બારીક યંત્રો સાથે વિમાની વિનાનાં સ્વયંસંચાલિત વિમાનો ગાજવીજનાં તોફાનો વખતે ઉડાડવામાં આવે છે અને તે કોઈને પ્રભુના કાર્યમાં દરમિયાનગીરી રૂપ નથી લાગતું.

ફ્રાન્સના નોત્રદામ દેવળનું છાપરું વીજળીએ તોડી નાખેલું એટલું જ નહિ પરંતુ ૧૮૦૮ના ડિસેમ્બરમાં તો ત્યાંના શાર નામના આખા ગામનો ભુક્કો બોલાવી દીધેલો. આ બંનેમાં માનવ પ્રાણહાનિની નજરે તો સૌથી ભયંકર દાખલો દક્ષિણ આફ્રિકામાં નોંધાએલો છે. આમ પણ એની રાજધાની જોહાનિસબર્ગમાં વરસે સરેરાશ ૧૧૫ જેટલાં ગાજવીજનાં તોફાનો થતાં રહે છે. પરંતુ ઈ. ૧૮૯૪માં પડેલી વીજળીએ એક સેકંડના દસમા ભાગ જેટલા વખતમાં એકીસાથે ૬૬ માણસોના પ્રાણ લીધેલા. વીજળી પડવાથી થતાં મૃત્યુનું મોટામાં મોટું પ્રમાણ દક્ષિણ આફ્રિકામાં જ છે–વરસે લગભગ ૬૦૦ જેટલું! એના પછી બીજો નંબર ઑસ્ટ્રેલિયાનો આવે. આવાં મૃત્યુ પરથી કાઢવામાં આવેલા અંદાજ પરથી જણાય છે કે સ્ત્રીઓ કરતાં પુરુષો એનો વધુ ભોગ બને છે–૧ સ્ત્રીએ ૯ પુરુષો.

પશ્ચિમના દેશોમાં તો ગાજવીજનું તોફાન શરૂ થતાં છરી, કાંટા, ચમચા, કાતર વગેરે લોખંડની ચીજો સંતાડી દેવામાં આવે છે, પણ એ ચીજો કંઈ બહુ ભયાવહ નથી નીવડતી. આવાં તોફાનો વખતે ઈસ્ત્રી કે સીવવાના સંચા જેવી વીજળીથી ચાલતી ચીજો ન વાપરવી તેમ જ ભીને ડીલે બહાર ન નીકળવું.

એક જ વ્યક્તિ કે વસ્તુ પર એક વાર પડી ગયા પછી બીજી વાર વીજળી ન પડે એવી માન્યતા પાયા વિનાની છે. બીજી વાર તો શું પણ સેંકડો વાર પણ પડે. અમેરિકાના ઓહાયો સંસ્થાનના કૅન્ટન ગામનો ચાર્લ્સ બ્રાઉન વૈદકજગતમાં 'માનવ-વિદ્યુતવાહક' તરીકે જાણીતો છે, કારણ તેના પર દસ વાર વીજળી પડી ચૂકી છે છતાં તેને કશું નથી થયું! વીજળી પડતી વખતે માત્ર તેને થોડી બેચેની રહે છે. ઍપલટન શહેરના રહેવાસી જૉન રૅલટર ઉપર વીજળી પડતાં એક નવી જ કરામત બનવા પામી. વીજળીથી થએલી ઈજા અંગે ઇસ્પિતાલમાં સારવાર મેળવી એ બહાર નીકળ્યા બાદ એની ઊંચાઈ એક ફૂટ જેટલી વધી ગઈ!

કેટલાંક ઝાડ પર વીજળી પડતી ન હોઈને તોફાન વખતે તેમની નીચે આશ્રય લેવો સારો એમ કેટલાક લોકો માનતા હોય છે, પરંતુ એ માન્યતા સાચી નથી. વીજળી કયા ઝાડ પર પડે ને કયા પર નહિ તેનો આધાર આજુબાજુનાં ઝાડ કરતાં તેની ઊંચાઈના પ્રમાણ પર તથા વરસાદના પાણીથી ભીંજાઇને તે કેટલી હદે વીજળીવાહક બન્યું છે તે પર રહે છે. એટલું ખરું કે જે ઝાડ પર પંખીઓ માળા બાંધતા હોય એ પર વીજળી સામાન્યતઃ ઓછી પડે છે. જે ઝાડની જમીનના તળમાં પાણી ન હોય એવાં ઝાડ પર જ પંખીઓ માળા બાંધતાં હોય છે; ને વીજળી તો એવાં ઝાડ પર વહેલી પડે છે જેના તળભાગે પાણી હોય.

હવામાં વીજળી જ્યારે 'ડિસ્ચાર્જ' થાય છે ત્યારે ઑક્સિજનનું રૂપાંતર ઓઝોનમાં થવા પામે છે. દરિયાકાંઠાની હવામાં સ્ફૂર્તિને શક્તિદાયક આ ઓઝોનનું પ્રમાણ વધુ રહે છે એ આપણે જાણીએ જ છીએ.

કોઈ વાર મોટરકારનું બારણું ખોલતી વેળા 'સ્ટૅટિક'વીજળીનો ઝબકારો થઈ જાય છે તે બહુ ખતરનાક હોય છે. નજીકમાં પેટ્રોલ જેવાં પ્રવાહીઓ હોય તો તે આફત સર્જે છે. દુનિયાના એક કાળના સૌથી જંગી વિમાની જહાજ હિન્ડનબર્ગના નાશનું કારણ આજ હતું. આના જ લીધે વરસોવરસ સેંકડો મરણ નીપજે છે.

સ્વીડનની અપસલા યુનિવર્સિટીના પ્રો. હૅરાલ્ડ નૉરિન્ડરે એક સેકંડના દસ લાખમા ભાગનું માપ કાઢી શકે તથા એક સેકંડમાં ૧૦૦ સુધી થતા વીજળીના ઝબકારા નોંધી શકે એવું યંત્ર બનાવ્યું છે. એ યંત્ર હવામાનમાંનાં તોફાનો પારખી કાઢીને વિમાનોની સલામતી માટે ચેતવણી આપવામાં ઘણું ઉપયોગી થશે. □

દ્વાદશ જ્યોતિર્લિંગ–૮ ત્ર્યંબકેશ્વર

શ્રીરામની વિનતિથી મુનિશ્રેષ્ઠ અગસ્ત્યે એમને વનવાસ માટે 'સોદકં બહુકાનનમ્' અને 'બહુમૂલ ફલોદક બહુમૃગ' એવું જે સ્થળ સૂચવેલું ત્યાં વટ વૃક્ષ રૂપ પાંચ ઋષિકુમારોનો શ્રીરામે ઉદ્ધાર કરેલો એ પરથી એ પંચવટી કહેવાયું છે. ભારતનાં પાંચ પ્રમુખ તીર્થોમાં પશ્ચિમ કાશી ગણાએલું નાસિકને સ્પર્શીને વહેતી ગોદાવરીના સામા કાંઠે એ સેવ્યું છે. પાપવિમોચિની તરીકે જે માહાત્મ્ય ગંગાનું છે એ જ અહીં ગોદાવરીનું હોઈ એ દક્ષિણની ગંગા ગણાય છે. કપટથી પોતાના પર આવી પડેલા ગૌહત્યાના પાપને ધોવા ગૌતમ ઋષિએ શિવની આરાધના કરીને, નાસિકથી અઢારેક માઈલ દૂર બ્રહ્મગિરિમાં ગંગા આણી હતી એ જ આ ગોદાવરી. ગૌતમની વિનતિથી શિવે ત્યાં વાસ કર્યો અને ત્ર્યંબકેશ્વર કહેવાયા. દ્વાદશ જ્યોતિર્લિંગમાંના એ એક છે.

આજે ત્ર્યંબકેશ્વરનું જે વિશાળ સુંદર મંદિર છે એ પ્રાચીન મંદિરના સ્થાને બાલાજી બાજીરાવે બંધાવેલું છે. પાંચ સુવર્ણકળશ અને સુંદર શિલ્પશોભનવાળા શ્રીયંત્ર આકારના આ મંદિરમાંનું શિવલિંગ જળ ભરેલા એક નાના ખાડાની અંદર છે. સ્ત્રીઓ માટે એનું દર્શન વર્જ્ય છે. કહે છે કે એ ખાડામાંથી ઘણી વાર સિંહનાદ સમો અવાજ સંભળાય છે ને ક્યારેક એમાંથી જવાળા પણ નીકળે છે. ત્ર્યંબકેશ્વરનું લિંગ બ્રહ્મા-વિષ્ણુ-મહેશાત્મક ગણાય છે. એના ઉપર એક પંચમુખી મુખવટો રખાય છે, ને ઉત્સવ-પ્રસંગે રત્ન ખચિત મુકુટ પણ પહેરાવાય છે.

ત્ર્યંબકેશ્વરના પરિસરમાં અન્ય દેવદેવીઓનાં મંદિરો છે. થોડે દૂર નીલપર્વત ઉપર નીલાંબિકા દેવીનું મંદિર છે. બ્રહ્મગિરિની તળેટીમાં ગંગાસાગર તળાવ પાસે નિવૃત્તિનાથની સમાધિ છે, જ્યાં પ્રતિવર્ષ જ્યેષ્ઠ વદ દ્વાદશીએ એમની પુણ્યતિથિ નિમિત્તે લોકો યાત્રાએ આવે છે. બ્રહ્મગિરિની ઉત્તરે નાથપંથીઓનો પ્રાચીન ત્ર્યંબક મઠ છે. દર બાર વર્ષે 'સિંહસ્થ વર્ષ'માં અહીં જે કુંભમેળો ભરાય છે તેમાં નાથપંથની બારેય શાખાના જોગીઓ એકઠા થાય છે. આ મેળો તેર માસ સુધી ચાલે છે. દર કાર્તિકી પૂર્ણિમા અને મહાશિવરાત્રીએ પણ અહીં મોટો મેળો ભરાય છે.

કુશ એટલે કે દર્ભની આડશ કરીને ગૌતમે ગોદાવરીના વહેણને અહીં જ્યાં રોકેલું એ કુશાવર્ત અહીંનું પવિત્રતમ તીર્થ છે. હોળકરના કારભારી પારનેરકરે ત્યાં પગથિયાંવાળો વિશાળ કુંડ બંધાવેલો છે. તેની આસપાસ પણ કેટલાંક મંદિરો છે.

—ચંદ્રકાન્ત મો. શુક્લ



માધુકરી

નામ ફૂટીને કળાનું થીગડાં મારી ફરે,
જ્યાં જુવાનો નકલ નખરાંમાં જ ખીખિયારી કરે;
લોકનેતા લોંકડી શા, જ્યાં કપટના કાંખિયા,
ભૂર ભાષાના મદારી હોય પંડિત લેહિયા;
ભાગલા પાડી ઉડાડે નોખનોખી જે ધ્વજ,
ને બધાયે ભાગ પોતાને ગણે આખી પ્રજા;
જાણજો એવી પ્રજાનાં પુણ્ય પરવારી ગયાં,
દોસ્તો સફરના સાથીઓ, એ દેશની ખાજો દયા.

—ખલિલ જિબ્રાન (અનુ. મકરંદ દવે)

સ્વ. શિવ પંડ્યા

ચૌદમી જુલાઈએ સવારે લગભગ સાતેક વાગ્યે ફોનની ઘંટડી વાગી. પત્નીએ કહ્યું : 'જુઓ, તમારા શિવભાઈનો ફોન છે.' શિવભાઈનો ફોન સવારે લગભગ આ સમયે જ આવે. ઝડપથી ઊઠીને મેં રિસીવર લીધું. અવાજ શિવભાઈનો નહિ, શ્રીકાન્ત ત્રિવેદીનો હતો. કહી રહ્યો હતો : 'શિવભાઈનો અવાજ ફોન પર હવે તમે ક્યારે ય સાંભળી નહિ શકો!'

ઊંચું પડછંદ શરીર, ગોરો વાન, મોટું કપાળ, ધારીને જોઇએ તો મોં પર આછાં શીળીનાં ચાઠાં દેખાય, અવાજ ભારે, મીઠો, આત્મવિશ્વાસથી ભર્યોભર્યો, હાસ્ય બાળક જેવું ખખડતું... આમાંનું કશું જ હવે જોવા–સાંભળવા નહિ મળે.

શિવ પંડ્યા માત્ર કાર્ટૂનિસ્ટ જ નહિ, કવિ પણ હતા. હૃદયરોગના પહેલા હુમલામાંથી તે બચ્યા એ જ મિત્રોને મન એક ચમત્કાર હતો. એ અરસામાં તેમને મળવા ગયો. હૃદયને જોરદાર ધક્કો લાગેલો; પણ એની કોઈ ચિંતા ના હોય તેમ બેફિકરાઈથી વાત કરે. વાત કરતાં કરતાં જ તેમણે પોતાના ઓશિકા નીચેથી બે-ત્રણ કાવ્યો કાઢીને મને આપ્યાં.

'તમે કવિતા પણ કરો છો?' મેં પૂછ્યું. જવાબમાં તે હસ્યા. બોલ્યા : 'હમણાં જ શરૂ કરી.' 'તો પહેલાં કેમ નો'તા લખતા?' 'કવિતા હૃદયથી લખાય. મારી પાસે હૃદય છે એની મને ખબર જ નહિ. હૃદયરોગનો હુમલો થયો ત્યારે જ જાણ્યું કે હું હૃદય ધરાવું છું. ને એટલે હૃદય પાસેથી કામ લેવાનું શરૂ કર્યું.' બોલી તે મલકી રહ્યા.

'કુમાર'માં વ્યક્તિચિત્રોની લેખમાળા શરૂ કરું છું એ જાણ્યા પછી તેમણે સામેથી કહ્યું : 'વિનોદભાઈ, મેં કેટલાક સાહિત્યકારોના કૅરિકેચર્સ કર્યાં છે એ તમે જાણતા હશો.' 'હા, તમારી પાસે અગાઉ એક વાર મેં જોયાં છે.' 'તમારી ઇચ્છા હોય તો કહેજો; તમારા લેખ સાથે મારાં કૅરિકેચર્સ આપીશ.' તેમણે પ્રેમપૂર્વક કહ્યું.



આ બાબત મેં શ્રી બચુભાઈ રાવતને વાત કરી. તે બોલ્યા : 'તમારા લેખ સાથે શિવ પંડ્યાના કૅરિકેચર્સ આવે તો મઝા આવે; પણ શિવ સાથે પુરસ્કાર બાબત જરા ચોખવટ કરી લેજો.' શ્રી બચુભાઈએ ચોખ્ખી વાત કરી.

પુરસ્કારની વાત કરી એટલે શિવભાઈ હસી પડતાં બોલ્યા : 'પુરસ્કાર ને ! પુરસ્કારમાં બચુભાઇનો પ્રેમ જોઇએ. પૈસામાં મને રસ નથી.'

અને શિવભાઇએ ઝડપથી કૅરિકેચર્સ આપવા માંડયાં. પણ જેટલી ઝડપે તેમણે કૅરિકેચર્સ શરૂ કર્યાં એટલી જ ઝડપે બંધ પણ કરી

દીધાં. એક યા બીજા કારણુસર. આજે લાગે છે કે સાચું કારણ તેમણે છુપાવ્યું'તું. તે થોડાક રહસ્યમય હતા. તે ચોક્કસ જાણી ગયા હશે કે આ શ્રેણીમાં છેક સુધી તે સાથ નહિ આપી શકે. અધવચ્ચે હાથતાળી આપીને છટકી જવું પડશે.

હૃદયના રોગી હોવા છતાં કટોકટીના સમયે તેમણે નિર્ભયપણે કરેલાં કાર્ટૂનોને દાદ આપ્યા વગર રહી શકાય નહિ. પીછીથી તે જબરી દાદાગીરી કરતા. તેમની ચિંતા તેમના કરતાં મિત્રોને વધારે રહેતી. કોઈ પણ પળે જેલમાં જવું પડે—હૃદયરોગ સાથે! તેમનું જોરદાર કાર્ટૂન 'જનસત્તા'માં જોઇને ધ્રાસ્કો પડતો. ફોન પર પૂછી લેતો : 'શિવભાઈ, છો ને?' તે ખડખડાટ હસીને કહેતા: 'તમે ચિંતા ના કરો. મને કશું જ થવાનું નથી.'

એક દિવસ જનસત્તા કાર્યાલય પર તેમને મળવા ગયો. તેમણે ચોકડીવાળું બુશશર્ટ પહેર્યું'તું. એ બુશશર્ટ સામે હું તાકી રહ્યો, એટલે શિવભાઇએ પૂછ્યું : 'કેમ, સારું નથી લાગતું, આ બુશશર્ટ?'

'સારું લાગે છે. રીયાઝ કરો છો? જેલમાં ચોકડીવાળાં કપડાં કેવાં શોભશે એ જોવા આ પહેર્યું છે?' મારી સામે થોડી વાર જોઈ રહ્યા, પછી તે ગંભીરતાથી બોલ્યા : 'વિનોદભાઈ, આમ તો આપણે બધા જેલમાં જ છીએ. પેલા લોકો નાની જેલમાં છે. આપણે મોટી જેલમાં.' તેમની આંખોમાં ભારોભાર વેદના હતી. પછી એકદમ સ્વસ્થ થઈ જતાં બોલ્યા : 'બેસો, ચા આવે છે.' શિવભાઈની કેબિનમાં એક વાર ઘૂસ્યા પછી તાકાત નથી કે ચા પીધા વગર બહાર નીકળી શકાય. તેમનો અવાજ એવો કમાન્ડિંગ કે ના જ પાડી શકાય નહિ. મિત્રોની આવન-જાવન ચાલુ જ હોય. ચાનો દોર પણ વણતૂટ્યો રહે.

શિવભાઈ ઉત્તમ શ્રોતા હતા. બોલે ઓછું, સાંભળે વધારે. વચ્ચેવચ્ચે 'હં...હં...' કરે. મિત્રોની તકલીફને પોતાની તકલીફ સમજી પડખે ઊભા રહે. મિત્રોની વચ્ચે રહેવું તેમને બહુ ગમે. તેમની ઇચ્છા હોય કે ના હોય, મિત્ર કહે : 'ચાલો, શિવભાઈ પિક્ચર જોવા.' તો એ તરત જ કહે: 'ચાલો.' મિત્રોનું દિલ દુભાય એ તેમને પોસાતી વાત નહિ.

અમે બધા 'સંદેશ'માં બેઠેલા, ને શિવભાઈ 'જનસત્તા'માં. આકમે ફોન કર્યો : 'શિવ, ચા પીવા રેડિયો હોટેલ પર આવી જા.'

'હમણાં જ નીકળું છું. જે વહેલો પહોંચે એ હોટેલની બહાર રાહ જુએ.' કહી તેમણે ફોન મૂક્યો.

'સંદેશ'થી રેડિયો હોટેલ પચાસ ડગલાં દૂર. 'જનસત્તા'થી પાંચસો ડગલાં. પણ શિવભાઈ મારતા સ્કુટરે અમારાથી વહેલા પહોંચીને હોટેલની બહાર અમારી વાટ જોતા ઊભેલા. ચા-નાસ્તો કરતાં તેમણે કહ્યું : 'આવતા ગુરુવારે તમે 'જનસત્તા' પાસેની મૈસૂર કાફેમાં આવો—બે વાગ્યે. જે વહેલા પહોંચે તે બહાર રાહ/જુએ.'

હું, શેખાદમ, નિરંજન વગેરે એ ગુરુવારે જવાનું ચૂકી ગયા. શિવભાઈની ચા રહી ગઈ. પણ મને લાગે છે શિવભાઈ એમ નહિ છોડે. સ્વર્ગની કોઈ કાફેની બહાર અમારી વાટ જોતા ઊભા રહેશે. —વિનોદ ભટ્ટ

જીવનરેખા

સ્વ. શિવ પંડયાનો જન્મ વસો મુકામે ઈ. ૧૯૨૮માં થએલો. એમના દાદા શિક્ષક હતા અને પિતા સરકારી દવાખાનું ચલાવતા. સ્વ. રવિશંકર રાવળની ચિત્રશાળામાં શિવભાઇએ ચિત્રકલાના પાઠ સાથે કાર્ટૂનનો કક્કો પણ ઘૂંટવા માંડેલો. એ પછી અમદાવાદમાં 'પ્રભાત' અને મુંબાઈમાં 'વંદે માતરમ્', 'રમકડું', 'ચિત્રલેખા' વગેરેમાં તેમણે કામ કર્યું. 'રમકડું'માં 'ચીચુકાકા'ની એમની ચિત્રવાર્તાએ સારું આકર્ષણ પ્રકટાવેલું. આમ મુંબાઈમાં પગભર થઈ ગયા છતાં તેઓ અમદાવાદ આવતા રહ્યા અને અહીંના 'ગુજરાત સમાચાર'માં જોડાઈ વર્ષો સુધી 'ચીચુકાકા'ની માળા ચલાવેલી. એ પછી 'સંદેશ'માં પણ એમણે કામ કર્યું અને છેલ્લાં સત્તર વર્ષથી તેઓ 'જનસત્તા'માં કામ કરતા હતા. 'જનસત્તા'માં રાજકીય બનાવો પરના દૈનિક કટાક્ષચિત્રો ઉપરાંત એની સાપ્તાહિક પૂર્તિમાં પ્રકટ થતાં રહેલાં. પહેલાં 'મનતરંગ' અને પછી 'શિવતરંગ' શીર્ષક તળેનાં એમનાં વ્યંગચિત્રો બહુ લોકપ્રિય બની રહેલાં. આગળ જતાં એ બંને નામે એ વ્યંગચિત્રોના સંગ્રહો પણ પ્રકટ થએલા.

કૅનૅડામાં મૉન્ટ્રીઅલ ખાતે યોજાતા વિશ્વ કાર્ટૂન મેળામાં એમનાં કટાક્ષચિત્રો પણ રજૂ થએલાં. એ જ રીતે ઍથેન્સમાં ભરાએલા 'ફાસિઝમ' વિરોધી કાર્ટૂનોના પ્રદર્શનમાં પણ એમણે ભાગ લીધેલો. ગુજરાતના પચાસેક જેટલા સાહિત્યકારોનાં એમણે ઠઠ્ઠાચિત્રો પણ કર્યાં છે, જે સંગ્રહરૂપે પ્રકટ થશે ત્યારે એક ઉમદા પ્રકાશન બની રહેવાની ક્ષમતા ધરાવે છે. એમણે તૈયાર કરેલી બે રંગીન બાળ ચિત્રકથાઓ 'ચૂંચુ અને ચાંદો' તથા 'માંકડાની મુસીબત' પણ પ્રકટ થવામાં છે.

અગાઉ હૃદયરોગના હુમલાના કારણે ચારેક માસ એમને ફરજિયાત આરામમાં રહેવું પડ્યું એ દિવસોમાં એમણે કવિતા લખવાની શરૂઆત કરી હતી. અને પછી તો એ દિશામાં પણ તેઓ ઠીકઠીક આગળ વધ્યા. થોડા સમયમાં એમની કાવ્યરચનાઓ પણ પ્રકટ થવાની છે. એના દ્વારા એમના વ્યક્તિત્વના એ એક વધુ પાસાનો પણ અચ્છો પરિચય મળશે. ('જનશક્તિ'માંના શ્રી જયંતી પટેલના લેખ પરથી તારવીને)

બે પ્રાચીન તીર્થસ્થળો: સૂરજકુંડ અને કનકાઈ

ગિરનાર ડુંગરમાળાની ઈશાને ઊંડાણમાં સુવર્ણરેખા નદીને કાંઠે સૂરજકુંડ નામનું એક તીર્થસ્થાન છે. ડુંગરાળ પ્રદેશમાં હોવાથી અને માર્ગની પ્રતિકૂળતાને કારણે એ બહુ જાણીતું નથી. ત્યાં જવા માટે જૂનાગઢ-ભેંસાણ માર્ગ પરના મેંદપરા ગામથી દક્ષિણ તરફ જતા રસ્તે વળીને કરીઆ ગામે પહોંચાય છે. આ કરીઆ નાનકડું ગામ છે, પણ એની પૂર્વમાં એકબીજીની અડોઅડ ત્રણ ટેકરીઓમાં જૂનવાણી ગુફાઓ છે. કરીઆથી પસવાળા ગામ છે જ્યાં હાલ સુવર્ણરેખા નદી ઉપર એક બંધ બંધાઈ રહ્યો છે. પસંવાળાથી આગળનો ડુંગરાળ માર્ગ મોટર જેવાં વાહનો માટે સલામત નથી, પણ એ માર્ગે 'પાટવડનો કોઠો' ને 'ગોઝાર' નામે ઓળખાતો પ્રદેશ વળોટીને સૂરજકુંડ પહોંચાય છે.

સૂરજકુંડના સ્થળે એ નામનો એક કુંડ, એક શિવમંદિર ને ત્યાંના મહંત માટેના રહેણાકનાં બે કાચાં મકાનો જ છે. વારંવારના જીર્ણોદ્ધારના કારણે આ સ્થાનની પ્રાચીનતા ઢંકાઈ જાય છે, પણ વસ્તીથી દૂર ડુંગરાળ પ્રદેશમાં આવા એકાંત સ્થાન પાછળ કંઈક તો ઇતિહાસ હશે જ. અહીં પ્રવેશતાં જ એક ભગ્ન ચોતરો નજરે પડે છે. ૧૨×૭×૧ મીટરના આ ચોતરાની લાંબી પહોળી ઇંટો તથા આસપાસ રખડતા પડેલા એવી જ મોટી ઇંટોના ટુકડા ધ્યાન ખેંચે છે. કુંડની મરામતમાં પણ આવી જ ઇંટો વપરાએલી દેખાય છે. ચોતરાની દક્ષિણે ભૂમિ પર પણ અગાઉ કોઈ સ્થાપત્ય હશે એવાં ચિહ્નો જોવા મળે છે. સામાન્યત: આટલી મોટી ઇંટો મૌર્યકાલીન મનાય છે. સંભવ છે કે અગાઉ અહીં કોઈ બૌદ્ધ વિહાર પણ હોય; કદાચ સ્તૂપ પણ હોય. જો કે અહીં કોઈ બૌદ્ધ પ્રતિમા દેખાતી નથી, છતાં મૌર્યકાલીન અણસાર આપતું આ સ્થળ પુરાતત્વ રસિયાઓમાં રસ જગાડે એવું તો છે જ.

બીજું સ્થળ છે કનકાઈ. આ તરફના પ્રદેશમાં તો એ જાણીતું છે જ અને ત્યાં પહોંચવા માટે બસની સુવિધા પણ છે. જૂનાગઢ, વીસાવદર, સતાધાર, સાસણ વગેરે સ્થળેથી ત્યાં જઈ શકાય છે. અહીંનો વહીવટ એક ટ્રસ્ટને હસ્તક હોઈ અહીં યાત્રીઓ માટે રહેવા-જમવાની સગવડ પણ સુલભ છે. મધ્ય ગિરમાં આવેલું આ સ્થાન તેની આસપાસની પ્રાકૃતિક રમણીયતાને કારણે આકર્ષક છે.

કનકાઈ અથવા કનકેશ્વરી તરીકે ઓળખાતી આ માતા ઉનેવાળ બ્રાહ્મણો અને કપોળ વણિકોની કુળદેવી છે. અહીંના એક લેખ મુજબ હાલ અહીં જે મંદિર છે તે અસલના ભગ્નમંદિરને પાયામાંથી ખોદી

કાઢીને નવેસરથી બનાવેલું છે એટલે આ સ્થાનની પ્રાચીનતાનો ચોક્કસ અંદાજ મેળવવો જરા મુશ્કેલ છે. જો કે મંદિરની આજુબાજુ કેટલીક પ્રાચીન મૂર્તિઓ જોવા મળે છે. પાસે જ એક અજ્ઞાત સતીનો તથા ઊંટ-સવારની કોતરણીવાળો એમ બે જૂના સમયના પાળિયા પણ છે. મંદિરની પાસે જ નીચાણમાં એક નદી વહે છે. જંગલમાં ટેકરીઓની વચ્ચે નદીની પાસે શાંત એકાંતમાં આવેલા આ મંદિરનું સ્થાન ત્યાંના પ્રાકૃતિક સૌન્દર્યને કારણે ઘણું સુંદર લાગે છે. અહીં પણ ઠેરઠેર જોવા મળતી મોટા કદની પ્રાચીન ઈંટો પુરાતત્ત્વવિદોમાં રસ જગાડે છે. આ ઈંટોના કદના આધારે આ સ્થાન ચાવડા કાળનું અનુમાની શકાય. લોકકથા છે છે કે કનકાઈ કે કનકેશ્વરી એ કનકસેન ચાવડાની કુળદેવી હતી ને એણે અહીં એની સ્થાપના કરેલી. અથવા પોતાના નામ પરથી એણે કનકેશ્વરી દેવીનું આ મંદિર બનાવડાવ્યું હોય. એમ તો કનકસેને અહીં કનકાવતી નગરી વસાવેલી એવું યે કહેવાય છે, પણ ચોતરફ ફરતી ટેકરીઓની વચ્ચે એવી કોઈ સંભાવના શક્ય લાગતી નથી, કે એ માન્યતા પ્રતિ દોરી જાય એવું કોઈ ચિહ્ન પણ અહીં મળતું નથી. ચૌદ યક્ષિણીઓમાંની એક 'કનકવતી'નું નામ પણ અહીંના સંદર્ભમાં કદાચ વિચારણીય લેખી શકયા.

ટનકાઈના મંદિરથી થોડે દૂર 'ભૂદરજી'નું સ્થાનક છે. એના વિષે વિચિત્ર માન્યતા પ્રચલિત છે, પણ તેની મૂર્તિ ઉપર લાગેલા સિંદુરના વર્ષો જૂના થપેડાને કારણે તેના અંગે કંઈ નિર્ણય બાંધવો કઠિન છે.

કનકાઇનો ખરો ઇતિહાસ તો જે હોય તે, પણ ગિરપ્રદેશનું આ એક રમણીય સ્થાન તો છે જ. —હરસુર નાગદાન ગઢવી

દીર્ઘાયુ માટે વિશિષ્ટ પ્રયોગ

માણસની ઉંમર જ્યારે વધે છે ત્યારે લોહીનું વહન કરનાર રક્તવાહિનીઓ સાંકડી અને સખત બને છે. તેને સાંકડી ને સખત બનાવનાર પદાર્થનું નામ છે કોલેસ્ટેરોલ. કોલેસ્ટેરોલ શરીર માટે અત્યંત ઉપયોગી છે. પણ જ્યારે તેનું પ્રમાણ વધે છે ત્યારે જ તે અવરોધરૂપ બને છે. કોલેસ્ટેરોલનું વધારે પ્રમાણ હૃદયરોગ, પક્ષઘાત, લોહીનું ઊંચું દબાણ ને એવા અનેક રોગનું કારણ બને છે. લોહીની નસોને કૂણી અને કાર્યક્ષમ રાખવી હોય તો કોલેસ્ટેરોલનું પ્રમાણ લોહીમાં વધવું ન જોઈએ.

એક કળીનું લસણ લેવું. (એક કળીનું લસણ એટલે દરેક ગાંઠિયામાં ફક્ત એક જ મોટી કળી હોય. એવી ચારથી પાંચ કળી લઈને દૂધમાં ઉકાળવી. લસણ પોચું પડે, બફાઈ ગએલું લાગે એટલે દૂધ ઉતારીને ગાળી લેવું. દૂધ ઠંડું પડે પછી પી જવું અને લસણની કળીઓ ખાઈ જવી. આ પ્રયોગ રોજ સવારે કરનાર માણસ ઘણા રોગથી બચી શકે છે. તેની રક્તવાહિનીઓ કૂણી રહે છે અને લોહી શુદ્ધ રહે છે. વૃદ્ધાવસ્થા મોડી આવે છે. આ એક અનુભવસિદ્ધ પ્રયોગ છે. લસણનો આ પ્રયોગ કરનારને લોહીનું દબાણ પણ નૉર્મલ રહે છે અને શરીરમાં કાયમ સ્ફૂર્તિ રહે છે. એક વ્યક્તિને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. છેલ્લાં વીસ વર્ષથી તે આ પ્રયોગ કરે છે. બીજો હુમલો આવ્યો નથી. શરીર તંદુરસ્ત છે.

લસણના પ્રયોગ જેવો જ બીજો એક ચણાનો પ્રયોગ પણ નોંધી રાખવા જેવો છે. આર્ટિરિયો સ્ક્લેરોસિસ અથવા તો લોહીની નસોને સખત બનતી અટકાવવા માટે ચણા ઉપયોગી છે. ઘોડાને ચંડીમાં ચણા આપવામાં આવે છે. ચણાથી તેની રક્તવાહિનીઓ સરસ રહે છે અને શરીરમાં ચપળતા રહે છે. દોડતી વખતે તેને શ્વાસ ચડતો નથી. ભારતીય કુસ્તીબાજો પરાપૂર્વથી ચણામાં રહેલ ચમત્કારી ક્ષારોથી જાણકાર છે. કસરતબાજો ચણાને ઘણું મહત્ત્વ આપે છે. રાત્રે માત્ર એક મૂઠી ચણા લઈને ગરમ પાણીમાં પલાળી દો. વહેલી સવારે જાગીને દરેક ચણાને ચાવીને, ફોતરાં સહિત ખાઓ. ચણાનાં ફોતરાં બહુ જ અગત્યનાં છે. તેને ફેંકી ન દેશો. જેઓને ચણા આ રીતે માફક ન આવે તેઓએ શરૂમાં માત્ર પાંચ કે સાત દાણા ચણા પલાળીને લેવા જોઈએ. પંદર દિવસ

લીધા પછી તેમાં પાંચ ચણાનો ઉમેરો કરવો. આ રીતે વધારતાં વધારતાં છ-સાત મહિને એક મૂઠી ચણા સુધી પહોંચવું.

આ પ્રયોગ નિત્ય કરનાર માનવીની રક્તવાહિનીઓ, હૃદય ને મગજ સ્વસ્થ અને કાર્યક્ષમ રહે છે. દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે.

('સ્વસ્થ માનવ') —ગંગાધર દવે

ગંઠોડા: એક શ્રેષ્ઠ દીપન–પાચન દ્રવ્ય

'દીપન' એટલે જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર અને 'પાચન' એટલે કાચા રસ (આમ)નું પાચન કરનાર. જે દ્રવ્ય આ બે ક્રિયાઓ કરી શકે એ દ્રવ્યનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું. એ રીતે 'ગંઠોડા' એક ઘણું જ મૂલ્યવાન દ્રવ્ય છે. એનું એક નામ 'પીપરીમૂળ' છે. પીપર (લીંડીપીપર)ની જડ (મૂળ) તે પીપરીમૂળ, ગંઠોડા જેમ કદમાં મોટા અને વજનદાર તેમ વધુ ગુણદાયી. 'ગંઠોડા'ને નામે ગાંધીઓ ઘણી વાર પીપરનાં હલકાં ડાંખળાં વેચતા હોય છે. 'ગંઠોડા' શબ્દ જે વર્ણન આપે છે તે પ્રમાણે 'ગંઠોડા' 'ગાંઠાવાળા' હોવા જોઈએ.

ગંઠોડા દીપન, તીખા, ઉષ્ણ, પાચન, હલકા (પચવામાં) છે, લૂખા ને પિત્તકારક છે. દસ્તને ભેદનાર છે અને કફ, વાયુ, પેટના રોગ, આફરો, બરોળ, ગોળો, કૃમિ, શ્વાસ તથા ક્ષયને મટાડનાર છે. આફરો, ગોળો એવા વિકારો હોય, જઠરાગ્નિ મંદ થઈ ગયો હોય, પાચન થતું ન હોય, આવા રોગોમાં દર્દી જો આહારનો એક કે બે ટંક ત્યાગ કરીને સૂંઠ નાખીને ઉકાળેલું પાણી પીએ અને સવારે, બપોરે, સાંજે ત્રણ–ચાર ગ્રામ જેટલું ગંઠોડાનું ચૂર્ણ મધમાં મેળવીને ચાટી જાય તો ત્વરિત લાભ થાય. આવા વિકારોથી અવારનવાર પીડિત દર્દીઓએ પછી તેલ–ઘી–મીઠાઈ છોડી દેવાં, સમયસર તાજી, હલકી રસોઈ જમવી અને મળશુદ્ધિ બરાબર ન થતી હોય તો તે માટે રાતે ૫ ગ્રામ હરડેના ચૂર્ણમાં બે ગ્રામ ગંઠોડાનું ચૂર્ણ મેળવીને ફાકી લેવી. એનાથી મળ અને વાયુનું અનુલોમન થશે.

ગંઠોડા ઉષ્ણુ હોઈ કફનો નાશ કરે છે. જેમને મોંમાંથી કફ પડતો હોય તેવા દર્દીઓએ તેલ–ઘી–મીઠાઈ બંધ કરી દેવાં. સૂંઠ નાખીને ઉકાળેલું પાણી પીવું. અને દવામાં બહેડાં તથા ગંઠોડાના સમભાગ બનાવેલા ચૂર્ણમાંથી સવારે–સાંજે પાંચ પાંચ ગ્રામ ચૂર્ણ મધમાં મેળવીને ચાટી જવું. પેટ સાફ ન આવતું હોય તો ઉપર પ્રમાણે પાંચ ગ્રામ હરડેના ચૂર્ણમાં બે ગ્રામ ગંઠોડાનું ચૂર્ણ મેળવીને રાતે સૂતી વખતે ફાકી જવું.

જેમને વાયુ ઉપર ચડી જતો હોય અને મોટેથી ઓડકાર આવતા હોય એમને સવારે, બપોરે, સાંજે ત્રણ ત્રણ ગ્રામ ગંઠોડાનું ચૂર્ણ મધમાં ચાટવાની સલાહ છે. ખોરાકમાંથી તેલ–ઘી–મીઠાઈ–ફરસાણ છોડી દેવાં.

(જનશક્તિ) —લાભશંકર ઠાકર

ફ્રાંસમાં મુસલમાનો

રોમન કૅથૉલિક પછી ફ્રાંસમાં આજે સૌથી વધુ વ્યાપક ધર્મ ઈસ્લામનો છે. ત્યાંના સત્તર જેટલા પ્રાંતોમાં જે કાયમી મસ્જિદો છે તેમાં દર શુક્રવારે પાંચ-છ હજાર મુસલમાનો નમાજ માટે એકઠા થાય છે અને રમજાન પછી ઈદ અલ ફિત્ર જેવા તહેવારમાં તો એથી યે બમણા લોકો આવે છે ને જગ્યાના અભાવે મસ્જિદ બહાર શેરીઓમાં નમાજ પઢે છે.

ફ્રાંસમાં અંદાજે ૧૪૦ લાખ જેટલા કૅથોલિક ધર્મીઓ, ૨૦ લાખ મુસ્લિમો, ૧૨,૫૦,૦૦૦ પ્રોટેસ્ટન્ટ પંથીઓ, ૯,૦૦,૦૦૦ યહૂદીઓ ને ૮૦,૦૦૦ જેટલા બૌદ્ધો છે. બીજા વિશ્વયુદ્ધ અગાઉ તો ત્યાં એટલા ઓછા મુસ્લિમો હતા કે જેની સંખ્યાની સત્તાવાર નોંધ રાખવી પણ જરૂરી નહોતી ગણાતી. પણ યુદ્ધ પછી વિદેશની ફ્રેંચ વસાહતોમાંથી સંખ્યાબંધ મુસલમાનો અહીં આવીને વસવા લાગ્યા. ઈ. ૧૯૫૪થી ૧૯૭૦ દરમિયાન એવા હિજરતીઓનો પ્રવાહ વધતો જ રહેલો. એમાંના ઉચ્ચ શિક્ષણ પામેલા થોડા બાદ કરતાં મોટા ભાગના તો લગભગ અશિક્ષિત કે અલ્પશિક્ષિત કામદારો જ છે.

દાયકાનું યાદગાર વાચન
૧૯૫૧–૧૯૬૦
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

૧૯૫૧ થી ૧૯૬૦નાં દસ વરસો દરમીઆન આપણાં સામયિકોમાં પ્રગટ થયેલાં હજારો લખાણોમાંથી વીણેલાં પાણીદાર મોતી જેવાં પચીસેક કાવ્યો, પંદર વારતાઓ અને લગભગ પચાસ લેખો અહીં સંઘરાયેલાં છે. વરસો પછી પણ તે ફરી ફરીને વાંચવાની તથા પ્રિયજનોને વંચાવવાની હોંશ થાય તેવાં છે.

'મિલાપ'ના ૨૦૦મા અંકમાં (ઑગસ્ટ ૧૯૬૬) તે પ્રથમ રજૂ થયેલાં ને સાથે જ પુસ્તકરૂપે બહાર પડેલાં. ઘણા વખતથી અપ્રાપ્ય એ પુસ્તકનું પુનર્મુદ્રણ

૧૯૭૮ની ગાંધી-જયંતીએ બહાર પડશે.

કીમત રૂ. ૧૫

લગભગ ૫૦૦ પાનાંના, પાકા પૂઠાના આ પુસ્તકની આજના ધોરણે કિંમત રૂ. ૨૫ થાય, તેને બદલે ફક્ત રૂ. ૧૦માં તે ઘેરબેઠાં મેળવવું હોય તો

મિત્રો સાથે મળીને પાંચ કે વધુ નકલોની આગોતરી કીમત આજે જ મોકલો.

☆

મિત્રો પાસેથી રૂ. ૧૦ લેખે ઉઘરાવેલી રકમમાંથી વ્યવસ્થા-ખર્ચના ૧૦ ટકા કાપીને બાકીની રકમ મોકલનાર સંયોજકને સરનામે પુસ્તકની નકલો સામટી પ્રકાશકને ખર્ચે રેલ-પારસલથી રવાના થશે.

•


પુસ્તકની ફક્ત ૩,૦૦૦ નકલ છપાય છે માટે, જેમને એક નકલ જોઈતી હોય તેઓ પણ રૂ. ૧૫ (+ ટપાલ-રવાનગીના રૂ. ૩) મોકલીને વરધી નોંધાવી દે.

[પ્રકાશન પછી લોકમિલાપના ભાવનગર કે અમદાવાદના કાર્યાલયમાંથી જેઓ પોતાની નકલ રૂબરૂ મેળવી શકે, તેમણે ટપાલ-ખર્ચ મોકલવાની જરૂર નથી.]

લોકમિલાપ ટ્રસ્ટ

પો. બો. ૨૩ (સરદારનગર), **ભાવનગર ૩૬૪-૦૦૧**
વિદ્યાપીઠ-ખૂણો, આશ્રમ રસ્તો, **અમદાવાદ ૩૮૦-૦૧૪**

આ માસના આકાશમાં



હાલના આકાશમાં (જો વાદળ નડતાં ન હોય તો) આકાશગંગા ઈશાનથી નૈઋર્ત્ય તરફ ઢળતી દેખાય છે. એના પટમાં 'ધનુ' પછી હવે આપણે તેની ઉપર ઝળૂંબતાં બીજાં તારામંડળો જોઈએ. એમાં પ્રથમ જોઈએ સર્પધર (Ophiuchus) મંડળ આ મંડળમાં સર્પધર એટલે કે ગારુડી અને (સર્પ) (Serpens) ના આકારની કલ્પના છે. જો કે આકાશગંગામાં મુખ્યત્વે તો માત્ર સર્પની પૂછડી—'સર્પપુચ્છ' (Cauda)-નો ભાગ જ ઝબોળાતો દેખાય છે, જ્યારે એ સર્પનું મુખ—સર્પમુખ (Caput) વાયવ્ય તરફ વળાંક લઈ છેક 'કિરીટ' તારામંડળ નજીક પહોંચેલું છે. આ સર્પ ઉપર પોતાના બે પગ મૂકીને સર્પધર ઊભો હોય એવો આ તારામંડળનો આકાર કલ્પ્યો છે.

સર્પધરના મસ્તકના સ્થાને એક ચળકતો તારો (Ras-Al-hange) છે. સર્પધરના બંને ખભાના સ્થાને બે ઝાંખા તારા છે. તેમાંના ડાબા ખભા પાસેના તારાની નજીક યર્કીઝ ઑબ્ઝર્વેટરીના એક ખગોળશાસ્ત્રી એડવિન બાર્નાર્ડે, ઈ. ૧૯૧૬માં એક અજબ તારો ખોળી કાઢ્યો હતો. પૃથ્વીથી ૫.૯ પ્રકાશવર્ષ દૂરનો એ અત્યંત ઝાંખો તારો 'બાર્નાર્ડ' નામે જ ઓળખાય છે. એ સૂર્ય કરત ૧/૨૩૦૦ જેટલો જ તેજસ્વી છે, પણ દર સેકંડે ૧૨૦ કિ. મી.ના વેગથી અવકાશમાં ગતિ કરી રહ્યો છે. એની આવી અસ્વાભાવિક ગતિ વિષેનો વધુ અભ્યાસ કરતાં જણાયું છે કે એ ગતિમાં પણ વિક્ષેપ પડે છે અને એ વિક્ષેપનું કારણ એની આજુબાજુ પ્રદક્ષિણા કરી રહેલા ગ્રહને કારણે છે. વધુ તપાસ કરતાં પીટર વાન ડી કૅમ્પ નામના ખગોળશાસ્ત્રીએ એવું તારણ કાઢ્યું છે કે બાર્નાર્ડની આજુબાજુ એક નહિ પણ બે ગ્રહ ફરતા હોવા જોઈએ અને એ બંને ગ્રહો લગભગ આપણા 'ગુરુ' ગ્રહ જેટલા દળના હશે. એમાંનો એક ૨૬ વર્ષે અને બીજો ૧૨ વર્ષે બાર્નાર્ડની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી કરે છે. આ અંગેની નિશ્ચિત માહિતીઓ શોધાતાં તો હજી થોડાં વર્ષો લાગશે.

સર્પધર તારામંડળમાં '૭૦-સર્પધર'ની સંજ્ઞાથી ઓળખાતા તારાને પણ એક ગ્રહ હોવાનું ખગોળશાસ્ત્રીઓ માને છે. જો કે આ તારો પોતે યુગ્મતારો છે, પણ તેને એક નિસ્તેજ નાનો સાથીદાર પણ છે. ગ્રહની વ્યાખ્યા પ્રમાણે એને આપણે ગ્રહ ગણી શકીએ. આપણા 'ગુરુ' કરતાં ૧૧ ગણું દ્રવ્ય આ તારામાં છે. સર્પધર તારામંડળના વિસ્તારમાં કેટલાંક તારાગુચ્છો અને એક નિહારિકા પણ પ્રખ્યાત છે.

સર્પધરની પૂર્વે તરફ આકાશગંગા પર ઊડી રહેલા ગરુડ સમું એક સુંદર તારામંડળ છે. એનું નામ પણ 'ગરુડ' (Aquila) છે. આ ગરુડની આંખના સ્થાને એક ઝગમગતો તારો એ એનું આકર્ષણ છે. એ તારાને આપણે 'શ્રવણ' (Altair) કહીએ છીએ. એની બે બાજુએ જે બે તારા છે એને આપણે શ્રવણની કાવડમાં બેઠેલાં એનાં અંધ માતા-પિતા કલ્પીએ છીએ. આ ત્રણે તારા સાથેનું નક્ષત્ર એ ૨૭માંના શ્રવણ નક્ષત્રનું જૂથ પણ ગણાય છે. અંધ માબાપની તૃષા છિપાવવા શ્રવણ જાણે એમને આકાશગંગાને તીરે લઈ આવ્યો છે.

શ્રવણ તારો સૂર્ય કરતાં દસ ગણી છે. વ્યાસવાળો સૂર્યથી યે મોટો આ શ્રવણ પોતાની ધરી પર માત્ર સાડા સાત કલાક જેટલા સમયમાં એક ચક્કર પૂરું કરી નાખે છે. એની આ ઝડપના કારણે એનો વિષુવવૃત્તીય વ્યાસ એના ધ્રુવીય વ્યાસ કરતાં દોઢ ગણો વધી ગએલો છે. હજી યે જો આથી વધુ ઝડપે ઘૂમવા લાગે તો તૂટીને એ યુગ્મ તારો બની જાય. જો કે અત્યારે પણ એને એક બહુ નાનો એવો એક સાથીદાર તો છે જ, એટલે પછી એ જોડીના બદલે ત્રિપુટી બની રહે.

ગરુડ ને સર્પની પૂછડીની વચ્ચે 'ઢાલ' (Scutun) નામનું એક નાનું તારામંડળ છે. એમાંના પહેલા તારા ને ગરુડની પૂછડી પાસે 'મે-૧૧' નામનું એક તારાગુચ્છ જાણીતું છે. જો કે એમાંના તારાઓ બહુ ઝાંખા છે.

—બિહારીલાલ ટાંક

ગણિતગમ્મત

આ એક એવી ગણિતગમ્મત છે કે જેના દ્વારા નવ (૯) વર્ષથી મોટી ઉમરની વ્યક્તિ પોતાની વય છુપાવવા માગે તોપણ તે જાણી શકાય છે. આ માટે સામી વ્યક્તિને તેની વય ન પૂછતાં તેને—

એની ઉમર કરતાં ૧૦ ગણી રકમમાંથી, એને મનપસંદ કોઈ પણ એક એકઅંકી સંખ્યાને ૯ વડે ગુણી જે જવાબ આવે તે બાદ કરવાનું કહો, અને એમ કરતાં જે રકમ આવે તે જણાવવાનું કહો. એ જે રકમ કહે તેમાંથી તમે એકમનો અંક કાઢી લો અને પછી બાકી રહેતી રકમમાં એ ઉમેરો. જે જવાબ આવશે એ એની ઉમર કહી દેશે. બે ઉદાહરણ લઇએ: (૧) ધારો કે સામી વ્યક્તિની વય ૪૧ વર્ષ છે, ને એની પસંદગીની એક અંકસંખ્યા ૬ છે. તો–૪૧×૧૦=૪૧૦–(૬×૯)=૪૧૦–૫૪=૩૫૬

આ ૩૫૬ની સંખ્યા એ તમને કહે છે. તમે ૩૫૬માંથી એકમનો ૬ કાઢી લો તો બાકી રહી તે સંખ્યા ૩૫ થઈ. કાઢી લીધેલી એકમ સંખ્યા ૬ આ ૩૫માં ઉમેરો (૩૫+૬). જવાબ ૪૧, જે એ વ્યક્તિની વય છે.

(૨) ધારો કે વ્યક્તિની વય ૯૦ ને એણે પસંદ કરેલી એકઅંકી સંખ્યા ૩ છે. તો- ૯૦×૧૦=૯૦૦-(૩×૯)=૯૦૦–૨૭=૮૭૩. એમાંથી એકમનો ૩ કાઢી ૮૭માં ઉમેરતાં વયના વર્ષની સંખ્યા (૮૭+૩) ૯૦ મળશે.

—કિશોર ન. ગોરધનદાસ

સૂકા ખરજવા પર

જેમને સૂકું ખરજવું હોય એને માટે એક પ્રયોગ છે: એક માપસરનું બટાટું બાફીને એની છાલ કાઢીને નવશેકું બટાટું બે હથેલીમાં દબાવીને આકૃતિમાં પોટિસ જેવું કરીને ખરજવા પર મૂકી ચુસ્ત પાટો બાંધી દેવો. આ રીતે સવારે સ્નાનશુદ્ધિ પછી બટાટું બાંધી દેવું તે બીજે દિવસે સવારે છોડવું. દિવસે ન ફાવે તો રાતે બાંધવું ને આખી રાત રાખવું. આ પ્રયોગ ધીરજ રાખીને ઓછામાં ઓછા એક મહિના સુધી તો કરવો જ. આ બાહ્ય પ્રયોગની સાથે રોજ રાતે 'સ્વાદિષ્ટવિરેચન ચૂર્ણ'ની ફાકી લેવાથી ઝડપથી ફાયદો થાય છે. આ ચૂર્ણ રેચક છે. ચૂંક લાવીને એકબે પાતળા ઝાડા એનાથી થાય છે. આ ચૂર્ણ ઉત્તમ રક્તશોધક ચૂર્ણ છે. એનાથી કશું નુકસાન નથી એમ અસંખ્ય અનુભવોને આધારે કહી શકાય. ચામડીના રોગીઓ માટે તો એ આશીર્વાદ સમાન છે.

સૂકા ખરજવાના દરદીઓએ પ્રયોગની સાથે મીઠાઈ અને ખાટા પદાર્થો છોડી દેવા. તેલ પણ શક્ય તેટલું ઓછું વાપરવું.

(સમર્પણ) —વૈદ્ય પુનર્વસુ

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૧/૧૯૦૭ હિંદુસ્તાનમાં નિકલનો એક આનાનો સિક્કો ચલણમાં મુકાયો. એક રૂપિયાના સોળ આના અને એક આનાના ચાર પૈસા ત્યારે ગણાતા હતા. આજના નવા બે પૈસાથી કદમાં જરા મોટો અને એના જેવી કાંગરીવાળો એ સિક્કો તો હવે ચલણમાં નથી, પણ હજી વાતચીતમાં પ્રમાણ દર્શાવવા પૂરેપૂરા હિસ્સા માટે 'સોળ આની' અને એ જ રીતે અર્ધા હિસ્સા માટે 'આઠ આની', પા માટે 'ચાર આની' વગેરે શબ્દપ્રયોગોમાં એનું ચલણ રહ્યું છે.

તા. ૨/૧૭૬૫ નબળી પડેલી મુઘલાઇનો લાભ લઈ વરસે ૨૬ લાખ રૂપિયા આપવાના બદલામાં ક્લાઇવે શાહ આલમ બીજા પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાનગીરી મેળવી.

તા. ૫/૧૯૨૪ મુસ્લિમ હોવા છતાં તુર્કસ્તાને પોતાના દેશમાંથી બહુપત્નીત્વનો રિવાજ દૂર કર્યો.

તા. ૯/૧૮૧૫ ફ્રાન્સના સમ્રાટ નેપોલિયનને કેદ કરીને અંગ્રેજોએ એને સેન્ટ હેલિના મોકલ્યો.

વ્યક્તિવિશેષ

તા. ૧૦/૧૮૬૦ ઉત્તર હિંદુસ્તાની સંગીતના સ્વતંત્ર અને બહોળા વિકાસના ભેખધારી પ્રો. વિષ્ણુ નારાયણ ભાતખંડેનો રત્નાગિરિના વેળણેશ્વર ગામમાં જન્મ. વડીલોના અણગમા છતાં એમણે સંગીતના પ્રાચીન ગ્રંથો દ્વારા તથા તત્કાલીન ઉસ્તાદો પાસેથી સંગીતનું ઊંડું જ્ઞાન મેળવ્યું. થોડો સમય વકાલત કરી, પણ પછી એ છોડી દઈ જીવનભર સંગીતના ઉત્કર્ષ માટે ભારતભરનો પ્રવાસ કરી સખ્યાબંધ સંગીતકારો સાથે ચર્ચાવિચારણા કરીને 'હિંદુસ્તાની સંગીત-પદ્ધતિ' તથા 'ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિ'ના દળદાર અને અત્યંત અભ્યસનીય ગ્રંથો પ્રકટ કર્યા. 'ચતુર પંડિત'ના ઉપનામે એમણે 'શ્રી મલ્લક્ષ્ય સંગીતમ્' નામનું એક પુસ્તક સંસ્કૃત ભાષામાં પણ રચ્યું. સંગીતની પ્રાચીન હસ્તપ્રતો મેળવીને પ્રકટ કરવી, સંગીતના અર્વાચીન પ્રવાહને સમજાવતાં પુસ્તકો બહાર પાડવાં, સંગીત-પરિષદો યોજવી અને સંગીતની શાળા-કૉલેજો સ્થાપવી એ એમની સંગીતલક્ષી વિવિધ પ્રવૃત્તિઓમાંનાં મુખ્ય કાર્યો હતાં.

તા. ૧૨/૧૬૦૨ અકબરના પ્રિય મિત્ર અબુલ ફઝલનું શાહજાદા સલીમે ખૂન કરાવ્યું.

તા. ૧૫/૧૯૦૮ ગાંધીજીએ આફ્રિકામાં હિંદીઓનો પ્રથમ ઐતિહાસિક સત્યાગ્રહ શરૂ કરાવ્યો. અહિંસા દ્વારા જ હિંદુસ્તાનની આઝાદી હાંસલ કરવાની ઝૂંબેશ પણ એમણે અહીં આ જ માસમાં—તા. ૧, ૧૯૨૦માં આરંભી હતી.

તા. ૧૬/૧૮૮૩ ભારતમાં આધ્યાત્મવાદને પુનઃ જાગ્રત કરનાર રામકૃષ્ણ પરમહંસનું અવસાન.

પ્રસંગવિશેષ

તા. ૨૩ / ૧૬૯૦ ભવિષ્યમાં જ્યાં ભારતનું મહાનગર કલકત્તા વિકસ્યું તે મુકામે અંગ્રેજો માટે એક વસાહત વિકસાવવા ઈસ્ટ ઇંડિયા કંપનીના એક કર્મચારી જૉબ ચાર્નોકનું આગમન. અહીં આવ્યા પછી એણે બહુ થોડા સમયમાં સારી જમાવટ કરી દીધી અને તેના પરિણામે નજીકના કલિકાતા અને ગોવિંદપુરનો પણ વિકાસ થવા લાગ્યો. મુઘલ-અંગ્રેજ વિગ્રહ પછી હુગલીના હિંદુ વેપારીઓ પણ ત્યાં આવીને વસ્યા. અહીં નદીમાં છેક કિનારા સુધી જહાજો આવી શકતાં હોઈ એ જલમાર્ગે ઉત્તર ભારત સાથે વેપાર કરવાની સુગમતા હતી. વળી, બાહ્ય આક્રમણની દૃષ્ટિએ પણ આ સ્થળ વધુ સલામત હતું. આમ, અનેક રીતે દીર્ઘદૃષ્ટિ વાપરીને અંગ્રેજોએ આ સ્થળ પસંદ કરેલું. આગળ જતાં નજીવી કિંમતે એમણે આ ત્રણે ગામો ખરીદી લીધાં. પલાસીના વિજયમાં હાથ લાગેલી નવાબની દોલતથી આ સ્થાનનો વિકાસ ઝડપી બન્યો અને અંતે ત્યાં વિકસેલું કલકત્તા ઈ. ૧૯૧૨ સુધી બ્રિટિશ હિંદનું પાટનગર બની રહેલું.

તા. ૨૪ / ૭૯ ઈટાલીમાં વિસુવિયસ જ્વાળામુખી એકાએક ફાટવાથી એની તળેટીમાં વસેલાં હર્ક્યુલિયમ અને પૉમ્પીઆઈ નગરોનો નાશ થયો. જ્વાળામુખીનો આથી યે વધુ ભયાનક એક બીજો વિસ્ફોટ પણ આ જ માસની ૨૭મી તારીખે ઈ. ૧૮૮૩માં ક્રકતાવમાં થએલો, જેના પરિણામે ૧૮ ચો. મા.ના એ ટાપુના ૨/૩ ભાગના ફુરચા ઊડી જઈ ત્યાં હજારો ફૂટ ઊંડાં સાગરજળ ફરી વળ્યાં, આથી જાગેલા ખળભળાટથી પચાસ ફૂટથી યે વધુ ઊંચાં ઊઠેલાં સમુદ્રનાં મોજાંના જુવાળમાં જાવા-સુમાત્રાનાં ૩૦૦ જેટલાં ગામડાં ધોવાઈ ગયાં, ને ૩૫૦૦૦ લોકો માર્યા ગયા. અને છેલ્લે આવા જ ભયાનક બીજા બે ધડાકા થએલા—બીજા વિશ્વયુદ્ધના વખતમાં ૧૯૪૫ના આ જ માસની ૬ઠ્ઠી અને ૯મી તારીખે. ત્યારે અમેરિકાએ જાપાનનાં બે શહેરો હીરોશિમા ને નાગાસાકી પર અણુબૉમ્બ ફેંકી તેનો નાશ કરેલો.



નવનીતલાલ પોતાની એકની એક છોકરીને મુંબાઈ ભણવા મોકલવામાં મહામહેનતે પોતાનાં પત્નીની સંમતિ મેળવી શક્યા. મુંબાઈથી દીકરીના કાગળો નિયમિત આવતા. તેમાં થોડા મહિના પછી દીકરીએ લખ્યું: 'પિંગપૉંગ ઉપર તો હું મુગ્ધ છું.'

એ સાંભળીને નવનીતલાલનાં પત્ની ભભૂકી ઊઠ્યાં: 'લ્યો, ફટવો દીકરીને! હું નહોતી કહેતી કે એ કાંઈક નવાજૂની કરશે? હવે એ કોઈ ચીનાના પ્રેમમાં પડી લાગે છે!'

~

એક પહેલવાન જેવા માણસે બગીચામાં ઊભેલા એક સળેકડા જેવા માણસને ધક્કો માર્યો. પેલા સળેકડાએ ગુસ્સાથી પૂછ્યું: 'તેં જાણી જોઈને ધક્કો માર્યો કે મજાકમાં?'

'જાણી જોઈને'. પહેલવાને જવાબ દીધો.

'તો ઠીક; નહિતર આપણને મજાક પસંદ નથી.' સળેકડો બોલ્યો.

~

મોટરનો એક પણ ભાગ એવો ન હતો કે જે ભયંકર અવાજ કરતો ન હોય. અને અધૂરામાં પૂરું અંદરના ત્રણે જણ કાને જરા બહેરા હતા. ગાડી જ્યારે એક શહેર નજીક પહોંચવા આવી ત્યારે એક જણ બોલ્યો: 'લાગે છે કે સૂરત આવી રહ્યું છે.'

બીજાએ કહ્યું: 'આજ તો બુધવાર થયો.'

'બરાબર છે;' ત્રીજાએ કહ્યું: 'અહીં જ રોકાઈ જઈએ. તરસ તો મને પણ લાગી છે.'



સ્વ. 'શિવ' (જનસત્તા)

સર્વ દિવસ સરખા નથી, દુઃખદાયક પણ કોઈ;
સુખ ભોગવીએ સર્વ તો દુઃખ પણ લઈએ જોઈ.


અંગત ખર્ચમાં કરકસર કર્યા વિના રાજવહીવટમાં કરકસર આવી નથી શકતી એવું ચુસ્તપણે માનતા કચ્છ નરેશ ખેંગારજીના જીવનની સાદાઈ અને કરકસર અન્ય રાજવીઓમાં દાખલારૂપ ગણાતાં. એક વાર શિયાળામાં ખૂબ ઠંડી વખતે ગરમ બંડીની જરૂર પડતાં રાજ્યદરજીને બોલાવી પોતાની જૂની કાશ્મીરી શાલ આપી તેમાંથી બે બંડી સીવી આપવાનું કહેતાં આભા બનેલા દરજીને એમણે કહ્યું : 'દીકરા-દીકરીઓને આનો ઉપયોગ કરવાનું કહેતાં કોઈ તૈયાર ન થયું. એટલે મેં ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું. વસ્તુને કાંઈ નાખી થોડી જ દેવાય છે?'

કહેવત : 'બધું ગામ ઘોરે ત્યારે ઘેલી ઘેંશ ઓરે'—વેતા વિનાનાં માણસો સામાન્ય વ્યવહારથી જુદા પડે, સમય ન સાચવે વગેરે તેની ઊણપો ને વિચિત્રતાઓ ટકોરતી કહેવત.

ગણિતગમ્મત

૯×૯=૮૧
૯૯×૯૯=૯૮૦૧
૯૯૯×૯૯૯=૯૯૮૦૦૧
૯૯૯૯×૯૯૯૯=૯૯૯૮૦૦૦૧
૯૯૯૯૯×૯૯૯૯૯=૯૯૯૯૮૦૦૦૦૧

અને આમ ગમે ત્યાં સુધી આગળ વધારવામાં ડાબી બાજુ ૯નો આંક અને ૮ ને ૧ની વચ્ચે ૦નો આંક વધારતા જવા. (નૌતમ વખારિયા)



છબિની પાછળ નીચેના ભાગમાં કાચકાગળના બે નાના ટુકડા, કરકરો ભાગ ઉપર રહે તે રીતે, ચોડવાથી છબિ ભીંત પર લપસીને વાંકી ન થઈ જતાં સીધી ચોંટી રહેશે.

અનેકાર્થી શબ્દ : વા=વાયુ, પવન; તરંગ કે ફાંટો (ઉદા. વા આવે તેમ કરવું); મગરૂબી (મગજમાં વા ભરાયો છે); શરીર પર ગડગૂમડ નીકળવાનો કે સાંધા રહી જવાનો રોગ; જીવ અથવા પ્રાણ; કે, અથવા, કિંવા, યા.

અંક સંદર્ભ—આઠ : અષ્ટાંગ યોગ-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ.

दत्ते भरं कुसुम-पत्र-फलावलीनाम्
घर्म-व्यथां वहसि शीत-भवां रुजं च ।
यो देहमर्पयति चान्य-सुखस्य हेतोः
तस्मै वदान्य-गुरवे तरवे नमस्ते ॥

વૃક્ષ પત્ર, પુષ્પ અને ફળોનો ઉપહાર આપે છે, છાયા વડે ગરમીને તે દૂર કરે છે, ઈંધન વડે ઠંડીના કષ્ટને દૂર કરે છે. બીજાના સુખ માટે પોતાના દેહને અર્પણ કરનાર હે ત્યાગશીલ વૃક્ષ, તમને અમારા નમસ્કાર.

પંદર વર્ષની ઉંમરે મને ડાબા પગની ટચલી આંગળી પાસે એક મોટી કપાસી થએલી. મારા પિતાશ્રીએ મને તે પર દેશી નળિયાનો ટુકડો ઘસવા જણાવેલું. હું રોજ સવારે અને સાંજે નળ પાસે બેસી પાણીવાળો પગ કરી નળિયાનો ટુકડો ૧૦ થી ૧૫ મિનિટ સુધી ઘસતો, અને આશ્ચર્ય સાથે આશરે દોઢથી બે માસમાં મારી કપાસી બિલકુલ મટી ગઈ. એ વાતને આજે ૩૫ વર્ષ થયાં છતાં ફરી મને કપાસી થઈ નથી. (સમર્પણ) —વૈદ્ય પુનર્વસુ પર એક વાચક

ડુંગળીનો રસ ચોપડવાથી છરી-ચપ્પુની ધાર પર ચડેલો કાટ ઊખડી જાય છે.




ટિકિટકથા : આ વર્ષની અમેરિકાની પહેલી ખાસ ટિકિટ કવિ કાર્લ સૅન્ડબર્ગની જન્મશતાબ્દી તથા એમનાં કાવ્યો 'હૉર્ન હસ્કર્સ' માટે ૧૯૧૮માં પહેલી વાર મળેલા 'પુલિત્ઝર પ્રાઈઝ'ની ૬૦મી જયંતી નિમિત્તની હતી. એમણે લખેલા અબ્રાહમ લિંકનના ચરિત્ર માટે ૧૯૪૦માં બીજી વાર તથા ૧૯૫૦માં ત્રીજી વાર એમનાં કાવ્યો માટે એ ઈનામ એમને મળેલું. આ ટિકિટનું ડિઝાઈન એમના મિત્ર વિલિયમ એ. સ્મિથે કરેલું છે, જેમાં ૨૫ વર્ષ પહેલાં એણે કરેલા કાર્લ સૅન્ડબર્ગના એક સ્કેચ તથા એમના હસ્તાક્ષરનો ઉપયોગ કર્યો છે.

ભાદરવે વાવવાનાં શાકભાજી

મોગરી, ટમેટાં, ફણસી, ગાજર, બીટ, મૂળા, લેટ્યુસ, નોલકોલ, ટર્નિપ, ડુંગળી, વાલોળ, ફ્લાવર, વટાણા.

ચોખ્ખાઈ ! ચાના કપમાંથી વાળ કાઢતાં કંદોઈ સાવજ મા'રાજે હોટેલના પોરિયાને ધમકાવી કાઢયો, અને પછી ચા પીને કપાળ પરનો પરસેવો આંગળી વડે કડાઈના તેલમાં છંટકોરીને ચકાસી જોયું, તેલ ગરમ થયું કે નહિ ?
—શ્રવણ સોની



સાગરના પેટાળમાં દુનિયાની સમગ્ર વસ્તીને—અને કદાચ ભાવિ વસતિ-વધારાને પણ પહોંચી વળે એટલો ખોરાક માછલી, અન્ય જળચરો અને વનસ્પતિના રૂપમાં પડયો છે. ધરતીના એક એકરની તુલનામાં સાગરનો એક એકર ઘણું વધુ ઉત્પાદન કરી શકે છે.

કોલસા અંધારામાં રાખવા ફાયદાકારક છે; તડકાને લીધે એમાં ચીરાડો પડવાથી એ જલદી બળી જાય છે.



કલાકણિકા : મેક્સિકોની પ્રાચીન મય સંસ્કૃતિના ઉત્તર કાલના એક પાત્ર પરનું આલેખન છે તો એમના કોઈ દેવનું ચિત્ર, પણ એની સાંકેતિક રજૂઆતમાં આગવી કલાત્મકતા છે.

આઝાદી સાથે અંત્યોદય માટે ગુજરાતનો પુરુષાર્થ

ગુજરાત સરકારે શોષિત તથા આર્થિક રીતે નબળા વર્ગોના ઉત્થાન માટે તેમજ સામાજિક ન્યાય સાથે વિકાસના લક્ષ્ય પર આધારિત અંત્યોદય માટે સામાજિક-આર્થિક નવરચનાને વેગવંતી બનાવવાનો વચનબદ્ધ કાર્યક્રમ અમલમાં મૂક્યો છે.

- રાજ્યના વિવિધ વિસ્તારોના સંતુલિત વિકાસ માટે અપનાવાયેલી વિશિષ્ટ વ્યૂહ રચનામાં પછાત વિસ્તારો અને પછાત વર્ગોના વિકાસને અપાયેલું પ્રાધાન્ય.
- આશરે ૫૦૦ મે.વો. જેટલી વધુ સ્થાપિત વિદ્યુત-શક્તિ ઊભી કરવાના અને ૮.૦૦૦ જેટલાં ગામોનું વીજળીકરણ પૂરું કરવાનો હાથ ધરાયેલો કાર્યક્રમ. ૬૮૭ હરિજનવાસોમાં વીજળી પહોંચાડાઈ, ૪૮૮ હરિજનવાસોના વીજળીકરણનો કાર્યક્રમ હાથ ધરાયો. ચાલુ વર્ષે ૧,૨૦૦ ગામો અને ૨૨,૫૦૦ કૂવાઓના વીજળીકરણનું કાર્ય ઉપાડાયું.
- ગ્રામ અને પછાત વિસ્તારોના ઔદ્યોગિકરણને વેગ આપવા ઔદ્યોગિક પ્રોત્સાહનની નવી નીતિ જાહેર કરાઈ.
- ૨૪ જેટલી રોજગારીઓમાં લઘુતમ વેતન દરો મુકરર કરવામાં આવ્યા. કામદારોને વેતન તફાવતના રૂા. ૭.૭૦ લાખ વધુ મળ્યા. ખેતમજૂરોને રૂા ૨.૮૩ લાખનો વેતન તફાવત મળ્યો.
- આર્થિક રીતે નબળા વિભાગો માટે ગૃહનિર્માણની યોજનાને વેગ અપાયો.
- વૈજ્ઞાનિક ધોરણે લાંબા ગાળાની જમીન અંગેની નીતિના ઘડતર માટે ભૂમિ પંચની રચના કરાઈ.
- ભૂમિહીન ખેતમજૂરો અને નબળા વર્ગના લોકોને ૩.૨૯ લાખ જમીનના પ્લોટો ફાળવાયા, જેમાં અનુસૂચિત જાતિના લોકોને ૬૫,૫૦૦ પ્લોટ અને અનુસૂચિત જનજાતિના લોકોને ૯૬.૦૦૦ પ્લોટો અપાયા.
- ગ્રામ પાણી-પૂરવઠા કાર્યક્રમને અગ્રતા આપી ચાલુ વર્ષ માટેની રૂા. ૬ કરોડની જોગવાઈમાં રૂા. એક કરોડનો વધારો કરવામાં આવ્યો.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમા મતાધિકાર માટેની વયમર્યાદા ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષની કરવાનો નિર્ણય
- લઘુમતીઓ માટેની ઉચ્ચાધિકાર સમિતિની પુનર્રચના કરાઈ.
- આયોજન બોર્ડની પુનર્રચના કરાઈ.
- પૂર્ણ રોજગારીના ધ્યેયને સિદ્ધ કરવા ૨૦ જેટલાં પસંદ કરાયેલા ઘટકોમાં ખાસ કાર્યક્રમોનું આયોજન અપનાવાયુ
- બેરોજગારીની સમસ્યા હલ કરવા રોજગારવૃદ્ધિ બોર્ડની રચના કરાઈ.
- હરિજનોના હિતોના રક્ષણ માટે વિધાન સભાના હરિજન સદસ્યોની સમિતિની નિમણૂક વગેરે પગલાં લેવાયાં. હરિજનોને કોઈપણ પ્રકારની કનડગત ન થાય તે માટે પોલીસતંત્રને સાબદું બનાવાયું.
- જાહેર સેવા પંચના અધ્યક્ષ તરીકે એક હરિજનભાઈની તથા સભ્ય તરીકે એક આદિવાસી પ્રાધ્યાપકની નિયુક્તિઓ કરવામાં આવી.
- સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ઉત્કર્ષ માટે બક્ષી પંચે કરેલી ભલામણોનો સર્વાંશે સ્વીકાર.

